| 15. | કનૈયાલાલ મુનશી | 'આમુખ આપણી સાર્વભૌમ લોકતાંત્રિક ગણરાજ્યનું ભવિષ્યફળ અથવા જન્મકુંડળી (Political Horoscope) છે.' |
| 16. | એમ. હિદાયતુલ્લા | 'આમુખ અમેરિકાની સ્વતંત્રતાની ઘોષણા (Declaration of Independence)સમાન છે, પરંતુ આ એક ઘોષણાથી પણ કંઈક વધુ છે. આ આપણા બંધારણનો આત્મા છે, જેમાં આપણી રાજનીતિક સમાજની રીત-ભાતને દર્શાવવામાં આવી છે. આમાં ગંભીર સંકલ્પ સામેલ છે, જેને એક ક્રાંતિ જ બદલી શકે છે.' |

DEMO COPY

**✍ નોંધ**

ભાગ–7 સમાપ્ત (Part VII Repealed ) : ભાગ 7માં રજવાડાંઓને લગતી જોગવાઈઓ હતી, પરંતુ હાલમાં રજવાડાં અસ્તિત્વમાં નથી, તેથી ભાગ 7ને રદ કરવામાં આવ્યો છે. 1956 સુધીમાં દરેક રજવાડાંઓને સંબંધિત રાજ્યોમાં ભેળવી દેવામાં આવ્યાં છે.

Table : 17.6

| કેટલાક રાજ્યોના પાટનગરોના નામમાં પરિવર્તન | | | |
|---|---|---|---|
| 1. | કેરળનું પાટનગર ત્રિવેન્દ્રમ | તિરુવનંતપુરમ્ | 1991 |
| 2. | મહારાષ્ટ્રનું પાટનગર બોમ્બે | મુંબઈ | 1996 |
| 3. | તમિલનાડુનું પાટનગર મદ્રાસ | ચેન્નઈ | 1996 |
| 4. | પશ્ચિમ બંગાળનું પાટનગર કલકત્તા | કોલકાતા | 2001 |
| 5. | કર્ણાટકનું પાટનગર બેંગ્લોર | બેંગ્લૂરુ | 2006 |

Table : 17.7

| વર્ષ 2020માં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો | | | |
|---|---|---|---|
| રાજ્ય | | | |
| 1. | આંધ્રપ્રદેશ | 15. | મણિપુર |
| 2. | અરૂણાચલ પ્રદેશ | 16. | મેઘાલય |
| 3. | અસમ | 17. | મિઝોરમ |
| 4. | બિહાર | 18. | નાગાલેન્ડ |
| 5. | છત્તીસગઢ | 19. | ઓડિશા |
| 6. | ગોવા | 20. | પંજાબ |
| 7. | ગુજરાત | 21. | રાજસ્થાન |
| 8. | હરિયાણા | 22. | સિક્કિમ |
| 9. | હિમાચલ પ્રદેશ | 23. | તમિલનાડુ |
| 10. | ઝારખંડ | 24. | તેલંગણા |
| 11. | કર્ણાટક | 25. | ત્રિપુરા |
| 12. | કેરળ | 26. | ઉત્તરાખંડ |
| 13. | મધ્ય પ્રદેશ | 27. | ઉત્તરપ્રદેશ |
| 14. | મહારાષ્ટ્ર | 28. | પશ્ચિમ બંગાળ |
| કેન્દ્રશાસિત પ્રદેશ | | | |
| 1. | આંદમાન અને નિકોબાર ટાપુઓ | 5. | લક્ષદ્વીપ |
| 2. | ચંદીગઢ | 6. | પુડુચેરી |
| 3. | દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ | 7. | જમ્મુ–કશ્મીર |
| 4. | રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી | 8. | લદ્દાખ |

DEMO COPY
YUVA

⇨ **વિજયથી (Conquest) :** યુદ્ધ કે અન્ય રીતે વિજય પ્રાપ્ત કરીને અન્ય રાજ્યક્ષેત્રને ભારતમાં સમાવવા.

⇨ **સંધિ કરીને (By Agreement) :** બીજા રાજ્યક્ષેત્ર સાથે સંધિ કરીને તેના પરની સત્તાનું ભારત સરકારને હસ્તાંતરિત કરીને.

⇨ **અર્પણવિધિ દ્વારા (Cession) :** અર્પણવિધિ (Cession) એટલે કોઈ રાજ્યક્ષેત્રના સત્તાધારી પોતાની સત્તાનું હસ્તાંતરણ ભારત સરકારને કરે. જેમ કે સિક્કિમે તેની સત્તાનું હસ્તાંતરણ કર્યું. 35 મા બંધારણીય સુધારા મુજબ સિક્કિમને સંઘ રાજ્યોનો દરજ્જો આપવામાં આવ્યો તથા 36 મા બંધારણીય સુધારા મુજબ પૂર્ણ રાજ્યોનો દરજ્જો અપાયો. તેના પરિણામ સ્વરૂપ જે તે રાજ્યક્ષેત્ર ભારતનો ભાગ થઈ જશે.

⇨ **અર્જીત (મેળવેલું) (Acquisition) :-**
સંવિધાન (36મું સંશોધન) અધિનિયમ, 1975 (સિક્કિમને ભારત સંઘમાં જોડવામાં આવ્યું.)

- અનુચ્છેદ 2A અંતર્ગત સિક્કિમ એક માત્ર એવું રાજ્ય હતું જે સ્વતંત્ર દેશ હતો પરંતુ 36મા બંધારણીય સુધારા 1975 અંતર્ગત સિક્કિમનો ભારતીય સંઘમાં અન્ય રાજ્ય સમકક્ષ સમાવેશ કરવામાં આવ્યો.

❒ **અનુચ્છેદ 3 :- નવા રાજ્યોની રચના અને અસ્તિત્વ ધરાવતાં રાજ્યોના વિસ્તારો, સરહદો અથવા નામોમાં ફેરફાર (Formation of new states and alternation of areas, boundaries or names of existing states)**

⇨ **આ અનુચ્છેદ અંતર્ગત સંસદ નીચેના ફેરફાર કરી શકે છે :-**

1. કોઈ રાજ્યમાંથી પ્રદેશ અલગ પાડીને અથવા બે કે વધારે રાજ્યોના ભાગોને જોડીને અથવા કોઈ પ્રદેશને કોઈ રાજ્યના ભાગ સાથે જોડીને નવું રાજ્ય રચી શકે છે.
2. કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકશે.
3. કોઈ રાજ્યનો વિસ્તાર ઘટાડી શકશે.
4. કોઈપણ રાજ્યની હદો (સીમા) માં ફેરફાર કરી શકશે.
5. કોઈપણ રાજ્યના નામમાં ફેરફાર કરી શકશે.

⇨ **ભારતીય રાજ્યક્ષેત્ર હેઠળના રાજ્યોના નામ, ક્ષેત્ર તેમજ સીમા પરિવર્તન કરવાનો અધિકાર સંસદને આપવામાં આવ્યો છે. તે સંસદને નવા રાજ્ય નિર્માણની શકિત આપે છે. તે મુજબ,**

1. કોઈ રાજ્યનું રાજ્યક્ષેત્ર અલગ કરીને જેમ કે પંજાબથી હરિયાણા, મુંબઈથી ગુજરાત, ઉત્તરપ્રદેશથી ઉત્તરાખંડ, મધ્યપ્રદેશથી છત્તીસગઢ વગેરે.
2. બે કે તેથી વધારે રાજ્યો કે રાજ્યના ભાગોનો સમાવેશ કરીને. જેમ કે ભોપાલ, મધ્યભારત અને વિંધ્યપ્રદેશને મળાવીને મધ્યપ્રદેશ બન્યું, અજમેરનું રાજસ્થાનમાં વિલય થયું.

**અનુચ્છેદ-3 અંતર્ગત નવા રાજ્યો, રાજ્યોની સીમાઓ, નામમાં ફેરફાર કરવાની પ્રક્રિયા**

રાષ્ટ્રપતિની પૂર્વ અનુમતિ (પ્રસ્તાવ)
↓
સંબંધિત રાજ્યને મોકલાય છે.
↓
રાજ્ય વિધાનમંડળમાં આ પ્રસ્તાવ મૂકશે
(રાજ્ય પ્રસ્તાવ પર વિચાર કરવા બાધ્ય નથી.)
↓
વિધાનમંડળ પોતાના વિચારો રાષ્ટ્રપતિને મોકલશે.
↓
વિધાનમંડળની સમય મર્યાદા પૂર્ણ થતાં વિધાનમંડળ વિચારણા સાથેનો ખરડો રાષ્ટ્રપતિને પરત કરે અથવા ના કરે તો પણ રાષ્ટ્રપતિ ખરડો સંસદમાં રજૂ કરશે.
(સંસદ રાજ્ય વિધાનમંડળના વિચારો માનવા બંધાયેલ નથી)
↓
સંયુક્ત બેઠકની જોગવાઈ નથી.

| લોકસભા | રાજ્યસભા |
|---|---|
| ↓ | ↓ |
| સામાન્ય બહુમતી (હાજર રહી મતદાન કરનારા સભ્યના 50% મત) | સામાન્ય બહુમતી (હાજર રહી મતદાન કરનારા સભ્યના 50% મત) |

→ રાષ્ટ્રપતિ ←
↓
આ ખરડો રાષ્ટ્રપતિ પુનઃ વિચાર માટે મોકલી શકતા નથી, હસ્તાક્ષર માટે બાધ્ય છે. પરંતુ સમય સીમા નિર્ધારીત નથી.

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

- બંધારણના **અનુચ્છેદ-239(2)** અન્વયે રાષ્ટ્રપતિ કોઈ રાજ્યના રાજ્યપાલને નજીકના કોઈ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર તરીકે નિયુક્ત કરી શકે છે. તેમ છતાં આ વહીવટદાર પોતાનાં કાર્યો મંત્રીપરિષદથી સ્વતંત્ર રીતે કરે છે.
- આમ, વહીવટદાર રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે હોય છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોની ધારાકીય સત્તાના સંબંધમાં સંસદ સર્વોપરી છે. જે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા આવેલી છે તેવા પ્રદેશોની રાજ્યસૂચિને સંબંધિત વિષયો બાબતે પણ સંસદ સર્વોપરી છે.
- જે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા આવેલી નથી તેવા પ્રદેશોમાં શાંતિ, પ્રગતિ અને વહીવટ માટે રાષ્ટ્રપતિને કાયદો બનાવવાની સત્તા છે, પરંતુ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનસભા હોય તો રાષ્ટ્રપતિ પોતાની કાયદો બનાવવાની સત્તાનો ઉપયોગ કરી શકતા નથી. પરંતુ જ્યારે વિધાનમંડળ મોકૂફ કે વિખેરાઈ જાય ત્યારે ફરી રાષ્ટ્રપતિ સર્વસત્તાધીશ બને છે.

## ❒ કેન્દ્રશાસિત પ્રદેશની રચનાના કારણો

- દિલ્હી અને ચંદીગઢની રચના રાજકીય તથા વહીવટી કારણોથી થઈ હતી.
- ગોવા, દાદરા અને નગર હવેલી, પુડુચેરી, દીવ–દમણની રચના સાંસ્કૃતિક ભિન્નતાના કારણથી થઈ.
- અંદમાન–નિકોબાર ટાપુ, લક્ષદ્વિપ ની રચના યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિએ વ્યૂહાત્મક (Straegic) મહત્વના કારણથી થઈ હતી.
- હિમાચલ પ્રદેશ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમ અને અરૂણાચલ પ્રદેશના પછાત અને આદિવાસી લોકોની વિશેષ સંભાળ માટે કેન્દ્રશાસિત પ્રદેશનો દરજ્જો આપવામાં આવ્યો હતો. હાલમાં તે રાજ્યો છે.
- જમ્મુ કાશ્મીર અને લદ્દાખની રચના રાષ્ટ્રીય એકીકરણના કારણથી થઈ.

## ❒ કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉચ્ચ ન્યાયાલય

બંધારણના અનુચ્છેદ 241 અનુસાર સંસદ કાયદાકીય રીતે કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉચ્ચ ન્યાયાલયનું ગઠન કરી શકે છે, અથવા કોઈ કેન્દ્રશાસિત પ્રદેશને કોઈ રાજ્યની વડી અદાલતના ક્ષેત્રાધિકારમાં સમાવી શકે છે. જેમકે પંજાબ અને હરિયાણા બંને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ, આમ ત્રણેયનું સંયુક્ત ઉચ્ચ ન્યાયાલય ચંદીગઢ ખાતે આવેલું છે.

- આ જ પ્રમાણે લક્ષદ્વીપને કેરળના ઉચ્ચ ન્યાયાલયના ક્ષેત્રાધિકારમાં, અંદમાન-નિકોબાર દ્વીપસમૂહને કોલકાતાના ક્ષેત્રાધિકારમાં, પુડુચેરીને ચેન્નઈના ક્ષેત્રાધિકારમાં સમાવવામાં આવ્યા છે.
- એક માત્ર કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીને 1996 થી એક અલગ ઉચ્ચ ન્યાયાલય છે.

Table : 18.1

| ક્રમ | કેન્દ્રશાસિત પ્રદેશ | પાટનગર | કારોબારી | ધારાસભા | હાઈકોર્ટ | સ્થળ |
|---|---|---|---|---|---|---|
| 1. | અંદમાન અને નિકોબાર | પોર્ટબ્લેર | ઉપરાજ્યપાલ | - | કોલકાત્તા | કોલકાત્તા |
| 2. | દીવ દમણ અને દાદર નગર હવેલી | દમણ | પ્રશાસક | - | બોમ્બે | મુંબઈ |
| 3. | પુડુચેરી | પુડુચેરી | (ક) ઉપરાજ્યપાલ<br>(ખ) મુખ્યમંત્રી<br>(ગ) મંત્રી પરિષદ | વિધાનસભા | મદ્રાસ | ચેન્નઈ |
| 4. | લક્ષદ્વીપ | કવરત્તી | પ્રશાસક | - | કેરળ | કોચી |
| 5. | ચંદીગઢ | ચંદીગઢ | પ્રશાસક | - | પંજાબ, હરિયાણા | ચંદીગઢ |
| 6. | રાષ્ટ્રીય રાજધાની, દિલ્હી | દિલ્હી | (ક) ઉપરાજ્યપાલ<br>(ખ) મુખ્યમંત્રી<br>(ગ) મંત્રી પરિષદ | વિધાનસભા | દિલ્હી | નવી દિલ્હી |
| 7. | જમ્મુ કાશ્મીર | શ્રીનગર (ઉનાળામાં), જમ્મુ (શિયાળામાં) | (ક) ઉપરાજ્યપાલ<br>(ખ) મુખ્યમંત્રી<br>(ગ) મંત્રી પરિષદ | વિધાનસભા | જમ્મુ કાશ્મીર | જમ્મુ, શ્રીનગર |
| 8. | લદ્દાખ | લેહ | ઉપરાજ્યપાલ | - | જમ્મુ કાશ્મીર | જમ્મુ, શ્રીનગર |

### 📖 અગત્યના તથ્યો

- બ્રિટિશ કાળમાં 1874 માં કેટલાક ક્ષેત્રોમાં **અનુસૂચિત જિલ્લાઓ** (Schedule District) બનાવવામાં આવ્યા. તેમને પછીથી **મુખ્ય કમિશનરના પ્રાંત** કહેવામાં આવ્યા. સ્વતંત્રતા બાદ તેમને C અને D શ્રેણીના રાજ્યોમાં સામેલ કરવામાં આવ્યા. 1956 માં **7 મા બંધારણીય સુધારા** દ્વારા તેમને કેન્દ્રશાસિત પ્રદેશ નામ આપવામાં આવ્યું.

DEMO COPY

YUVA UPNISHAD
PUBLICATION

રંગીન આવૃત્તિ

# ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

## Latest 2020, Second Edition

AVAILABLE NOW




Pg: 396 ₹ 330

### પુસ્તકની વિશેષતાઓ

- ઘણા પ્રકરણોનું પુનઃલેખન
- દ્રશ્યકળા, પ્રદર્શનકળા, ગુજરાતની સંસ્કૃતિ તથા વિવિધ પાસાઓના પ્રકરણોનું વર્ગીકરણ
- ટેબલ, ચાર્ટ અને ચિત્રો દ્વારા વિષયવસ્તુની સરળ સમજૂતી
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના (GCERT અને NCERT) દ્વારા પ્રકાશિત નવા પાઠયપુસ્તકો તથા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત પરીક્ષાલક્ષી વિષયવસ્તુની વર્ણનાત્મક રજુઆત
- GPSCના અભ્યાસક્રમ મુજબ પરંપરાગત વિષયો સાથે નવા મુદ્દાઓનો સમાવેશ
- અગાઉની પરીક્ષામાં પુછાયેલા તેમજ મહાવરા માટેના 850થી વધુ હેતુલક્ષી પ્રશ્નોનો સમાવેશ
- GPSCની અગાઉની મુખ્ય પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોનો સમાવેશ

YUVA UPNISHAD
PUBLICATION

2nd Floor, Ankur Shopping Center,
Near Gujarat Gas Circle,
Adajan, Surat. Mo: 99094 49289

Follow us on :

/ Yuva Upnishad Foundation

| ADAJAN | UDHNA | NAVSARI | VALSAD | VYARA | GODHRA | JUNAGADH |
|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 90994 42310 | 99094 39971 | 74348 39380 | 74054 97591 | 88662 51051 |

(b) તેના માતા–પિતા પૈકીનું કોઈ એક ભારતમાં જન્મ્યા હોય, અથવા

(c) બંધારણ અમલમાં મૂકાયું તે પહેલા છેલ્લા પાંચ વર્ષથી ભારતમાં રહેતા હોય.

તેને આપો–આપ જ ભારતનું નાગરિકત્વ આપવાની જોગવાઈ છે.

**2. સ્થળાંતર દ્વારા નાગરિકત્વ (Migration)**

⇨ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલ એવી વ્યક્તિ કે જેના માતા–પિતા અથવા પોતે પૈકીના કોઈપણ કે જે અવિભાજ્ય ભારત (પાકિસ્તાન સહિત) માં જન્મ્યા હોય, અને **19 જૂલાઈ, 1948 ના રોજ કે પહેલા** પાકિસ્તાનના પ્રદેશમાંથી ભારતીય પ્રદેશમાં સ્થળાંતર થયાં હોય અને નોંધણી કરાવી હોય.

⇨ નોંધણી કરાવ્યા પછી **6 મહિના કે તેથી વધુ** સમયના વસવાટ બાદ તેઓને નાગરિક ગણવામાં આવ્યા હતા.

**3. વિદેશવાસી ભારતીયોને નાગરિકત્વ (Indian Origin Residing Outside India)**

⇨ વિદેશમાં રહેતી ભારતીય વંશની વ્યક્તિ પોતે અથવા તેના માતા–પિતા કે દાદા–દાદી પૈકીનાં કોઈપણ ભારતમાં જન્મેલ હોય, તો જે તે દેશની ભારતીય એલચી કચેરીમાં અરજી કરીને ભારતનું નાગરિકત્વ મેળવી શકે છે અને તે માટે ભારતમાં અધિવાસ હોવુ જરૂરી નથી.

❒ **અનુચ્છેદ-5 : બંધારણ લાગુ થયા સમયે ભારતીય નાગરિકતા**

⇨ કોઈ વ્યકિત કે જે ભારતનો મૂળ નિવાસી હોય અને નીચેના ત્રણમાંથી કોઈપણ એક શરત પૂરી કરે તે ભારતનો નાગરિક બની શકે,

(a) જેનો જન્મ ભારતીય પ્રદેશમાં થયો હોય, અથવા

(b) તેના માતા-પિતામાંથી કોઈ એકનો જન્મ ભારતીય પ્રદેશમાં થયો હોય, અથવા

(c) જે બંધારણના અમલ પહેલા **ઓછામાં ઓછા 5 વર્ષ સુધી** ભારતના રાજ્યક્ષેત્રમાં હંગામી રીતે નિવાસી તરીકે રહ્યા હોય, તે દરેક વ્યકિત ભારતનો નાગરિક ગણાશે.

| અનુચ્છેદ - 5 | જે વ્યકિત ભારતનો મૂળ રહેવાસી છે અને નીચેની 3 માંથી કોઈ એક શરત પૂરી કરે છે તેને ભારતનો નાગરિક ગણવામાં આવશે. |
|---|---|

| અનુચ્છેદ - 5(a) | અનુચ્છેદ - 5(b) | અનુચ્છેદ - 5(c) |
|---|---|---|
| જો તેનો જન્મ ભારતમાં થયો હોય. | તેના માતાપિતામાથી કોઈ એકનો જન્મ ભારતમાં થયો હોય. | બંધારણ લાગુ થયાના પહેલા ઓછામાં ઓછા 5 વર્ષથી ભારતમાં રહેતો હોય. |

> ✍ **નોંધ**
>
> NRI **(બિન નિવાસી ભારતીય) અને વિદેશમાં વસતા ભારતીયો પરોક્ષ મતદાન કરી શકશે.** NRI **માટે પ્રોક્સી મતદાનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે કેન્દ્ર સરકારે લોકપ્રતિનિધિત્વ ધારામાં સુધારો કરતું વિધેયક દાખલ કર્યુ છે.**

❒ **અનુચ્છેદ-6 : પાકિસ્તાનમાંથી ભારતમાં સ્થળાંતર કરી આવેલી કેટલીક વ્યકિતઓના નાગરિકતા હક.**

⇨ જો કોઈ વ્યકિત પાકિસ્તાનથી ભારત આવેલ હોય અને જો તેના માતા–પિતામાંથી કોઈ એકનો અથવા તેના દાદા–દાદીમાંથી કોઈ એકનો જન્મ **ભારત શાસન અધિનિયમ,** 1935માં વ્યાખ્યા કરાયા પ્રમાણેના ભારતમાં થયો હોય અને નીચેનામાંથી કોઈ એક શરત પૂરી કરે તો તે ભારતનો નાગરિક બને શકે છે,

(i) જો તે **19 જુલાઈ, 1948 પહેલા** સ્થાળાંતર કરેલ હોય અને ત્યારબાદ સામાન્ય રીતે ભારતીય પ્રદેશમાં નિવાસ કરતા હોય, અથવા

(ii) **19 જુલાઈ, 1948 તારીખે અથવા તે પછી** આ રીતે સ્થળાંતર કર્યું હોય અને હિંદ ડોમિનિયનની સરકારે નક્કી કરેલ નમૂનામાં અને તે રીતે સરકારે આ કાર્ય માટે નીમેલા અધિકારીને આ સંવિધાનના આરંભ પહેલાં તે માટે આપેલી અરજી ઉપરથી એ અધિકારીએ જેને ભારતના નાગરિક તરીકે નોંધ્યા હોય, તેને, આ સંવિધાનના આરંભે ભારતના નાગરિક ગણવામાં આવશે :

પરંતુ જે વ્યકિતએ અરજી કર્યાની તારીખ પહેલાના **ઓછામાં ઓછા છ મહિના** સુધી ભારતના રાજ્યક્ષેત્રમાં નિવાસ કર્યો ન હોય, તેની આ રીતે નોંધણી કરવામાં આવશે નહિ. આવા વ્યકિતએ **નોંધણી કર્યા અગાઉ 6 મહિના** સુધી ભારતમાં રહેવું જરૂરી છે.

| <u>અનુચ્છેદ - 6 પાકિસ્તાનથી ભારત સ્થળાંતર કરનારને નાગરિકતા</u><br>જો કોઈ વ્યકિત પાકિસ્તાનથી ભારત આવ્યો હોય અને તેનો અથવા તેના માતા–પિતા, દાદા–દાદી કે નાના–નાની માંથી કોઈ એકનો જન્મ અવિભાજિત ભારતમાં થયો હોય (ભારત શાસન અધિનિયમ, 1935 પ્રમાણે) અને | |
|---|---|
| 19 જુલાઈ, 1948 પહેલા પાકિસ્તાનથી ભારતમાં આવેલ હોય ત્યારબાદ ભારતમાં સ્થાયી હોય તો ભારતનો નાગરિક બની શકશે. | 19 જુલાઈ, 1948થી બંધારણ લાગુ થયું ત્યા સુધી પાકિસ્તાનથી ભારતમાં આવેલ હોય અને સતત 6 મહિના ભારતમાં રહીને ભારતીય નાગરીકતા માટે નોંધણી કરાવીને ભારતનો નાગરિક બની શકશે. |

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

## નાગરિકતા (સુધારા) અધિનિયમ, 2015

6 જાન્યુઆરી 2015 ના દિવસે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નાગરિકતા (સુધારા) કાયદો 2015 થી સંબંધિત ખરડાને મંજૂરી આપી હતી, આ ખરડા અંતર્ગત ભારતીય નાગરિક કાયદો 1955 માં નીચે મુજબના સુધારાઓ કરવામાં આવ્યા છે.

i. આ ખરડા દ્વારા **PIO (People Of Indian Origin)નો OCI (Overseas Citizen Of India) કાર્ડમાં વિલય** કરી દેવામાં આવ્યો, વિલય પછી હવે PIO કાર્ડ ધારકોને પણ OCI કાર્ડધારકો જેવી સુવિધાઓ મળશે, OCI કાર્ડ ધારકો ને આજીવન વિઝા અને ભારતમાં કામ કરવાની પરવાનગી હોય છે.

ii. આ ખરડામાં મૂળ ભારતીય લોકોને **આજીવન વિઝા** આપવા અને ભારતમાં તેમની દરેક યાત્રા દરમિયાન તેમને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાની શરતમાંથી છૂટ આપવાની જોગવાઈ કરી છે.

iii. કલમ 7(A) અંતર્ગત નોધાયેલ પ્રવાસી ભારતીયના પતિ/પત્ની અથવા ભારતીય નાગરિકના પતિ/પત્ની ને માટે પ્રવાસી ભારતીય નાગરિક તરીકે નોંધણી કરવાનો અધિકાર રહેશે અને જેમના લગ્ન 2 વર્ષના સમયગાળા સુધી નોંધાયેલ હોય અથવા 2 વર્ષના સમયગાળા સુધી છૂટાછેડા ન થયા હોય તેઓ આ કલમ અંતર્ગત અરજી કરી શકે છે.

iv. ઉલ્લેખનીય છે કે ઘણા બધા અપ્રવાસી ભારતીયો દ્વારા તેમની ભારત યાત્રા દરમિયાન સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હાજરી આપવા બાબતે સરકારમાં ફરીયાદ નોધવામાં આવેલી હતી, જેના લીધે સરકારે ભારતીય નાગરિકતા કાયદો 1955 માં સુધારો કરવાનો નિર્ણય લીધો.

**v.** ભારતીય નાગરિકતા કાયદો 1955માં ભૂમિ અધિગ્રહણ, કાર્યમુક્તિ, સંકટ, ભારતીય નાગરિકતાની ઓળખાણ તથા અન્ય સંબંધિત જોગવાઈઓ છે.

**vi.** આ કાયદા અંતર્ગત જન્મ, પેઢી, નોંધણી, વિશેષ પરિસ્થિતિમાં સ્થળનો વિલય અથવા કોઈ સ્થળમાં સામેલ કરવાની સાથે જ નાગરિકતા સમાપ્ત થવી અને સંકટના સમયમાં ભારતની નાગરિકતા આપવામાં આવે છે.

## નાગરિકતા (સુધારા) અધિનિયમ, 2019

⇨ 19 જુલાઈ, 2016 ના દિવસે નાગરિકતા સુધારા 2016 થી સંબંધિત ખરડો લોકસભામાં પસાર કરવામાં આવ્યો. પરંતુ આ ખરડો કાયદો બની શક્યો નહિ.

⇨ 11 ડિસેમ્બર 2019ના રોજ ભારતની સંસદમાંથી નાગરિકતા (સુધારા) બિલ, 2019 (Citizenship Amendment Bill-CAB) પસાર કરવામાં આવ્યું, જેને 12 ડિસેમ્બર, 2019ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં તે **નાગરિકતા (સુધારા) અધિનિયમ, 2019 (Citizenship Amendment Act-CAA)** બન્યો છે.

⇨ આ બિલ દ્વારા 'નાગરિકતા અધિનિયમ, 1955(The Citizenship Act, 1955) માં સુધારો કરવામાં આવ્યો છે.

⇨ આ અધિનિયમ દ્વારા નીચે આપેલા આધારો પર ગેરકાયદેસર સ્થળાંતર કરનાર વ્યક્તિઓને વર્ગીકૃત કરવામાં આવેલ છે.

1. મૂળ દેશ
2. ધર્મ
3. ભારતમાં પ્રવેશની તારીખ
4. ભારતમાં નિવાસનું સ્થાન

⇨ આ બિલની જોગવાઈ અનુસાર,

(i) અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ કે પાકિસ્તાનના હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયની કોઈપણ વ્યકિત જે 31 ડિસેમ્બર, 2014 ના રોજ અથવા તે પહેલાં ભારતમાં પ્રવેશ કર્યો હોય અને જેને ભારત સરકાર, પાસપોર્ટ (ભારતમાં પ્રવેશ) અધિનિયમ, 1920, ફોરેનર્સ એક્ટ (વિદેશી અધિનિયમ), 1946 કે અન્ય કોઈ કાયદાની જોગવાઈઓ હેઠળ મુકિત આપવામાં આવી હોય તેઓને ગેરકાયદેસર સ્થળાંતર કરનાર (Illegal Immigrants) તરીકે ગણવામાં આવશે નહી અને ભારતની નાગરિકતા આપવામાં આવશે.

(ii) તેઓ 5 વર્ષ કે તેથી વધુ સમયથી ભારતમાં વસવાટ કરતા હોવા જોઈએ. (નાગરિકતા અધિનિયમ, 1955 મુજબ ભારતની નાગરિકતા પ્રાપ્ત કરવા માટે દેશીયકરણ દ્વારા આવેદન કર્યાની તારીખથી 12 મહિના પહેલા સુધી ભારતમાં સતત વસવાટ અને આ 12 મહિના પહેલા 14 વર્ષમાંથી 11 વર્ષ ભારતમાં વસવાટ કરેલ હોવો જોઈએ. આ સુધારા દ્વારા દેશીયકરણની અવધિની 11 વર્ષની મર્યાદા ઘટાડીને 5 વર્ષ કરવામાં આવી છે.)

(iii) આ વિધેયક અનુસાર, નાગરિકતા પ્રાપ્ત કરવા પર આ વ્યક્તિઓના ભારતમાં તેના પ્રવેશની તારીખથી નાગરિક માનવામાં આવશે અને નાગરિકતા સંબંધમાં તેના વિરુદ્ધની બધી કાનૂની કાર્યવાહી/કેસ બંધ કરી દેવામાં આવશે.

(iv) જો આવા કોઈ શરણાર્થી પર દેશમાં કેસ ચાલતો હોય તો તેને કારણે આવા શરણાર્થીઓને નાગરિકતા મેળવતા અટકાવવામાં આવશે નહીં.

(v) નાગરિકતા (સુધારા) અધિનિયમ 2019 માં 31 ડિસેમ્બર, 2014ને કટ–ઓફ ડેટ અથવા અંતિમ તારીખ માનવામાં આવી છે એટલે કે આ અધિનિયમ અંતર્ગત તેવા લોકોને નાગરિકતા નહિ મળે જેઓ 31 ડિસેમ્બર, 2014 બાદ ભારત આવેલા છે.

(vi) જ્યારે OCI કાર્ડ ધારકે સિટિઝનશિપ એકટ અથવા કેન્દ્ર સરકાર દ્વારા નિર્દેશિત અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન કર્યું હોય ત્યારે બિલમાં ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયાના (OCI) રજિસ્ટ્રેશન રદ કરવાની પણ જોગવાઈ આ બિલમાં ઉમેરવામાં આવી છે. (નાગરિકતા અધિનિયમ, 1955 મુજબ કેન્દ્ર સરકાર કોઈ પણ ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયાનું રજિસ્ટ્રેશન નીચે મુજબના સંજોગોમાં રદ કરી શકે છે.

→ જો OCI ના રજીસ્ટ્રેશનમાં કોઈ છેતરપિંડી થાય તો,

→ OCI કાર્ડધારકના રજીસ્ટ્રેશનના 5 વર્ષની અંદર 2 વર્ષ કે તેથી વધુની કારાવાસની સજા થાય તો,

→ OCI કાર્ડધારકનું રજીસ્ટ્રેશન ભારતની સંપ્રભુતા અને સુરક્ષા માટે આવશ્યક હોય તો )

આ બિલ અનુસાર જે કોઈ નાગરિક OCI હોલ્ડર છે, તેણે જો કોઈ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે તો તેને એક વખત તેનો પક્ષ મુકવાની તક આપવામાં આવશે.

(vii) આ બિલની જોગવાઈ છઠ્ઠી અનુસૂચિમાં સમાવિષ્ટ રાજ્યો અસમ, મેઘાલય (શિલોંગને બાદ કરતાં), મિઝોરમ અને ત્રિપુરાના આદિવાસી વિસ્તારોમાં લાગુ પડશે નહિ. આ આદિવાસી વિસ્તારોમાં કારબિ એંગ્લોંગ(અસમ), ગારો હિલ્સ(મેઘાલય), ચકમા જિલ્લો (મિઝોરમ) અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.

YUVA UPNISHAD PUBLICATION DEMO COPY

(viii) અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, નાગાલેન્ડ અને મણિપુરના એવા વિસ્તારો કે જેને બંગાળ પૂર્વીય સીમા નિયમન–1873 હેઠળની **'ઈનર લાઈન પરમીટ'** (ILP-Inner Line Permit) દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હોય તેવા વિસ્તારોમાં લાગુ પડશે નહિ.

❒ **નેહરુ–લિયાકત કરાર -1950**

⇨ આઝાદી બાદ ભારત અને પાકિસ્તાનમાં લાખો લોકોનું સ્થળાંતર થયું હતું. બંને દેશોનાં સ્થળાંતરિત થયેલાં અલ્પસંખ્યકોનાં અધિકારોને સુરક્ષિત કરવા માટે ભારતના તત્કાલિન વડાપ્રધાન **જવાહરલાલ નહેરુ** અને પાકિસ્તાનના તત્કાલિન વડાપ્રધાન **લિયાકત અલીખાન** વચ્ચે **8 એપ્રિલ, 1950** ના રોજ સમજૂતી થઈ જેને **'દિલ્હી પેક્ટ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇨ **આ કરારના મુખ્ય 4 મુદ્દાઓ :**

1. અલ્પસંખ્યકોને પોતાના મૂળ દેશમાં જઈ પોતાની સંપત્તિ વેચવાનો અધિકાર હશે અને ત્યાંની સરકાર તેમને સુરક્ષા પૂરી પાડશે.
2. અપહરણ કરાયેલી મહિલાઓને તેમનાં પરિવાર પાસે મોકલવામાં આવશે અને લૂંટી લીધેલો સામાન પાછો આપવામાં આવશે.
3. બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન માન્ય ગણાશે નહીં.
4. અલ્પસંખ્યકોને સમાન અધિકારો આપવામાં આવશે.

❒ **ઈનર લાઈન પરમીટ (ILP)**

⇨ ઈનર લાઈન પરમીટ એ ભારત સરકાર દ્વારા જાહેર કરેલો એક અધિકારીક યાત્રા દસ્તાવેજ છે. જે ભારતીય નાગરિકોને દેશના સંરક્ષિત ક્ષેત્રોમાં નિશ્ચિત સમય માટે યાત્રા કરવાની અનુમતિ આપે છે.

⇨ ભારતના ઉત્તર–પૂર્વીય રાજ્યો **અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, નાગાલેન્ડ અને મણિપુરને** ઈનર લાઈન પરમીટ દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું છે. હાલમાં મેઘાલય વિધાનસભાએ ઠરાવ પસાર કરી ભારત સરકારને રાજ્યમાં ઈનર લાઈન પરમીટ લાગુ કરવા દરખાસ્ત કરી છે.

⇨ ભારતના સંરક્ષિત ક્ષેત્રોમાં યાત્રા કરવા ભારતના અન્ય ભાગોના નાગરિકોએ સંબંધિત રાજ્ય પાસેથી ઈનર લાઈન પરમીટ અને વિદેશી નાગરિકોને સંરક્ષિત ક્ષેત્રોમાં યાત્રા કરવા માટે સંબંધિત રાજ્ય પાસેથી 'પ્રોટેક્ટેડ એરિયા પરમીટ' લેવી અનિવાર્ય છે.

⇨ આ સંરક્ષિત ક્ષેત્રોમાં પ્રવેશનાર લોકોને સંપત્તિ ખરીદવાનો અધિકાર હોતો નથી.

⇨ ઈનર લાઈન પરમીટ એક અઠવાડિયા માટે માન્ય હોય છે. પરંતુ તેનો સમય વધારી પણ શકાય છે. જે લોકો આ રાજ્યોમાં કામ કરવા માટે આવે છે તે લોકોને વિશેષ ઈનર લાઈન પરમીટ આપવામાં આવે છે જેને પ્રતિવર્ષ રિન્યુ કરાવવી પડે છે.

## નાગરિકતા (સુધારા) બિલ - 2016 અને 2019 માં મુખ્ય તફાવત

⇨ નાગરિકતા સુધારા બિલ - 2016 માં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી આવીને ગેરકાયદેસર રીતે રહેનારા **હિન્દુ, બૌદ્ધ, જૈન, શીખ, પારસી તથા ખ્રિસ્તી** ધર્મના લોકો માટે દેશીયકરણની અવધિની 11 વર્ષની શરત ઘટાડીને 6 વર્ષની કરવાની જોગવાઈ હતી. જ્યારે હાલના નાગરિકતા સુધારા બિલ - 2019 માં આ શરત ઘટાડીને દેશીયકરણની અવધિ **5 વર્ષ**ની કરવામાં આવી છે.

⇨ નાગરિકતા સુધારા બિલ - 2019 અંતર્ગત **પ્રવેશની તારીખથી** ભારતનો નાગરિક માનવો અને ગેરકાયદેસર પ્રવેશના સંબંધમાં તેના વિરુદ્ધની બધી કાનૂની કાર્યવાહી બંધ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આવી જોગવાઈ 2016 ના બિલમાં કરવામાં આવી ન હતી.

⇨ નાગરિકતા સુધારા બિલ - 2019 માં **છઠ્ઠી અનુસૂચિ**માં સામેલ ક્ષેત્રોને અપવાદ ગણવાની જોગવાઈ છે. 2016 ના બિલમાં આવી જોગવાઈ ન હતી.

⇨ નાગરિક સુધારણા બિલ જુલાઈ 2016માં સંસદમાં મૂકવામાં આવ્યું હતું જે લોકસભામાંથી પસાર થયું પરંતુ ઉત્તર–પૂર્વીય ભારતમાં વિરોધ થતાં તે રાજ્યસભામાંથી પસાર થઈ શક્યું ન હતું.

> **ગેરકાયદેસર સ્થળાંતર કરનાર**
> **(અવૈધ પ્રવાસી - Illegal Immigrants)**
>
> નાગરિકતા અધિનિયમ, 1955 ના ખંડ 2(1)(b) અવૈધ પ્રવાસીને એવા વિદેશીના રૂપમાં પરિભાષિત કરે છે, જે :
>
> - પાસપોર્ટ અને વીઝા જેવા કાયદેસરના યાત્રા દસ્તાવેજો વગર ભારતમાં પ્રવેશ કરે છે અથવા
> - કાયદેસરના દસ્તાવેજો સાથે પ્રવેશ કરે છે પરંતુ ભારતમાં તેના નિશ્ચિત સમયગાળા કરતાં વધારે સમય માટે રોકાય છે.

## રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર - NRC (National Register of Citizens)

⇨ 1 જાન્યુઆરી, 2018 ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા **અસમ** રાજ્યમાં ગેરકાયદેસર રીતે વસતા લોકોને ઓળખી કાઢવા માટે સમગ્ર રાજ્યની **NRC (National Register of Citizens) રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરની** પ્રથમ યાદી બહાર પાડવામાં આવી હતી. વર્ષ 2014માં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ અનુસાર અસમ રાજ્યની NRC અપડેટ કરવામાં આવી. આ નવી NRC માં અસમ રાજ્યના એવા વ્યક્તિ અથવા વંશનું નામ સમાવવામાં આવશે જેનું નામ NRC 1951 માં હોય અથવા 24 માર્ચ 1971ની મધ્યરાત્રિ પહેલા અસમ રાજ્યમાં આવીને વસ્યા હોય. (ભારત દેશના નાગરિક બનવા કોઈ વ્યક્તિ 19 જુલાઈ 1948 પહેલા ભારતમાં આવીને વસ્યો હોય તો તેને ભારતની નાગરિકતા આપવામાં આવે છે.)

⇨ NRC એક રજિસ્ટર છે જેમાં અસમમાં વસતા ભારતીય નાગરિકોની વિગતોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ રજીસ્ટર 1951 ની વસ્તી ગણતરી પછી તૈયાર કરવામાં આવ્યું છે.

⇨ આ રજિસ્ટરમાં માત્ર તેવા જ ભારતીયોનો સમાવેશ થાય છે કે જે 25 માર્ચ, 1971 પહેલા અસમ રાજ્યમાં વસવાટ કરતાં હતા.

⇨ NRC એવા જ રાજ્યોમાં લાગુ કરી શકાય છે કે જ્યાં અન્ય દેશોના નાગરિક ભારતમાં પ્રવેશ કરે છે. **વ્યક્તિ ભારતીય છે કે નહિ તે બાબત માત્ર NRC રિપોર્ટ દ્વારા જ જાણી શકાય છે.**

❒ **અસમ સમજૂતી - 1985**

⇨ વર્ષ 1947માં ભારત અને પાકિસ્તાનના ભાગલા પડયા બાદ કેટલાંક લોકો અસમથી પૂર્વ પાકિસ્તાન તરફ સ્થળાંતર થયા.પરંતુ, તેમની જમીન અસમમાં હતી અને વિભાજન બાદ લોકોની અવરજવર બંને વિસ્તારોમાં રહી. જેને અંતર્ગત 1951 માં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

⇨ વર્ષ 1971 માં પૂર્વ પાકિસ્તાનનું બાંગ્લાદેશમાં રૂપાંતર કર્યા બાદ અસમમાં ઘણી મોટી સંખ્યામાં શરણાર્થીઓનું સ્થળાંતર થયું. જેથી રાજ્યની વસ્તીમાં ઘણો મોટો ફેરફાર થયો.

DEMO COPY

- ➩ હાલના NPRમાં અંતિમ નિવાસસ્થાન,પાસપોર્ટ નંબર, આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ નંબર, ચૂંટણીકાર્ડ અને મોબાઈલ નંબરને આંકડાના રૂપમાં સામેલ કરવામાં આવશે જે 2010ના NPR માં સામેલ ન હતા.
- ➩ NPR અંતર્ગત બે પ્રકારની માહિતી એકત્રિત કરવામાં આવશે. (1) Demographic (2) Biometric
- ➩ આ માહિતી (Database) Registrar General અને Census Commissioner of India દ્વારા એકત્રિત કરવામાં આવશે.
- ➩ વસતી ગણતરી Census Act, 1948 પ્રમાણે કરવામાં આવે છે જેમાં Biometric ડેટા એકત્રિત કરવામાં આવતો નથી.
- ➩ હાલના NPR માં 21 બિંદુઓને આધાર રાખીને માહિતી એકત્રિત કરશે જ્યારે 2010ના NPR માં 15 બિંદુઓને આધાર રાખીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી.
- ➩ હાલના NPR માં માતા–પિતાની જન્મતારીખ અને જન્મસ્થાનને એક બિંદુના રૂપમાં સામેલ કરવામાં આવશે જે 2010ના NPR માં સામેલ ન હતા.

## NRC, CAA અને NPR વચ્ચેનો તફાવત

Table : 19.2

| NRC (National Register of Citizens) | CAA (Citizenship Amendment Act) | NPR (National Population Register) |
|---|---|---|
| NRCનો હેતુ ભારતમાં આવનાર વિદેશી ઘૂસણખોરોને બહાર કરી તેમની નાગરિકતા પાછી લેવાનો છે. | CAAનો હેતુ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલ પીડિત લઘુમતી સમુદાયોને ભારતની નાગરિકતા આપવાનો છે. | NPR એ દેશમાં રહેનારા લોકોની વસતી ગણતરીનું રજિસ્ટર છે. |
| NRCના માધ્યમથી તેવા લોકોને ભારતના નાગરિક માનવામાં આવશે કે જેઓ, 24 માર્ચ 1971 કે તેના પહેલા ભારતની નાગરિકતા ધરાવતાં હોય. | CAAના માધ્યમથી તેવા લોકોને ભારતની નાગરિકતા આપવામાં આવશે કે જેઓ 31 ડિસેમ્બર 2014 કે તેના પહેલા ભારત આવ્યા હોય. | NPR માં દેશના તમામ 'સામાન્ય રહેવાસીઓ' એ નોંધણી કરાવવી ફરજીયાત છે. |
| NRC ને ધર્મ સાથે કોઈ સંબંધ નથી. ઉ.દા NRCમાં બંગાળી હિંદુને પણ વિદેશી જાહેર કરવામાં આવ્યા છે. | CAAમાં મુસ્લિમને બાદ કરી અન્ય 6 સમુદાયોના લોકોને ધર્મના આધારે નાગરિકતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. | NPR ને ધર્મ સાથે કોઈ સંબંધ નથી. |
| NRC મુખ્ય રૂપથી બાંગ્લાદેશથી આવનાર ઘૂસણખોરોને બહાર કરવા માટે લાગુ કરવામાં આવ્યો છે. | CAA મુખ્ય રૂપથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશથી આવનાર ગેરકાયદેસર પ્રવાસીઓને નાગરિકતા આપવા માટે લાગુ કરવામાં આવ્યો છે. | NPR ની નોંધણી પ્રક્રિયા અસમ સિવાય તમામ રાજ્યોમાં 2020 માં એપ્રિલથી સપ્ટેમ્બર મહિના દરમિયાન ચાલશે. |
| NRC ને હાલમાં માત્ર અસમ રાજ્યમાં જ લાગુ કરવામાં આવ્યું છે. | જ્યારે CAA સંપૂર્ણ દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. | NPR સંપૂર્ણ દેશમાં લાગુ કરવામાં આવેલ છે.(અસમ સિવાય) |

- નાગરિકતા (સુધારા) કાયદો, 2019 નો અમલ કરનાર દેશનું પ્રથમ રાજ્ય **ઉત્તરપ્રદેશ** છે.
- નાગરિકતા (સુધારા) કાયદો, 2019 વિરુદ્ધ વિધાનસભામાં ઠરાવ પસાર કરનાર અને તેના વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જનાર દેશનું પ્રથમ રાજ્ય **કેરળ** છે.
- નાગરિકતા (સુધારા) કાયદો, 2019, NRC અને NPR વિરુદ્ધ વિધાનસભામાં ઠરાવ પસાર કરનાર દેશનો પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ **પુડુચેરી** છે.

### ❒ અગત્યના અનુચ્છેદો

Table : 19.3

| ભાગ - 2 : નાગરિકત્વ (Citizenship) | |
|---|---|
| **અનુચ્છેદ-5** | બંધારણના પ્રારંભમાં નાગરિકત્વ |
| **અનુચ્છેદ-6** | પાકિસ્તાનથી ભારત પાછા આવેલા અમુક વ્યકિતઓને નાગરિકત્વનો અધિકાર |
| **અનુચ્છેદ-7** | ભારતમાંથી પાકિસ્તાન ગયેલી કેટલીક વ્યકિતઓને નાગરિકત્વનો અધિકાર |
| **અનુચ્છેદ-8** | વિદેશમાં રહેતા મૂળ ભારતીય વ્યકિતઓને નાગરિકત્વનો અધિકાર |
| **અનુચ્છેદ-9** | કોઈ વ્યકિતએ બીજા દેશનું નાગરિકત્વ સ્વેચ્છાએ મેળવી લીધું હોય તો તે ભારતનો નાગરિક નહીં રહે |
| **અનુચ્છેદ-10** | નાગરિકત્વના હક્કનું સાતત્ય |
| **અનુચ્છેદ-11** | સંસદ દ્વારા નાગરિકત્વના અધિકાર પર નિયંત્રણ |

DEMO COPY

(4) દેશમાં કોઈ લાભના પદ પર રહેલો વ્યક્તિ વિદેશી રાષ્ટ્રની કે તેમના આધિન કોઈ સ્વરૂપની ભેટ, ઉપલબ્ધિ કે પદ રાષ્ટ્રપતિની સહમતિ વિના સ્વીકાર કરી શકશે નહીં.

➪ ઉપર્યુક્ત જોગવાઈઓમાં એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે પ્રાચીન સમયમાં આપવામાં આવતા વંશાનુગત (Hereditary) પદ જેમકે, મહારાજ, રાજ બહાદુર, રાય બહાદુર, રાજસાહબ, દિવાન બહાદુર વગેરેને અનુચ્છેદ-18 અનુસાર પ્રતિબંધ મુકવામાં આવ્યો, કારણ કે આ રાજ્યની સામે સમાનતાના અધિકારની વિરુદ્ધ છે.

➪ પદ્મશ્રી, પદ્મભુષણ, પદ્મવિભુષણ મેળવનાર વ્યક્તિ પોતાના નામની આગળ પ્રત્યય કે ઉપસર્ગ સ્વરૂપે આ ઈલ્કાબોના નામ લખી શકે નહીં. જો ઈલ્કાબોનો ઉપયોગ કરે તો પરત લઈ લેવાય છે.

➪ આ રાષ્ટ્રીય પુરસ્કારોની સ્થાપના 1954 માં થઈ, પરંતુ 1977 માં મોરારજી દેસાઈ દ્વારા આ પુરસ્કારો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો, અને 1980 માં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા તેનો પુનઃપ્રારંભ કરવામાં આવ્યો હતો.

## સ્વતંત્રતાનો અધિકાર

## (અનુચ્છેદ 19 થી 22) (Right to Freedom)

❐ **અનુચ્છેદ-19 : વાણી અને અભિવ્યક્તિની સ્વાતંત્ર્ય (Freedom of Speech and Expression)**

➪ નાગરિકોને આપવામાં આવેલ આ મૂળભૂત અધિકાર સંપૂર્ણ (આત્યંતિક) (Absolute) નથી અર્થાત સ્વતંત્રતાના અધિકારમાં ઘટાડો કરી શકાય છે. મૂળ બંધારણમાં 7 સ્વતંત્રતાની જોગવાઈ કરવામાં આવી હતી પરંતુ, **44માં બંધારણીય સુધારા, 1978 દ્વારા સંપત્તિની સ્વતંત્રતા સમાપ્ત કરી દેવામાં આવી** આથી હાલમાં નાગરિકોને 6 પ્રકારની સ્વતંત્રતા આપવમાં આવી છે.

➪ અનુચ્છેદ-19(1): નાગરિકોને 6 સ્વતંત્રતા આપવામાં આવી છે.

1. **અનુચ્છેદ - 19 (1) (a) or (ક) :-વાણી અને અભિવ્યક્તિની સ્વાતંત્ર્ય (Freedom of Speech And Expression)**

   ભારતના તમામ નાગરિકોને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય છે.

વ્યક્તિના વિકાસ અને લોકશાહીની સફળતા માટે આ અધિકાર ખૂબ જ મહત્વનો છે. એમ કહેવાય છે કે લોકશાહીમાં માત્ર વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય હોતું નથી, પરંતુ જનતાને રજૂઆત કરવાનો તેમજ માહિતી મેળવવાનો હક હોય છે. તે મુજબ,

- પોતાના તેમજ અન્યના વિચારોનો પ્રચાર કરવાનો હક
- વાણિજિયક જાહેરાતોનો પ્રચાર કરવાનો હક
- ટેલિફોનની વાતચીત રેકોર્ડ (Tapping) કરવા વિરુદ્ધનો અધિકાર
- જાણવાનો અધિકાર(Right To Know)
- સરકારી કાર્યો વિશે જાણકારી મેળવવી
- રાષ્ટ્રગાન સમયે ચૂપ રહેવાનો અધિકાર
- પ્રદર્શન કરવાનો હક પરંતુ હડતાળ કરવાનો નહીં. હડતાળ તેમજ બંધ

**અદાલતની અવમાનના (Contempt of Court)**

- અદાલતની અવમાનના કરવા પર કોઈ વ્યક્તિને અનુચ્છેદ 129 અને 215 હેઠળ દંડીત કરી શકાય છે. આ આધાર પર વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ લગાવવું આવશ્યક બની જાય છે. પણ સર્વોચ્ચ ન્યાયાલયે આ બાબતે ઉદાર દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. તેના મુજબ અદાલતની સીધી અને દ્વેષપૂર્ણ અવમાનના કરી હોય ત્યારે જ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર નિયંત્રણ લગાવવામાં આવશે પરંતુ સદભાવના પૂર્ણ અને તર્કસંગત વિવેચન કરવાની અવમાનનાને આધાર માની શકાશે નહી. ન્યાયાલય અવમાનના અધિનિયમ 1971 ને અંર્તગત અદાલતની અવમાનના માટે 6 મહિનાની જેલ કે રૂા. 2000/- નો દંડ કે બંનેની જોગવાઈ કરવામાં આવી છે.
- ઉદાહરણ તરીકે કોલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સી.એસ. કર્ણન પર અદાલતની અવમાનના કરવા બદલ 6 માસની સજા કરવામાં આવી છે. આ ઉપરાંત હાલમાં વકીલ **પ્રશાંત ભૂષણ** વિરુદ્ધ પણ સુપ્રિમ કોર્ટમાં અદાલતની અવમાનના બદલ કેસ ચલાવવામાં આવ્યો હતો.

**અખબાર/પ્રેસની સ્વતંત્રતા**

- અનુચ્છેદ 19(1)(a) or (ક) મુજબ જ અખબાર/ પ્રેસને સ્વતંત્રતા આપવામાં આવી છે.
- 44મો બંધારણીય સુધારો, 1978 દ્વારા સંવિધાનમાં એક નવો **અનુચ્છેદ 361A or 361-ક ઉમેરવામાં આવ્યો.** આ અનુચ્છેદ અંર્તગત **સમાચાર પત્રોને સંસદ તથા વિધાનસભાની કાર્યવાહી પ્રકાશિત કરવાની પૂર્ણ સ્વતંત્રતા** આપવામાં આવી છે.

અનુચ્છેદ- 19 (2) માં તે આધારોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે જેના આધારે અનુચ્છેદ - 19 (1) (a) or (ક) અંતર્ગત આપવામાં આવેલ સ્વતંત્રતા પર **તાર્કિક યોગ્ય નિયંત્રણ** લગાવી શકાય છે.

2. **અનુચ્છેદ-19 (1) (b) or (ખ) :- શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના એકઠા થવાનું સ્વાતંત્ર્ય (Right To Assemble Peaceably And Without Arms)**

   ભારતના દરેક નાગરિકને શાંતિથી અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય અપાયેલ છે. આ સ્વાતંત્ર્ય પર આ અનુચ્છેદથી બે મર્યાદાઓ મૂકાયેલ છે. પ્રથમ તો એ કે સભા શાંતિપૂર્વક હોવી જોઈએ અને બીજી મર્યાદા એ છે કે શસ્ત્રો વિનાની હોવી જોઈએ. આ સ્વાતંત્ર્યમાં સભાઓ યોજવાના અને સરઘસો કાઢવાના સ્વાતંત્ર્યનો પણ સમાવેશ થાય છે. **પરંતુ જાહેર માર્ગ પર સરઘસ કાઢવાનો અધિકાર મૂળભૂત અધિકાર નથી.**

અનુચ્છેદ- 19 (3) માં તે આધારોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે જેના આધારે અનુચ્છેદ - 19 (1) (b) or (ખ) અંતર્ગત આપવામાં આવેલ સ્વતંત્રતા પર નિયંત્રણ લગાવી શકાય છે.

3. **અનુચ્છેદ-19(1)(c) or (ગ) :- સંગઠનો, સંઘો, સહકારી મંડળીઓ રચવાની સ્વતંત્રતા (Right To Form Associations Or Unions Or Co-Operative Societies)**

YUVA UPNISHAD DEMO COPY

Table : 20.16

| બંધારણીય ઈલાજના અધિકાર હેઠળની રીટ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સર્વોચ્ચ અદાલત – અનુચ્છેદ 32 અને વડી અદાલત – અનુચ્છેદ 226 | | | | | | | |
| ક્રમ | રીટ (Writs) | પ્રકાર | આવેદન કોણ કરી શકે? | અર્થ | કોના દ્વારા જાહેર કરી શકાય ? | કોના વિરુદ્ધ જાહેર કરવામાં આવે? | જાહેર કરવા માટેની પરિસ્થિતિ |
| 1. | બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) | સામાન્ય | પીડિત વ્યક્તિની તરફથી કોઈપણ | શરીરને હાજર કરો (To have the body of) | ન્યાયાલય | બંદી બનાવનાર | વ્યક્તિની અટકાયત થયા પછી |
| 2. | પરમાદેશ (Mandamus) | સામાન્ય | પીડિત વ્યક્તિ | અમે આદેશ આપીએ છીએ (We Command) | ન્યાયાલય | જાહેર સત્તાધિકારી, સાર્વજનિક સંસ્થા, નિગમ, સરકાર કે અન્ય ન્યાયાલયો | સંબંધિત કાર્ય જાહેર અધિકારીનું કાયદાકીય કાર્ય હોવું જોઈએ |
| 3. | પ્રતિષેધ / નિષેધ (Prohibition) | ન્યાયિક | પીડિત વ્યક્તિ | અટકાવવું (To forbid) | ન્યાયાલય | તાબા હેઠળની અદાલતો અને અર્ધન્યાયિક સંસ્થાઓ | ન્યાયિક પ્રક્રિયા ચાલુ હોય ત્યારે |
| 4. | ઉત્પ્રેષણ (Certiorari) | ન્યાયિક | પીડિત વ્યક્તિ | 'પ્રમાણિત કરવું' અથવા 'સૂચના આપવી' (To be Certified or To be Inform) | ન્યાયાલય | તાબા હેઠળની અદાલતો , અર્ધન્યાયિક તથા વહીવટી સંસ્થાઓ | ન્યાયિક પ્રક્રિયા ને અંતે |
| 5. | અધિકાર પૃચ્છા (Quo-Warranto) | સામાન્ય | કોઈ પણ વ્યક્તિ | કયા અધિકાર દ્વારા (By what Authority or warrant) | ન્યાયાલય | જાહેર અધિકારી, સરકારી સંસ્થા | જાહેર અધિકારી કાયદાકીય રીતે પદ ધારણ કરવાં માટે અધિકૃત ન હોય |

DEMO COPY

Table : 20.17

| પ્રતિષેધ અને ઉત્પ્રેષણ વચ્ચેનો તફાવત | |
|---|---|
| **પ્રતિષેધ (Prohibition)** | **ઉત્પ્રેષણ (Certiorari)** |
| પ્રતિષેધ રિટ અદાલત દ્વારા નિર્ણય આપવા પૂર્વે જાહેર કરવામાં આવે છે. | ઉત્પ્રેષણ રિટ અધિકારીક અદાલત દ્વારા નિર્ણય આપ્યા પછી જાહેર કરવામાં આવે છે. |
| પ્રતિષેધ રિટનો મુખ્ય ઉદ્દેશ ન્યાયિક ખામીઓને રોકવાનું છે. | ઉત્પ્રેષણ રિટનો મુખ્ય ઉદ્દેશ ન્યાયિક ખામીઓને સુધારવાનું છે. |

Table : 20.18

| પ્રતિષેધ અને પરમાદેશ વચ્ચેનો તફાવત | |
|---|---|
| **પ્રતિષેધ (Prohibition)** | **પરમાદેશ (Mandamus)** |
| પ્રતિષેધ નિષ્ક્રિય થવાનો(કાર્ય રોકવાનો) આદેશ આપે છે. | પરમાદેશ સક્રિય થવાનો (કાર્ય કરવાનો) આદેશ આપે છે. |
| પ્રતિષેધ માત્ર ન્યાયાલયો અને અધિકરણોની વિરુદ્ધ જાહેર કરવામાં આવે છે. | પરમાદેશ ન્યાયાલયો, અધિકરણની સાથે સાથે સરકારી અધિકારી વિરુદ્ધ પણ જાહેર કરવામાં આવે છે. |

## સશસ્ત્ર બળો માટે મૂળભૂત અધિકારોની મોકુફી

## (Armed Forces and Fundamental Rights)

- અનુચ્છેદ 33 અને 34માં મૂળભૂત અધિકારોના અપવાદ આપવામાં આવેલા છે તથા આ સંબંધમાં કાયદો બનાવવાની સત્તા સંસદને આપવામાં આવી છે. **અનુચ્છેદ 33 અને 34 ને આધારે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈ કાયદા મૂળભૂત અધિકારોનું હનન કરતા હોય કે ઘટાડતા હોય તો પણ તે કાયદાને ન્યાયાલયમાં પડકારવામાં આવશે નહીં.**
- **અનુચ્છેદ-33 : આ વિભાગથી અપાયેલા અધિકારો, દળો, વગેરેને લાગુ પડતા હોય ત્યા તે અધિકારો સુધારા-વધારા કરવાની સંસદની સત્તા** (Power of Parliament to Modify The Rights Conferred By This Part In Their Application to Forces, etc.)

| | | | |
|---|---|---|---|
| 100મો બંધારણીય સુધારો | 2015 | **સુધારવામાં આવેલ** **પ્રથમ અનુસૂચિ** | સંસદમાં 119મા બંધારણીય સુધારા ખરડો, 2013 રજૂ કરાયો હતો. તે મુજબ ભારતે 111 પરિક્ષેત્રો (એન્કલેવ્સ) બાંગ્લાદેશને હસ્તાતરિત કર્યા અને બાંગ્લાદેશ પાસેથી 51 પરિક્ષેત્રો (એન્કલેવ્સ) મેળવ્યા. સંસદના બંને ગૃહોમાંથી આ વિધયકને અનુચ્છેદ 368 મુજબની વિશિષ્ટ બહુમતીથી પસાર કરવામાં આવ્યું. તે વિધયક ઉપર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થતા તે 100 મો બંધારણીય સુધારો બન્યો જે **"ભારત-બાંગ્લાદેશ જમીન સરહદ કરાર"** તરીકે ઓળખાય છે. |
| 101મો બંધારણીય સુધારો | 2016 | **જોડવામાં આવેલા અનુચ્છેદ** 246 A, 269A, 279A<br>**સુધારવામાં આવેલ અનુચ્છેદ** 248, 249, 250, 268, 269, 270, 271, 286, 366, 368, છઠ્ઠી અને સાતમી અનુસૂચિ<br>**રદ કરવામાં આવેલ અનુચ્છેદ** 268A | ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેકસ વિશે બંધારણમાં અનુચ્છેદ-246A ઉમેરી સંસદ અને રાજ્યોના વિધાનમંડળને GSTથી સંબંધિત વિષયો પર કાયદો બનાવવાની સત્તા આપવામાં આવી.<br>અનુસૂચિ 6 અને અનુસૂચિ 7 માં સંશોધન કરવામાં આવ્યું.<br>ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેકસ એકટ મુજબ અનુચ્છેદ 248, 249, 250, 268, 270, 271, 286, 366 માં સંશોધન કરવામાં આવ્યું. |
| 102મો બંધારણીય સુધારો | 2018 | **સુધારવામાં આવેલ અનુચ્છેદ** 338(10)<br>**જોડવામાં આવેલા અનુચ્છેદ** 338B, 342 A | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના રાષ્ટ્રીય પંચ NCBC (National Commission for Backward Classes) ને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો આ માટે બંધારણના **16**માં ભાગમાં અનુચ્છેદ **338B**નો સમાવેશ કરવામાં આવ્યો. |
| 103મો બંધારણીય સુધારો | 2019 | **જોડવામાં આવેલા અનુચ્છેદ** 15(6), 16(6) | આર્થિક રૂપથી નબળા વર્ગો (EWS) માટે સરકારી નોકરીઓ તથા શૈક્ષણિક સંસ્થાનોમાં 10% અનામતની જોગવાઈ કરવામાં આવી આ માટે અનુચ્છેદ-15(6) અને અનુચ્છેદ-16(6) સમાવેશ કરવામાં આવ્યો. **<u>અનુચ્છેદ-15(6)ની જોગવાઈ</u>**<br>• આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોની ઉન્નતિ માટે વિશેષ જોગવાઈ કરવાની તેમજ સરકારી, અર્ધસરકારી કે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાટે વધુમાં વધુ 10% અનામતની જોગવાઈ કરવાની સત્તા રાજ્ય સરકારની રહેશે.પરંતુ આ અનામત અનુચ્છેદ 30(1) અંતર્ગત અલ્પસંખ્યકો (લઘુમતિ) ની શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ પડશે નહીં.<br>**<u>અનુચ્છેદ-16(6)ની જોગવાઈ</u>**<br>• આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોની કોઈ પદ પર નિમણૂક કે નિયુકિત માટે વધુમાં વધુ 10% અનામતની જોગવાઈ કરવાની સત્તા રાજ્ય સરકારની રહેશે.<br>પછાત બિનઅનામત વર્ગો (સવર્ણો)ને આર્થિક આધાર પર સરકારી નોકરી તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં 10% અનામત આપવાની જાહેરાત કરતાં ભારતમાં અનામતની ટકાવારી 49.5 % થી વધી હવે 59.5 % થઈ છે. |
| 104મો બંધારણીય સુધારો | 2019 | **સુધારવામાં આવેલ અનુચ્છેદ** 334 | 126 માં બંધારણીય સુધારા ખરડામાં લોકસભા તથા રાજ્યોની વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે બેઠકો અનામત રાખવાની મુદ્દતમાં 10 વર્ષનો વધારો કરવામાં આવ્યો.<br>આ સુધારા દ્વારા હવે 25 જાન્યુઆરી, 2030 સુધી અનુસૂચિત જાતિ અને જનજાતિ સમુદાયને અનામત આપવામાં આવશે.<br>આ વિધેયકમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયનની જોગવાઈ કરવામાં આવી નથી.<br>આ પહેલાં સુધારા દ્વારા લોકસભામાં એંગ્લો ઈન્ડિયનનું પ્રતિનિધિત્વ 2020 સુધી લંબાવવામાં આવ્યું હતું.<br>આ ઉપરાંત ઉપરોકત ખરડાને રાષ્ટ્રપતિની મંજૂરી મળ્યા બાદ ભારતીય બંધારણના અનુચ્છેદ–334માં '70 વર્ષ' શબ્દની જગ્યાએ '80 વર્ષ' શબ્દ ઉમેરવામાં આવ્યો છે. |

DEMO COPY

# 25 બહુમતીના પ્રકારો

(Types of Majorities)

## ભારતના બંધારણમાં વર્ણવેલ બહુમતીના પ્રકારો




DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

### (A) સામાન્ય બહુમતી (Simple Majority)

**સંસદમાં હાજર તથા મતદાન કરવાવાળા સભ્યોની 50%થી વધુ સભ્યોના મતને** સામાન્ય બહુમતી કહે છે.

દા.ત. જો લોકસભામાં 525 જેટલા સભ્યો હાજર છે. જેમાંથી 500 જેટલા સભ્ય મતદાન પ્રક્રિયામાં ભાગ લે છે માટે ખરડો પસાર કરવા માટે 251 સભ્યનું સમર્થન પ્રાપ્ત થવું જોઈએ.

⇨ બંધારણના કેટલાક સુધારાઓ માટેનો ખરડો સંસદના બંને ગૃહોમાંથી સામાન્ય બહુમતીથી પસાર થતાં કાયદો બને છે. પરંતુ આવા કાયદાને બંધારણીય સુધારાનો ક્રમ અપાતો નથી.




Table : 26.1

**લોકસભા અને રાજ્યસભાની વિગતો**

| | વિગત | લોકસભા | રાજ્યસભા |
|---|---|---|---|
| 1. | અન્ય નામો | • નીચલું ગૃહ<br>• પ્રથમ ગૃહ<br>• House of The People<br>• Popular House | • ઉપલું ગૃહ<br>• દ્વિતીય ગૃહ<br>• Council of States<br>• Elder's House |
| 2. | સંરચના સંબંધી અનુચ્છેદ | 81 | 80 |
| 3. | મહત્તમ સભ્યસંખ્યા | 552 | 250 |
| 4. | હાલમાં સભ્યસંખ્યા | 545 | 245 |
| 5. | રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા સભ્યોની સંખ્યા | 2 | 12 |
| 6. | ગુજરાત રાજ્યના સભ્યો | 26 | 11 |
| 7. | ચૂંટણી | પ્રત્યક્ષ | પરોક્ષ |
| 8. | ચૂંટણી માટેના સિદ્ધાંત | પ્રાદેશિક પ્રતિનિધિત્વ | સપ્રમાણ પ્રતિનિધિત્વ |
| 9. | કાર્યકાળ | 5 વર્ષ | કાયમી ગૃહ (સભ્યોનો કાર્યકાળ : 6 વર્ષ) |
| 10. | ગૃહના સંચાલનની જવાબદારી | અધ્યક્ષ, ઉપાધ્યક્ષ | સભાપતિ, ઉપસભાપતિ |
| 11. | વિસર્જન | વડાપ્રધાનની સલાહથી રાષ્ટ્રપતિ ભંગ કરી શકે છે. | તે કાયમી ગૃહ હોવાથી ભંગ કરી શકાય નહિ. |
| 12. | ઉંમર વિષયક લાયકાત | ઓછામાં ઓછી 25 વર્ષ | ઓછામાં ઓછી 30 વર્ષ |
| 13. | કોરમ | અનુચ્છેદ 100(3) મુજબ બંને ગૃહમાં કાર્યવાહી માટે ઓછામાં ઓછા 1/10 સભ્ય હોવા જોઈએ<br>અનુચ્છેદ 100(4) મુજબ જો કોરમ ન થાય તો ગૃહનો અધ્યક્ષ પૂરતી સંખ્યા થાય ત્યાં સુધી ગૃહની કાર્યવાહી મોકૂફ રાખી શકે છે. | |
| 14. | અનામત | SC, ST માટે | અનામત હોતું નથી |
| 15. | પ્રથમ મુખ્ય વ્યક્તિ | અધ્યક્ષ – જી.વી. માવળંકર<br>ઉપાધ્યક્ષ – અનંતશયનમ આયંગર | સભાપતિ – ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન<br>ઉપસભાપતિ – એસ.વી.કૃષ્ણમૂર્તિરાવ |
| 16. | વિશેષતા | • નાણા ખરડો સૌપ્રથમ અહીં જ રજૂ થાય છે અને બજેટ પણ આ જ ગૃહમાં રજૂ થાય છે. | • માત્ર આ જ ગૃહ અખિલ ભારતીય સેવાઓનું સર્જન કરી શકે છે.<br>• માત્ર આ જ ગૃહ રાજ્ય યાદીના વિષયો પર કાયદો બનાવી શકે છે. |

DEMO COPY

# 27 રાજ્યસભા

(Rajya Sabha)

- રાજ્યસભાને ઈંગ્લેન્ડના ઉપલા ગૃહ House of Lords **સાથે** સરખાવી શકાય.
- શરૂઆતમાં 1954 સુધી રાજ્યસભા રાજ્યપરિષદના નામે ઓળખાતી હતી.
- ભારતમાં રાજ્યસભાની રચના 3 **એપ્રિલ** 1952માં કરવામાં આવી તથા રાજ્યસભાની **પ્રથમ બેઠક 13 મે, 1952** રોજ થઈ હતી.
- હાલમાં તેને **દ્વિતીય ગૃહ, ઉપલુ ગૃહ** તથા **રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું ગૃહ** કહેવાય છે.
- **ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ** હોય છે.
- **બંધારણના અનુચ્છેદ** 80માં રાજ્યસભાની રચનાની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્યસભામાં **મહત્તમ** સભ્ય સંખ્યા 250 છે જેમાં **અનુચ્છેદ** 80(1)(a) મુજબ રાષ્ટ્રપતિ 12 સભ્યોની નિયુક્તિ કરે છે અને 80(1)(b) મુજબ 238 સભ્યો **રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી** ચૂંટાયેલા સભ્યો હોવા જોઈએ.
- **અનુચ્છેદ** 80(3) અંતર્ગત રાષ્ટ્રપતિએ **અનુચ્છેદ 80(1)(a)** મુજબ નિયુક્ત કરવાના સભ્યો કલા, વિજ્ઞાન, સાહિત્ય અને સમાજ સેવાના વિષયોનું **વિશેષ જ્ઞાન તેમજ અનુભવ ધરાવતા હોવા જોઈએ.**
- **વર્તમાનમાં** રાજ્યસભાની કુલ સભ્ય સંખ્યા 245 છે. જેમાં **રાજ્યના 225 સભ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોના 8 સભ્યો** અને **12 રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.**




- રાજ્યસભામાં દરેક રાજ્યોમાંથી કેટલા સભ્યો હશે, તેના માટે અમેરિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પ્રચલિત **'સમાન પ્રતિનિધિત્વનો સિદ્ધાંત'** (Doctrine of Equal Representation) ને અપનાવવામાં આવ્યો નથી પરંતુ **રાજ્ય વિશેષની વસ્તીને આધાર બનાવવામાં** આવ્યો છે.
- આ વ્યવસ્થા અનુસાર દરેક 20 **લાખ** લોકોએ રાજ્યસભામાં **એક સભ્યની જોગવાઈ** કરવામાં આવી છે.
- જો કે દરેક કેન્દ્રશાસિત પ્રદેશો (Union Territories) ને રાજ્યસભામાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી.
- રાજ્યસભામાં કેન્દ્રશાસિત પ્રદેશના પ્રતિનિધિઓ કઈ રીતે ચૂંટાશે તે સંસદ દ્વારા કાયદો બનાવીને નક્કી કરવામાં આવે છે. **રાજ્યસભામાં દિલ્હીને 3, પુડુચેરીને** 1 અને જમ્મુ–કાશ્મીરને 4 બેઠક આપવામાં આવી છે. જ્યારે અન્ય 5 કેન્દ્રશાસિત પ્રદેશોની વસતી પૂરતી ન હોવાથી તેમને રાજ્યસભાની બેઠકો ફાળવવામાં આવી નથી.

## લાયકાત (Qualifications)

- બંધારણમાં રાજ્યસભાના સભ્યોની યોગ્યતાનો ઉલ્લેખ **અનુચ્છેદ** 84માં છે.
- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- ઓછામાં ઓછી ઉંમર 30 **વર્ષ** હોવી જોઈએ.
- સંસદ દ્વારા માંગેલ યોગ્યતાઓનો અભાવ અથવા સંસદ દ્વારા તેને અયોગ્ય ઘોષિત કરેલ ન હોવો જોઈએ.
- જેણે ચૂંટણી લડવી હોય તેનું નામ **ઓછામાં ઓછા 10 વિધાનસભ્યો દ્વારા પ્રસ્તાવિત** થયેલું હોવું જોઈએ.
- બંધારણની **ત્રીજી અનુસૂચિ** પ્રમાણે શપથ લેવાના હોય છે. રાજ્યસભાના સભ્ય હોદ્દાના શપથ રાજ્યસભા અધ્યક્ષ પાસેથી લે છે.(પરંતુ ઉપરાષ્ટ્રપતિ પાસેથી નહિ.)
- જન પ્રતિનિધિત્વ સંશોધિત અધિનિયમ 2003 દ્વારા રાજ્યસભાની ચૂંટણીમાં રાજ્યસભાનો સભ્ય જે તે રાજ્યનો રહેવાસી જ બની શકે તેવી જોગવાઈ રદ કરવામાં આવી અને ગૃપ્ત મતદાનને બદલે ખુલ્લી મતદાન વ્યવસ્થા અમલી કરવામાં આવી.

## કાર્યકાળ (Duration)

- **અનુચ્છેદ** 83 મુજબ રાજ્યસભા કાયમી/સ્થાયી ગૃહ છે. તેનું ક્યારેય વિસર્જન થઈ શકે નહિ.
- તેના સભ્યોનો કાર્યકાળ 6 **વર્ષનો** હોય છે. (જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 પ્રમાણે)
- દર 2 **વર્ષે** તેના 1/3 **સભ્યો** નિવૃત થાય અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.
- રાજ્યસભામાં બે સત્ર વચ્ચેનો સમયગાળો 6 મહિનાથી વધારે હોવો જોઈએ નહી.
- રાજ્યસભાના સભ્ય કેટલીવાર બની શકે એવી બંધારણમાં કોઈ મર્યાદા નથી.

## ચૂંટણી (Election)

- રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. જેમાં દરેક રાજ્યના ધારાસભ્યો મતદાન કરે છે.

DEMO COPY



કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ સ્પર્ધાત્મક
પ્રાથમિક તથા મુખ્ય પરીક્ષા માટે ઉપયોગી પુસ્તકો
Available on
Flipkart
amazon
25% OFF
COMBO OFFER
યુવા ઉપનિષદ્ પબ્લિકેશન
પ્રથમ રંગીન આવૃત્તિ
ભૌતિક ભૂગોળ
Physical Geography
UPSC, GPSC, STO, PI, PSI, STI, Dy. S.O. / Dy. મામલતદાર
વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રાથમિક તથા મુખ્ય પરીક્ષા માટે ઉપયોગી
YUVA UPNISHAD PUBLICATION
1ST COLOUR EDITION
Geography of India
ભારતની ભૂગોળ
• સામાન્ય ભૂગોળ
• આર્થિક ભૂગોળ
• સામાજિક ભૂગોળ
YUVA UPNISHAD PUBLICATION
YUVA UPNISHAD
PUBLICATION
2 nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle,
Adajan, Surat, Gujarat
For more detail
99094 49289
Join YuvaUpnishadFoundation
Yuva Upnishad Foundation
YuvaUpnishadFoundation
Yuva Upnishad Foundation

# 29 લોકસભા

## (Lok Sabha)

- ભારતીય બંધારણમાં **લોકસભાનો** ઉલ્લેખ અનુચ્છેદ 81 માં કરવામાં આવ્યો છે.
- ઈંગ્લેન્ડમાં લોકસભાને House of Commons કહેવામાં આવે છે.
- શરૂઆતમાં 1954 સુધી લોકસભાને જનતાસદનના નામે ઓળખવામાં આવતું હતું.
- લોકસભાની **સૌપ્રથમ** બેઠક **13 મે, 1952**માં મળી હતી.
- તેને **નીચલુંગૃહ** અને **જનતાનું પ્રતિનિધિત્વ** કરતું ગૃહ કહેવામાં આવે છે.
- લોકસભાનું સૂત્ર (Motto) 'ધર્મચક્ર પરિવર્તનાય' છે.

## લોકસભાની રચના

## (Composition of the House of People)

ભારતીય બંધારણના **અનુચ્છેદ-81**માં **લોકસભાની રચનાનો** ઉલ્લેખ છે. જેના અનુસાર લોકસભામાં **મહત્તમ 552 સભ્યો** હોઈ શકે છે.

1. બધા **રાજ્યના કુલ પ્રતિનિધિની** સંખ્યા 530 થી વધુ ન હોવી જોઈએ.
2. બધા જ સંઘ **રાજ્ય ક્ષેત્રો–કેન્દ્રશાસિત** પ્રદેશોના પ્રતિનિધિઓની સંખ્યા 20 **થી વધુ ન હોવી જોઈએ.**
3. રાષ્ટ્રપતિના મતે **એંગ્લો ભારતીય સમુદાયનું** પ્રતિનિધિત્વ પુરતુ ન હોય તો તેઓ **અનુચ્છેદ-331** મુજબ **2 એંગ્લો ભારતીયની** નિમણૂક કરે છે.

- આમ લોકસભાની **મહત્તમ સભ્ય** સંખ્યા **552** છે. હાલમાં **545** સીટો કાર્યરત છે, જેમાથી **524** સીટો રાજ્યોનુ અને **19** સીટો **કેન્દ્રશાસિત** પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે.
- **અનુચ્છેદ–330** માં **અનુસૂચિત જાતિ** તથા **અનુસૂચિત જનજાતિને** તેમની જનસંખ્યાના પ્રમાણને આધારે લોકસભામાં અમુક સીટો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. હાલમાં અનુસૂચિત જાતિની 84 અને અનુસૂચિત જનજાતિની 47 બેઠકો લોકસભામાં અનામત છે.
- અનુસૂચિત જાતિ અને આદિજાતિના ઉમેદવાર બિન-અનામત બેઠક ઉપર પણ ચૂંટણી લડી શકે તેવી જોગવાઈ છે.
- અનુચ્છેદ–331 અંતર્ગત લોકસભામાં એંગ્લો ઈન્ડિયન જાતિની સીટ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.
- **અન્ય પછાત વર્ગો- OBCs તથા મહિલાઓ માટે અનામતની વ્યવસ્થા નથી**
- **અનુસૂચિત જાતિ ,અનુસૂચિત જનજાતિ અને એંગ્લો ઈન્ડિયન** જાતિની સીટ અનામત રાખવાના સમયગાળાનો ઉલ્લેખ અનુચ્છેદ 334માં કરવામાં આવ્યો છે.
- આ સમયગાળો 25 જાન્યુઆરી, 2020ના રોજ સમાપ્ત થતો હતો. ડિસેમ્બર, 2019માં 104મા બંધારણીય સુધારા દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને લોકસભામાં અનામત 10 વર્ષ વધારી 25 જાન્યુઆરી, 2030 સુધી લંબાવવામાં આવ્યું છે.પરંતુ, એંગ્લો ઈન્ડિયન સમુદાયના આરક્ષણના સમયગાળામાં વધારો કરવામાં આવ્યો નથી.







DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

**નોંધ :-** આ જોગવાઈ **અનુચ્છેદ-109** અનુસાર નાણાકીય ખરડા અને બંધારણીય સુધારા ખરડાને લાગુ પડશે નહિ.

Table : 31.3

**સાદો ખરડો, નાણાં ખરડો, નાણાકીય ખરડો, બંધારણીય સુધારા ખરડાની વિગતો**

| ક્રમ (No.) | વિગત (Description) | સાદો ખરડો (Ordinary Bill) | નાણાં ખરડો (Money Bill) | નાણાંકીય ખરડો (Financial Bill) | | બંધારણીય સુધારણા ખરડો (Constitution Amendment Bill ) |
|---|---|---|---|---|---|---|
| 1. | અનુચ્છેદ (Articles) | 107 & 108 | 109 & 110 | 117<br>117(1) | 117(3) | 368 |
| 2. | કયા ગૃહમાં રજૂ કરી શકાય (Introduction) | લોકસભા/ રાજ્યસભા | ફક્ત લોકસભામાં | માત્ર લોકસભા | લોકસભા/ રાજ્યસભા | લોકસભા/રાજ્યસભા |
| 3. | રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી (President Recommendation) | ના | હા | હા | ના | ના |
| 4. | સ્થગિતતા (Deadlock) | સ્થગિત કરી શકે છે. | સ્થગિત કરી શકાય નહિ. | સ્થગિત કરી શકે છે. | | સ્થગિત કરી શકાય નહિ. |
| 5. | સ્થગિતતાનું નિરાકરણ (Resolution of deadlock) | સંયુક્ત બેઠક | સંયુક્ત બેઠકની જોગવાઈ નથી. | સંયુક્ત બેઠક | | સંયુક્ત બેઠકની જોગવાઈ નથી. |
| 6. | પ્રમાણપત્રનો શેરો (Certification from) | આવશ્યક નથી | લોકસભાના અધ્યક્ષ | લોકસભાના અધ્યક્ષ | | આવશ્યક નથી |
| 7. | વિલંબ (Delay) | 6 મહિના (કોઈ પણ ગૃહ) | 14 દિવસ (રાજ્યસભા) | કોઈ સમયમર્યાદા નથી. | | કોઈ સમયમર્યાદા નથી. |
| 8. | પસાર કરવા માટેની બહુમતી (Majority for Pass) | સાદી બહુમતી | સાદી બહુમતી | સાદી બહુમતી | | સાદી બહુમતી અથવા વિશિષ્ટ બહુમતી અને રાજ્યની વિધાનસભાના $\frac{1}{2}$ થી વધુ સભ્યોની મંજૂરી |
| 9. | રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી (Approval by President ) | અત્યાંતિક વીટો, નિલંબનકારી વીટો, પોકેટ વીટો વાપરી શકે. | રાષ્ટ્રપતિ મંજૂરી આપવા માટે બંધાયેલ છે. | અત્યાંતિક વીટો, નિલંબનકારી વીટો, પોકેટ વીટો વાપરી શકે. | | રાષ્ટ્રપતિ મંજૂરી આપવા માટે બંધાયેલ છે. |

**નોંધ :** કેટલાક નાણાં ખરડા અને બંધારણીય સુધારા ખરડામાં અડધાથી વધારે રાજ્ય વિધાનમંડળની મંજૂરી જરૂરી હોય છે.

DEMO COPY

Table : 31.4

**સરકારી ખરડો અને બિનસરકારી ખરડો વચ્ચે તફાવત**

| સરકારી ખરડો (Government Bill) | બિન-સરકારી ખરડો (Private Bill) |
|---|---|
| 1. સંસદમાં મંત્રીઓ દ્વારા રજૂ કરવામાં આવે છે અને સરકારની નીતિઓને દર્શાવે છે. | 1. સંસદમાં મંત્રીઓ સિવાય અન્ય કોઈ પણ સભ્ય દ્વારા રજૂ કરી શકાય છે.તેમજ વિરોધ પક્ષના મંતવ્યને રજૂ કરે છે. |
| 2. સંસદ દ્વારા તેને પસાર થવાની પૂરી અપેક્ષા રહેલી છે. | 2. સંસદ દ્વારા પસાર થવાની ઓછી અપેક્ષા હોય છે. |
| 3. ગૃહ દ્વારા અસ્વીકૃત થવાથી સરકારને રાજીનામું આપવું પડે છે. | 3. અસ્વીકૃત થવાથી સરકારને રાજીનામું આપવું પડતું નથી. |
| 4. ગૃહમાં રજૂ કરવા માટે 7 દિવસ અગાઉથી નોટીસ આપવી પડે છે. | 4. ગૃહમાં રજૂ કરતા પહેલાં એક માસ અગાઉથી નોટીસ આપવી પડે છે. |
| 5. કાયદા વિભાગ સાથે ચર્ચા વિચારણા કરીને તેને જે તે સંબંધિત વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવે છે. | 5. સંબંધિત સભ્ય દ્વારા તેને તૈયાર કરવામાં આવે છે. |

Table : 31.5

**સાદા ખરડા અને નાણાં ખરડા વચ્ચે તફાવત**

| સાદો ખરડો (Ordinary Bill) | નાણાં ખરડો (Money Bill) |
|---|---|
| 1. સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે. | 1. સંસદના નીચલા ગૃહ (લોકસભા)માં જ રજૂ કરી શકાય છે. |
| 2. આ ખરડો સરકારના કોઈ મંત્રી દ્વારા અથવા કોઈપણ સભ્ય દ્વારા રજૂ કરી શકાય છે. | 2. આ ખરડો માત્ર સરકારના મંત્રી દ્વારા જ રજૂ કરી શકાય છે. |

# 33 રાષ્ટ્રપતિ

(President)

ભારતમાં રાષ્ટ્રપતિની બંધારણીય સ્થિતિની જોગવાઈ **બ્રિટનના બંધારણમાંથી** લેવામાં આવી છે.ભારતના રાષ્ટ્રપતિની બંધારણીય સ્થિતિ બ્રિટનના સમ્રાટ સમાન છે પરંતુ બ્રિટન સમ્રાટનું પદ વંશાનુગત હોય છે જયારે ભારતના **રાષ્ટ્રપતિ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પરોક્ષ રીતે ચૂંટાઈને નિયુક્તિ પામે છે. આ જ કારણે ભારતને પ્રજાસત્તાક ગણતંત્ર રાજ્ય કહેવાય છે.**

- ➩ સંસદીય શાસન પ્રણાલીમાં રાષ્ટ્રપતિ કારોબારીના ફકત **નામના પ્રમુખ** (Nominal Head) હોય છે જ્યારે વાસ્તવિક શકિતઓ પ્રધાનમંત્રીની અધ્યક્ષતાવાળી મંત્રીપરિષદને પ્રાપ્ત થયેલી હોય છે.
- ➩ ભારતીય બંધારણનાં **ભાગ-5 માં અનુચ્છેદ-52** હેઠળ રાષ્ટ્રપતિ પદની જોગવાઈ કરેલ છે.
- ➩ **રાષ્ટ્રપતિ ભારત સંઘના બંધારણીય વડા (Constitutional Head)** તરીકે કાર્ય કરે છે.
- ➩ **રાષ્ટ્રપતિ નામ માત્રના વડા હોય છે. (Nominal Executive) (de jure executive)**
- ➩ તેઓ ભારતનાં **પ્રથમ નાગરિક (First Citizen)** છે. આ રીતે તેઓ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના પ્રતિક સમાન છે. ઉપરાંત, તેઓ **લશ્કરની ત્રણેય પાંખોની સેનાના વડા હોય છે.** (Supreme Commander of Defense Force of India)

❑ **લાયકાત (Qualification)**

- ➩ **અનુચ્છેદ-58**માં રાષ્ટ્રપતિની લાયકાતની જોગવાઈ કરવામાં આવી છે.
- ➩ ભારતના નાગરિક હોવા જોઈએ.
- ➩ ઉંમર **ઓછામાં ઓછી 35 વર્ષ** હોવી જોઈએ.
- ➩ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવવાની લાયકાત હોવી જોઈએ.
- ➩ કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કોઈપણ લાભનાં પદ પર ન હોવા જોઈએ.

**લાભના પદ :** રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલ, સંઘ કે રાજ્યના મંત્રીને લાભનાં પદ તરીકે ગણવામાં આવશે નહિ. એટલે કે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણી લડી શકે છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાર મંડળ (Electrol College)

Table : 33.1

| ચૂંટણીમાં ભાગ લેનાર (Participate in Election) | ચૂંટણીમાં ભાગ લેતા નથી (Not to Participate in Election) |
|---|---|
| સંસદના બન્ને ગૃહોના ચૂંટાયેલા સભ્યો | સંસદના બન્ને ગૃહોના નીમાયેલા (Nominated) સભ્યો |
| રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો | રાજ્યોની વિધાનસભાના નીમાયેલા સભ્યો |
| કેન્દ્રશાસિત પ્રદેશોની **દિલ્હી અને પુડુચેરી** વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો (70મા બંધારણીય સુધારા, 1992 અનુસાર) | • **દિલ્હી, પુડુચેરી** કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના નિમાયેલા સભ્યો<br>• રાજ્યોની વિધાન પરિષદના ચૂંટાયેલા તેમજ નિમાયેલા સભ્યો<br>• જો કોઈ રાજ્યના વિધાનસભાનું વિઘટન કે વિસર્જન થાય તો તે રાજ્યના વિધાન સભ્યો |

> ✍ **નોંધ**
>
> જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિતપ્રદેશની વિધાનસભાના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકે કે નહિ તે અંગે કરવામાં આવેલ એક RTIના જવાબમાં ચૂંટણીપંચે અનુચ્છેદ-54નો સંદર્ભ લેવા જણાવ્યું હતુ.

## ચૂંટણી પ્રક્રિયા (Election Process)

- ➩ રાષ્ટ્રપતિની **ચૂંટણીની પ્રક્રિયા આયર્લેન્ડના બંધારણમાંથી** લેવામાં આવેલ છે.
- ➩ **અનુચ્છેદ-54** માં રાષ્ટ્રપતિની ચૂંટણી અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

| રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ નિર્વાચન અધિનિયમ–1952 પ્રમાણે | |
|---|---|
| **પ્રસ્તાવક** | 50 સભ્ય (સંસદના બંને ગૃહોમાંથી) |
| **સમર્થક** | 50 સભ્ય (સંસદના બંને ગૃહોમાંથી) |
| **ડીપોઝીટની રકમ** | **15000 (રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં)** |

- ➩ જો ઉમેદવાર કુલ **મતોના છઠ્ઠા ભાગના** મત પણ મેળવી ન શકે તો તેમની ડિપોઝીટ જપ્ત થશે.
- ➩ મતદાર મંડળ દ્વારા મતદાન કરવામાં આવે છે અને જે ઉમેદવાર કુલ મતોના 50% + 1 મત મેળવે તે વિજેતા જાહેર થાય છે.

$$\text{ન્યુનતમ મત} = \frac{\text{કુલ માન્ય મત}}{\text{કુલ પદ (1)} + 1} + 1$$

$$= \frac{\text{કુલ માન્ય મત}}{2} + 1$$

DEMO COPY

| | | |
|---|---|---|
| | | • નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (સુવર્ણ ચતુર્ભુજ-ગોલ્ડન ક્વોડ્રિલેટરલ) અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના તેઓની માનીતી યોજનાઓ છે.<br>• તેઓના સમયમાં ઈન્ડિયન એરલાઈન્સના વિમાનનું અપહરણ થયું હતું. વર્ષ 2001માં સંસદ ઉપર આંતકવાદી હુમલો થયેલ તથા વર્ષ 2001માં ગુજરાતમાં ગોધરાકાંડ થયેલ.<br>• તેઓએ શિક્ષણમાં સુધારો લાવવા વર્ષ 2001 માં સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરી હતી.<br>• તેમના જન્મદિવસ 25 ડિસેમ્બરને **સુશાસન દિવસ** તરીકે મનાવવામાં આવે છે. |
| 17. | ડો.મનમોહન સિંહ<br>(2004-2014) | • તેઓ ભારતના સૌપ્રથમ શીખ વડાપ્રધાન હતા.<br>• તેઓએ વર્ષ 1982 થી 1985 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકના ગર્વનર પદે કાર્ય કરેલ હતું.<br>• તેઓએ વર્ષ 1985-1987 દરમિયાન આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે સેવા આપેલ હતી.<br>• તેઓના કાર્યકાળમાં વર્ષ 2005માં રાઈટ ટુ ઈન્ફર્મેશન (RTI) કાયદો અમલી બન્યો.<br>• તેઓના કાર્યકાળમાં વર્ષ 2005માં સરકારે સેલ્સ ટેકસના સ્થાને વેલ્યુ એડેડ ટેક્સ (VAT)ની શરૂઆત કરી હતી.<br>• તેઓના કાર્યકાળમાં વર્ષ 2008મા મુંબઈમાં થયેલ આંતકવાદી હુમલાના કારણે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (NIA) ની રચના કરવામાં આવી.<br>• તેઓના કાર્યકાળમાં ફેબ્રુઆરી 2009માં યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. જે અંતર્ગત મલ્ટી પર્પઝ નેશનલ આઈડેન્ટિટી કાર્ડ એટલે આધાર કાર્ડની શરૂઆત થયેલ. |
| 18. | નરેન્દ્ર મોદી<br>(2014 થી અત્યાર સુધી) | • તેઓ સ્વતંત્ર ભારતમાં જન્મ્યાં હોય તેવા પ્રથમ વડાપ્રધાન છે.<br>• તેઓ વર્ષ 1985 પછી સ્પષ્ટ બહુમતીથી ચૂંટનારા બીજા અને ગુજરાત મૂળના બીજા વડાપ્રધાન છે.<br>• તેઓએ પોતાના કાર્યકાળ દરમિયાન પ્રધાનમંત્રી જનધન યોજના, ડિજિટલ ઈન્ડિયા સ્કીમ, ઉજાલા યોજના, ઉજ્જવલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન, મેક ઈન ઈન્ડિયા, મુદ્રા(MUDRA) યોજના,PM-કિસાન, આત્મનિર્ભર ભારત યોજના જેવી અનેક યોજનાઓ જાહેર કરેલ છે.<br>• તેમણે રૂા. 500 ની અને રૂા. 1000 ની નોટોનું વિમુદ્રીકરણ (Demonetization) કર્યુ હતું.<br>• 1 જુલાઈ, 2017 થી GST (વસ્તુ અને સેવા કર) નું અમલીકરણ.<br>• તેમના કાર્યકળ દરમિયાન NCBCને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.<br>• બિન–કોંગ્રેસી વડાપ્રધાન તરીકે સૌથી લાંબો સમય સુધી રહેનાર |

DEMO COPY

### અગત્યના તથ્યો

- પંડિત જવાહરલાલ નહેરૂ, લાલ બહાદુર શાસ્ત્રી અને ઈન્દિરા ગાંધી વડાપ્રધાન પદ દરમિયાન મૃત્યુ પામ્યા હતા.
- લાલબહાદુર શાસ્ત્રીનું મૃત્યુ 11 જાન્યુઆરી, 1966 ના રોજ ભારતની બહાર તાશકંદમાં થયું હતું.
- ગુલઝારીલાલ નંદાએ જવાહરલાલ નહેરુ અને લાલ બહાદુર શાસ્ત્રીના મૃત્યુબાદ 2 વાર ભારતના કાર્યકારી પ્રધાનમંત્રી બન્યા હતા.
- મોરારજી દેસાઈ રાજીનામા દ્વારા પદ છોડનાર સૌપ્રથમ વડાપ્રધાન હતા.
- મોરારજી દેસાઈ પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા.
- લોકસભામાં ચૂંટણી હારનાર પ્રથમ વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધી હતા.
- દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધી હતા.
- સૌથી નાની ઉંમરના વડાપ્રધાન રાજીવગાંધી અને સૌથી મોટી ઉંમરના વડાપ્રધાન મોરારજી દેસાઈ હતા.
- ભારતના ચાર વડાપ્રધાન કે જેઓ રાજ્યસભાના સભ્ય હોવાની સાથે વડાપ્રધાન બન્યા. ઈન્દિરા ગાંધી, ઈન્દ્રકુમાર ગુજરાલ, એચ.ડી.દેવગૌડા, ડો.મનમોહન સિંહ
- રાજીવગાંધી (1984) અને મનમોહનસિંહ (2004) પ્રથમ વખત વડાપ્રધાન બન્યા ત્યારે કોઈપણ ગૃહના સભ્ય ન હતા.
- અટલ બિહારી વાજપેયી એકમાત્ર વડાપ્રધાન કે જેમની સરકાર લોકસભામાં એક મતથી હારી.
- સૌ પ્રથમવાર અવિશ્વાસની દરખાસ્ત જવાહરલાલ નહેરૂ વિરૂદ્ધ લાવવામાં આવી હતી.
- ચૌધરી ચરણસિંહે અને અટલ બિહારી વાજપેયી બંને એવા વડાપ્રધાન હતા જેઓએ લોકસભામાં વિશ્વાસનો મત મેળવ્યા પહેલા જ રાજીનામું આપી દીધેલ હતું.
- વિશ્વાસનો મત મેળવવામાં અસફળ રહેનાર પ્રથમ વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપસિંહ હતા.
- ચૌધરી ચરણસિંહ એકમાત્ર વડાપ્રધાન કે જેમણે સંસદ (લોકસભા)નો સામનો કર્યો ન હતો.
- ઈન્દિરા ગાંધીના મૃત્યુબાદ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંહે રાજીવ ગાંધીની કાર્યકારી વડાપ્રધાન તરીકે નિમણૂક કરી નહી પરંતુ શાસક પક્ષ કોંગ્રેસની સર્વસંમતિથી ચૂટાયા બાદ તેમને પ્રધાનમંત્રી તરીકે નિમણૂક કરી.

**(જો વડાપ્રધાનનું ચાલુ કાર્યકાળ દરમિયાન મૃત્યુ થાય તો જો શાસક પક્ષ પોતાના નવા ઉમેદવારને વડાપ્રધાન તરીકે ચૂંટે તો રાષ્ટ્રપતિ તે ઉમેદવારને વડાપ્રધાન તરીકે નિમણૂક કરવા માટે બંધાયેલા છે.)**

## બજેટ પસાર કરવાની પ્રક્રિયા
(Procedure to Passed Budget)




YUVA UPANISHAD PUBLICATION
DEMO COPY

**દિલ્હી સમજૂતી**

- ઈ.સ.1952માં ભારત સરકાર અને જમ્મુ–કાશ્મીર રાજ્ય વચ્ચે ભવિષ્યમાં તેમનાં સંબંધો મજબૂત કરવાના હેતુસર જમ્મુ–કાશ્મીર રાજ્યના પ્રધાનમંત્રી શેખ અબ્દુલ્લા અને ભારતના પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ દ્વારા દિલ્હીમાં એક સમજૂતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં જેને જમ્મુ–કાશ્મીરની વિધાનસભામાં ઈ.સ. 1954માં પસાર કરવામાં આવી હતી. તેને દિલ્હી સમજૂતી તરીકે ઓળખવામાં આવે છે.

## અનુચ્છેદ-35A

અનુચ્છેદ-35A એ અનુચ્છેદ-370નો જ એક ભાગ હતો જે જમ્મુ–કાશ્મીરને રાજ્યના રૂપમાં વિશેષ દરજ્જો આપતો હતો. અનુચ્છેદ-35A ને **14 મે, 1954**ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદના આદેશથી ભારતના બંધારણમાં સમાવવામાં આવ્યો હતો પરંતુ આ અનુચ્છેદને બંધારણીય સુધારા માટેના અનુચ્છેદ-368 મુજબ બંધારણમાં સુધારો કરીને દાખલ કરવામાં **આવ્યો ન હતો.**

⇨ વર્ષ 1956માં જમ્મુ–કાશ્મીરના બંધારણમાં 'સ્થાયી નિવાસી'ની વ્યાખ્યા કરતાં અનુચ્છેદ–35A મુજબ એવી જોગવાઈ કરવામાં આવી કે જે લોકો 14 મે, 1954ના રોજ જમ્મુ–કાશ્મીર રાજ્યનો ભાગ હતા અથવા છેલ્લા 10 વર્ષોથી રાજ્યમાં વસવાટ કરતા હતા અને કાનૂની રૂપથી રાજ્યમાં સ્થાવર સંપત્તિ ધરવતા હતા તે રહેવાસીઓને જમ્મુ–કાશ્મીર રાજ્યના સ્થાયી નિવાસીઓ માનવામાં આવ્યા હતા.

⇨ અનુચ્છેદ 35A મુજબ,

- જે વ્યકિતનો જન્મ જમ્મુ–કાશ્મીરમાં થયો હોય, તે વ્યકિત જ જમ્મુ–કાશ્મીરનો નાગરિક બની શકતો હતો.
- જમ્મુ–કાશ્મીરની કોઈ મહિલા રાજ્ય બહારના અન્ય કોઈ પુરૂષ સાથે લગ્ન કરે તો તેના જમ્મુ–કાશ્મીર રાજ્યના બધા અધિકાર નાબૂદ થઈ જતા હતા, સાથે–સાથે તેમના બાળકોના પણ બધા અધિકાર નાબૂદ થઈ જતા હતા.

⇨ આ અનુચ્છેદ જમ્મુ–કાશ્મીરની વિધાનસભાને અધિકાર આપતા હતા કે રાજ્યના સ્થાયી નાગરિક તરીકે કોને રાખી શકાય તે નક્કી કરી શકે, તેઓને જ રાજ્યમાં સંપત્તિ રાખવાનું, સરકારી નોકરી મેળવવાનું તથા વિધાનસભાની ચૂંટણી લડવાનું તેમજ મત આપવાનો અધિકાર રહેતો હતો. આ અનુચ્છેદ મુજબ રાજ્ય બહારની કોઈ વ્યકિતને અહીં સંપત્તિ ખરીદી શકતા નહી, સ્થાયી રૂપે વસવાટ કરી શકે નહીં અને રાજ્યની સરકારી નોકરી મળી શકે નહીં. જમ્મુ–કાશ્મીરની વિધાનસભાને આ શકિત પ્રાપ્ત હતી કે તે $^2/_3$ બહુમતીની સાથે 'સ્થાયી નિવાસી' ની વ્યાખ્યામાં સંશોધન કરી શકે.

## અનુચ્છેદ–370 ની જોગવાઈ

**અનુચ્છેદ 370** : જમ્મુ અને કાશ્મીર રાજ્ય અંગે કામચલાઉ જોગવાઈઓ

⇨ **અનુચ્છેદ 370 (1)(a)** : ભારતીય બંધારણનો અનુચ્છેદ – 238 જમ્મુ–કાશ્મીરને લાગુ પડશે નહિ. (પરંતુ 7મા બંધારણીય સુધારા,1956 દ્વારા અનુચ્છેદ 238 અને પ્રથમ અનુસૂચિના ભાગ–ખ ના રાજ્યો રદ કરવામા આવ્યા હતા. આથી આ જોગવાઈનું કોઈ મહત્વ નથી.)

⇨ **અનુચ્છેદ 370 (1)(b)** : જમ્મુ–કાશ્મીર રાજ્ય માટે કાયદો બનાવવા માટે સંસદની સત્તા

(i) સંઘ અને સમવર્તી સૂચિમાં નોંધાયેલા એ વિષયો જેમનો ઉલ્લેખ વિલયપત્રમાં કરવામાં આવ્યો છે, સંસદ દ્વારા તે જ વિષયો પર કાયદો બનાવી શકાય છે. કોઈપણ વિષય વિલયપત્રમાં સમાવેલ વિષયનો ભાગ છે કે નહિં તેનો નિર્ણય રાષ્ટ્રપતિ જમ્મુ–કાશ્મીર સરકાર સાથે પરામર્શ (Consultation) દ્વારા કરશે.

(ii) સંસદ આ સિવાયના અન્ય તે જ વિષયો ઉપર જમ્મુ–કશ્મીર માટે કાયદા બનાવી શકે છે જે માટે રાષ્ટ્રપતિ જમ્મુ–કાશ્મીર સરકારની સહમતિથી, હૂકમ દ્વારા નિર્દિષ્ટ કરે.

⇨ **અનુચ્છેદ 370 (1)(c)** – ભારતના બંધારણના અનુચ્છેદ–1 અને 370 ની જોગવાઈઓ જમ્મુ–કશ્મીરને લાગુ પડશે.

⇨ **અનુચ્છેદ 370 (1)(d) – ભારતના બંધારણની અન્ય જોગવાઈઓને અપવાદો અને સુધારાઓ સાથે ભારતના રાષ્ટ્રપતિ આદેશ દ્વારા જમ્મુ–કશ્મીરમાં લાગુ કરી શકે.**

⇨ જો આ જોગવાઈઓ વિલયપત્રમાં ઉલ્લેખિત બાબત હોય કે ન હોય, રાષ્ટ્રપતિ રાજ્ય સરકાર સાથે પરામર્શ કર્યા વગર આદેશ આપી શકે નહિ.

⇨ **અનુચ્છેદ 370 (2)** : અનુચ્છેદ 370(1)(b) ની પેટાકલમ (i) અથવા અનુચ્છેદ 370(1)(d) અંતર્ગત આવતી રાજ્ય સરકારની સહમતિ જો રાજ્યની સરકારે **જમ્મુ–કશ્મીરની બંધારણસભાની** બેઠક પહેલા આપેલ હોય તો તેને બંધારણસભા સમક્ષ રજૂ કરવાની રહેશે. બંધારણસભા તે સહમતિ અંગે આખરી નિર્ણય લેશે.

⇨ **અનુચ્છેદ 370 (3)** ભારતના રાષ્ટ્રપતિ કોઈ જાહેરનામાં (Public notification) દ્વારા જાહેર કરી શકે છે કે આ અનુચ્છેદનો અમલીકરણ થશે કે નહિ અથવા આ અનુચ્છેદ અપવાદો કે સુધારાઓ સાથે તથા આ તારીખથી લાગુ પડશે.

⇨ પરંતુ આવું જાહેરનામું બહાર પાડવા માટે રાષ્ટ્રપતિ પાસે અનુચ્છેદ–370(2) દર્શાવેલ જોગવાઈ મુજબ જમ્મુ–કશ્મીરની બંધારણસભાની ભલામણ હોવી જોઈએ.

## અનુચ્છેદ–370 અંતર્ગત આવેલ અમૂક જોગવાઈઓની નાબૂદી

જૂન, 2018માં જમ્મુ–કશ્મીરમાં તેના બંધારણ હેઠળ રાજ્યપાલ શાસન લાદવામાં આવ્યું. ત્યારબાદ ડિસેમ્બર, 2018માં ત્યાં ભારતના બંધારણ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. **અનુચ્છેદ–356(1)(b)** મુજબ કોઈપણ રાજ્યમાં **રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્યના વિધાનમંડળની સત્તા સંસદ વાપરી શકે છે** તેથી જમ્મુ–કશ્મીરની વિધાનસભાની બધી જ સત્તાઓ ભારતની સંસદને સોંપવામાં આવી.

⇨ ડિસેમ્બર, 2018 થી લગાવવામાં આવેલ રાષ્ટ્રપતિ શાસન ઓગસ્ટ, 2019સુધી લાગુ હતું

⇨ કેન્દ્રીય કેબિનેટના નિર્ણય બાદ ગૃહમંત્રી અમિત શાહ દ્વારા રાજ્યસભામાં બે ઠરાવ અને બે વિધેયક રજૂ કરવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

1. **'બંધારણ (જમ્મુ અને કાશ્મીર પર લાગુ) આદેશ, 2019'** જે અનુચ્છેદ 370 (1) અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિએ બંધારણ

YUVA UPANISHAD PUBLICATION DEMO COPY

(જમ્મુ અને કાશ્મીર પર લાગુ) આદેશ, 1954 ને રદ્દ કરવા માટે જાહેર કરવામાં આવ્યું.

2. અનુચ્છેદ 370 (3) અંતર્ગત બંધારણની અનુચ્છેદ 370 ને રદ કરવા માટેનો ઠરાવ

3. બંધારણના અનુચ્છેદ 3 અંતર્ગત **'જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન વિધેયક 2019'** **(Jammu and Kashmir Reorganisation Bill, 2019)** રજૂ કરવામાં આવ્યું.

4. જમ્મુ–કાશ્મીર અનામત (બીજો સુધારો) વિધેયક, 2019

⇨ 5 ઓગસ્ટ, 2019ના રોજ જમ્મુ-કાશ્મીર સરકારની સહમતિથી રાષ્ટ્રપતિએ બંધારણના **અનુચ્છેદ 370(1)(d)** અંતર્ગત એક રાષ્ટ્રપતિ આદેશ (Presidential Order) બહાર પાડયો. આ આદેશનું નામ બંધારણ (જમ્મુ–કાશ્મીર પર લાગુ) આદેશ, 2019 હતું. આ આદેશે 1954ના વર્ષના આદેશનું સ્થાન લઈ લીધું. જેથી 1954ના આદેશથી ઉમેરવામાં આવેલ **અનુચ્છેદ-35A આપમેળે નાબૂદ** થયેલ ગણાશે.

⇨ આ આદેશ દ્વારા અનુચ્છેદ 367 માં પણ સંશોધન કરવામાં આવ્યું અને તેમાં અનુચ્છેદ 367(4) ઉમેરવામાં આવ્યો. આ અનુચ્છેદમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી.

i. ભારતના બંધારણની બધી જ જોગવાઈઓ જમ્મુ–કાશ્મીર રાજ્યમાં લાગુ થશે.

ii. જે વ્યકિતને રાજ્યની વિધાનસભાની ભલામણ પર રાષ્ટ્રપતિ દ્વારા જમ્મુ–કાશ્મીરના સદર–એ–રિયાસત પદ પર નિયુકત કરવામાં આવ્યા છે, જે રાજ્યની મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરે છે, હવે તેમને આપેલ નિર્દેશોને જમ્મુ–કાશ્મીરના રાજ્યપાલ માટેના નિર્દેશ માનવામાં આવશે.

iii. જમ્મુ–કશ્મીરના સંદર્ભમાં જ્યાં લખાયું હોય કે 'રાજ્યપાલે મંત્રીપરિષદની સલાહ મુજબ વર્તવું' ત્યાં મંત્રીપરિષદની સલાહનો ઉલ્લેખ કાઢી નાંખવો.

iv. જ્યાં અનુચ્છેદ 370(2) માં બંધારણ સભાનો ઉલ્લેખ છે તેને **રાજ્યની વિધાનસભા** વાંચવુ.

⇨ ઉપરોકત આદેશ દ્વારા ભારતના બંધારણની બધી જ જોગવાઈઓ જમ્મુ–કાશ્મીર રાજ્યમાં લાગુ કરી દેવાઈ.

⇨ 6 ઓગસ્ટ, 2019ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા **'બંધારણના અનુચ્છેદ 370(3) ને આધીન ઘોષણા'** નામનો બીજો આદેશ બહાર પાડવામાં આવ્યો.

⇨ આ આદેશ મુજબ સંસદની ભલામણથી રાષ્ટ્રપતિએ બંધારણના **અનુચ્છેદ 370(3) નો ઉપયોગ કરી અનુચ્છેદ 370(1) સિવાયની અનુચ્છેદ 370 ની તમામ જોગવાઈ રદ કરવાની જાહેરાત કરી.**

⇨ તથા અનુચ્છેદ 370(1) માં જોગવાઈ કરવામાં આવી કે 'બંધારણ વખતે- વખતે જેમ સુધારેલ છે, તેની બધી જોગવાઈઓ કોઈપણ સુધારા અથવા અપવાદોની અનુચ્છેદ–152 અથવા અનુચ્છેદ–308 અથવા બંધારણના કોઈ અન્ય અનુચ્છેદ અથવા જમ્મુ–કાશ્મીરના બંધારણની કોઈ અન્ય જોગવાઈ અથવા કોઈ પદ્ધતિ, દસ્તાવેજ, નિર્ણય, વટહુકમ, આદેશ, ઉપવિધિ, નિયમ, વિનિયમ, અધિસૂચના અથવા ભારતના રાજ્ય ક્ષેત્રમાં અધિકારાત્મક રૂઢિ અથવા પ્રથા અથવા કોઈ અન્ય લેખિત, સંધિ અથવા કરાર જે અનુચ્છેદ–363ને આધિન છે, તેવી કોઈપણ વાત **જમ્મુ–કાશ્મીર રાજ્યને લાગુ થશે.**

⇨ 5 ઓગસ્ટ ,2019ના રોજ ગૃહમંત્રી અમિત શાહ દ્વારા બંધારણના અનુચ્છેદ 3 અંતર્ગત **'જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન વિધેયક 2019'** **(Jammu and Kashmir Reorganisation Bill, 2019)** રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું અને તે જ દિવસે આ વિધેયક રાજ્યસભામાંથી પસાર થયુ તથા 6 ઓગસ્ટ,2019ના રોજ લોકસભામાંથી પસાર થયું.

⇨ 9 ઓગસ્ટ, 2019ના રોજ આ વિધેયકને રાષ્ટ્રપતિની મંજૂરી મળતા 31 ઓકટોબર 2019થી **'જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ 2019'** અમલમાં આવ્યો. આમ, અનુચ્છેદ 370(1) સિવાયની અનુચ્છેદ 370 નાબૂદ કરવામાં આવી.

**નોંધ :** આ પહેલાં આવી જ રીતે વર્ષ 1952 અને 1962 માં અનુચ્છેદ 370 માં સુધારો કરવામાં આવ્યો હતો.

## જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019




⇨ ઓગસ્ટ, 2019માં જમ્મુ–કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતા બંધારણના અનુચ્છેદ 370 ના અનુચ્છેદ 370 (1) સિવાયની અન્ય જોગવાઈઓ નાબૂદ કરવામાં આવી અને જમ્મુ–કાશ્મીર રાજ્યના બે ભાગ પાડી જમ્મુ–કાશ્મીર અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે દરજ્જો આપતા **'જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન વિધેયક 2019'** **(Jammu and Kashmir Reorganisation Bill, 2019)**ને સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

⇨ આ વિધેયક લોકસભા અને રાજ્યસભામાંથી પસાર થયા જેથી જમ્મુ–કાશ્મીરના રાજ્ય તરીકેના અસ્તિત્વનો અંત આવી ગયો છે. હવે **જમ્મુ કાશ્મીર** અને **લદ્દાખ** બંને અલગ અલગ કેન્દ્રશાસિત પ્રદેશ ગણાય છે. બંને કેન્દ્રશાસિત પ્રદેશના વડા જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન વિધેયક, 2019 અંતર્ગત લેફ્ટનન્ટ ગવર્નર રહેશે.

**✍ નોંધ**

- જમ્મુ અને કાશ્મીર પ્રથમ એવું રાજ્ય છે કે જેને રાજ્યમાંથી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યું હોય.
- 26 મી જાન્યુઆરી 2020 ના રોજ ભારતના બે કેન્દ્રશાસિત પ્રદેશ દીવ અને દમણ તથા દાદરા નગર હવેલીનું એકીકરણ થતાં દીવ–દમણ અને દાદરા નગર હવેલી નામનો નવો કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો છે. તેના કારણે દેશના કેન્દ્રશાસિત પ્રદેશોની સંખ્યા 8 થઈ છે.

DEMO COPY

### ❒ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના ઉપરાજ્યપાલ વિશે

➪ રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના **અનુચ્છેદ-239** હેઠળ પોતાના અધિકારનો ઉપયોગ કરીને, બે નવા રચાયેલા કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ કાશ્મીર અને લદ્દાખ માટે નવા ઉપરાજ્યપાલ (Lieutenant Governor) ની નિમણૂક કરી.

Table : 51.2

| ક્રમ | કેન્દ્ર શાસિત પ્રદેશ | પ્રથમ ઉપરાજ્યપાલ | શપથ અપાવનાર |
|---|---|---|---|
| 1. | જમ્મુ–કાશ્મીર | ગિરિશચંદ્ર મુર્મુ (Oct-2019 થી Aug-2020) | ગીતા મિતલ (જમ્મુ–કાશ્મીર હાઈકોર્ટના ચીફ જસ્ટીસ) |
| 2. | લદ્દાખ | રાધાકૃષ્ણ માથુર | |

## જમ્મુ-કાશ્મીરમાં 31 ઓક્ટોબર, 2019 બાદ આવેલા ઐતિહાસિક બદલાવ

1. જમ્મુ–કાશ્મીરનો રાજ્ય તરીકેનો દરજ્જો નાબૂદ, જમ્મુ–કાશ્મીર અને લદ્દાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે.
2. જમ્મુ કાશ્મીર વિધાનસભા સાથેનો અને લદ્દાખ વિધાનસભા વગરનો કેન્દ્રશાસિત પ્રદેશ રહેશે.
3. રાજ્યપાલના સ્થાને હવે બંને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉપરાજ્યપાલ રહેશે જે સીધા કેન્દ્રને જવાબદાર રહેશે.
4. હાલ બંને કેન્દ્રશાસિત પ્રદેશની હાઈકોર્ટ એક જ રહેશે. પરંતુ એડવોકેટ જનરલ અલગ અલગ રહેશે.
5. સરકારી કર્મચારીઓની નિયુક્તિ માટે પસંદગીનો પ્રદેશ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.
6. કેન્દ્ર સરકારની યોજનાઓની સાથે કેન્દ્રીય માનવ અધિકાર કાયદા, માહિતી અધિકાર કાયદા, એનિમી પ્રોપર્ટી (Enemy Property) એક્ટ, 1968 જાહેર સંપત્તિને નુકસાન અટકાવતા કાયદા પણ અમલમાં આવશે.
7. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની વિધાનસભાનો કાર્યકાળ હવે 6 વર્ષના સ્થાને 5 વર્ષ રહેશે, વિધાનસભામાં એસસી–એસટી માટેની બેઠકો અનામત રહેશે.
8. હવે જમ્મુ કાશ્મીરમાં મંત્રીઓની કુલ સંખ્યા ધારાસભ્યોની સંખ્યાના 10% કરતાં વધુ રહેશે નહી.
9. જમ્મુ કાશ્મીરમાં હવે વિધાનપરિષદનું અસ્તિત્વ રહેશે નહિ.
10. હવે ચૂંટણી પંચ જમ્મુ કાશ્મીરમાં સીમાંકનની કાર્યવાહી શરૂ કરી શકશે.
11. રેડિયો કાશ્મીરનો અંત આવશે, હવે ઓલ ઈન્ડિયા રેડિયો જમ્મુ કાશ્મીર તરીકે ઓળખાશે.
12. જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં CRPC અને IPC અંતર્ગત કેસો નોંધાશે, અગાઉ RPC (રણબીર પીનલ કોડ) અંતર્ગત પોલીસ કાર્યવાહી થતી હતી.
13. જમ્મુ કાશ્મીરમાં ઘણા સમયથી રાહ જોઈ રહેલા પશ્ચિમ પાકિસ્તાન ના લોકો, વાલ્મિકી સમાજ, ગોરખા સહિતના નિરાશ્રીતોને નાગરિકતા મળશે. બહારના રાજ્યમાં લગ્ન કરનાર કાશ્મીરી યુવતીઓ નાગરિકતા ગુમાવશે નહીં.

DEMO COPY
DIGITAL PUBLICATION

Table : 51.3

| જમ્મુ-કાશ્મીરની પહેલાની અને હાલની સ્થિતિ | | | |
|---|---|---|---|
| | જમ્મુ–કાશ્મીરની પહેલાંની સ્થિતિ | | જમ્મુ–કાશ્મીરની હાલની સ્થિતિ |
| 1. | જમ્મુ–કાશ્મીરને પોતાનું અલગ બંધારણ હતું. | 1. | હવે ત્યાં ભારતનું બંધારણ લાગુ પડશે. |
| 2. | જમ્મુ–કાશ્મીરનો પોતાનો અલગ ઝંડો હતો. સરકારી ઑફિસ પર તિરંગા સાથે રાજ્યનો ધ્વજ પણ ફરકાવાતો હતો. | 2. | જમ્મુ–કાશ્મીરનો અલગ ઝંડો નહીં હોય. |
| 3. | જમ્મુ–કાશ્મીરના લોકો પાસે બેવડી નાગરિકતા હતી. રાજ્યમાં વોટનો અધિકાર ફક્ત અહીંના કાયમી નાગરિકોનો હતો. બીજા રાજ્યોના લોકો અહીં મતદાન કરી શકતા ન હતા. અને ન તો ચૂંટણી લડી શકતા હતા. | 3. | બેવડી નાગરિકતા રદ અને દેશનો કોઈ પણ નાગરિક અહીં મતદાર કે ચૂંટણી ઉમેદવાર બની શકશે. |
| 4. | રાજ્ય બહારના લોકો જમ્મુ–કાશ્મીરમાં સંપત્તિ ખરીદી કાયમી રૂપે વસી શકતા નહોતા. બહારના લોકો સરકારી નોકરી કે વ્યવસાય પણ કરી શકતા ન હતા. | 4. | રાજ્ય બહારના લોકો જમ્મુ–કાશ્મીરમાં સંપત્તિ ખરીદી કાયમી રૂપે વસવાટ કરી શકશે. બહારના લોકો સરકારી નોકરી કે વ્યવસાય પણ કરી શકશે. |
| 5. | અહીંયા માહિતીનો અધિકાર, શિક્ષણનો અધિકાર લાગુ ન હતો, અહીંયા કેગ (CAG) દ્વારા ઓડિટ જેવા કાયદા લાગુ ન હતા. | 5. | માહિતીનો અધિકાર, શિક્ષણનો અધિકાર અને કેગ (CAG) દ્વારા ઓડિટ જેવા કાયદા જમ્મુ–કાશ્મીરમાં પણ લાગુ થશે. |
| 6. | સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદા લાગુ પડતાં ન હતાં. | 6. | સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા કાયદા લાગુ પડશે. |
| 7. | આર્ટિકલ 370 હેઠળ સંસદને જમ્મુ–કાશ્મીરના સંરક્ષણ, વિદેશી બાબતો અને સંચાર માધ્યમો અંગે કાયદા બનાવવાનો અધિકાર હતો. | 7. | જમ્મુ–કાશ્મીરનો વિશેષ રાજ્યનો દરજ્જો રદ થયો. દરેક બાબતો પર સંસદને કાયદા બનાવવાના અધિકારો મળશે. |
| 8. | જમ્મુ–કાશ્મીરમાં બંધારણનો અનુચ્છેદ 356 લાગુ થતો નહોતો. રાષ્ટ્રપતિ પાસે રાજ્ય સરકારને બરતરફ કરવાનો અધિકાર ન હતો. રાજ્યપાલ શાસન લગાવાતું હતું. | 8. | હવે ભારતીય બંધારણના અનુચ્છેદ 356 હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાશે. |

# કેટલાક રાજ્યો અંગે વિશેષ જોગવાઈ




## મહારાષ્ટ્ર અને ગુજરાત

**અનુચ્છેદ -371** અંતર્ગત મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય સંબંધી ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
7મા બંધારણીય સુધારા અધિનિયમ 1956 દ્વારા મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય સંબંધી ખાસ જોગવાઈ દાખલ કરવામાં આવી છે.
A : વિદર્ભ, મરાઠાવાડ, સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના બાકીના વિસ્તારોના વિકાસ માટે જુદા જુદા વિકાસ બોર્ડની રચના અને તેમના દરેક બોર્ડના કામકાજનો રિપોર્ટ દર વર્ષે રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવે.
B : રાજ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ નાણાંની વહેંચણી કરવી.
C : સમગ્ર રાજ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને તમામ વિસ્તારોમાં તકનિકી શિક્ષણ, વ્યવસાય અને તાલીમ માટે પૂરતી સગવડો અને રાજ્ય સરકારની નિયંત્રણ હેઠળની સેવાઓમાં નોકરી માટેની પૂરતી તકોની જોગવાઈ કરતી ન્યાયવ્યવસ્થા.

## ગોવા

**અનુચ્છેદ-371(I)** અંતર્ગત ગોવા રાજ્ય માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
56મા બંધારણીય સુધારા અધિનિયમ 1987 દ્વારા આ અનુચ્છેદ ઉમેરવામાં આવી છે.

## કર્ણાટક

**અનુચ્છેદ-371(J)** અંતર્ગત કર્ણાટક અને હૈદરાબાદ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
98મા બંધારણીય સુધારા અધિનિયમ 2012 દ્વારા આ અનુચ્છેદ ઉમેરવામાં આવી છે.

## સિક્કિમ

**અનુચ્છેદ-371(F)** અંતર્ગત સિક્કિમ રાજ્ય માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
વર્ષ 1974માં 35મા બંધારણીય સુધારા દ્વારા સિક્કિમને ભારત સંઘમાં રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.
36મો બંધારણીય સુધારો 1975માં અનુચ્છેદ 371(F) ઉમેરી તેને વિશેષ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

## અરૂણાચલપ્રદેશ

**અનુચ્છેદ-371(H)**

## અસમ

**અનુચ્છેદ-371(B)** અંતર્ગત અસમ રાજ્ય માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
આ અનુચ્છેદ 22મા બંધારણીય સુધારા 1969 દ્વારા દાખલ કરવામાં આવી છે.

## નાગાલેન્ડ

**અનુચ્છેદ 371(A)** અંતર્ગત નાગાલેન્ડ રાજ્ય માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
આ અનુચ્છેદ 13મા બંધારણીય સુધારા 1962 દ્વારા દાખલ કરવામાં આવી છે.

## મણીપુર

**અનુચ્છેદ-371(C)**

## આંધ્રપ્રદેશ

**અનુચ્છેદ-371(D) અને 371(E)**

## મિઝોરમ

**અનુચ્છેદ-371(G)** અંતર્ગત મિઝોરમ રાજ્ય માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.
ઉત્તર-પૂર્વ ક્ષેત્રો પુનઃરચના અધિનિયમ 1971ના આધાર પર મિઝોરમને 1972માં અસમથી અલગ કરીને સંઘરાજ્ય ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ) બનાવવામાં આવ્યું.
વર્ષ 1986માં ભારત સરકાર તથા લાલડેંગા નીતિ (મિઝો નેશનલ ફ્રન્ટ) વચ્ચે થયેલા કરારના પરિણામ સ્વરૂપે મિઝોરમને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.
53મા બંધારણીય સુધારા 1986 દ્વારા અનુચ્છેદ 371(G) ઉમેરવામાં આવી.

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

YUVA UPNISHAD
PUBLICATION

રંગીન આવૃત્તિ

# ભારતનો સાંસ્કૃતિક વારસો

## Latest 2020 Fifth Edition




Pg: 435 ₹ 380

### પુસ્તકની વિશેષતાઓ

- ઘણા પ્રકરણોનું પુનઃલેખન
- દ્રશ્યકળા, પ્રદર્શનકળા, ભારતીય સંસ્કૃતિ તથા વિવિધ પાસાઓના પ્રકરણોનું વર્ગીકરણ
- ટેબલ, ચાર્ટ અને ચિત્રો દ્વારા વિષયવસ્તુની સરળ સમજૂતી
- રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના (GCERT અને NCERT) દ્વારા પ્રકાશિત નવા પાઠ્યપુસ્તકો તથા વિવિધ આધારભૂત સ્ત્રોત આધારિત પરીક્ષાલક્ષી વિષયવસ્તુની વર્ણનાત્મક રજૂઆત
- GPSCના અભ્યાસક્રમ મુજબ પરંપરાગત વિષયો સાથે નવા મુદ્દાઓનો સમાવેશ
- અગાઉની પરીક્ષામાં પુછાયેલા તેમજ મહાવરા માટેના 600થી વધુ હેતુલક્ષી પ્રશ્નોનો સમાવેશ
- અગાઉની મુખ્ય પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોનો સમાવેશ


YUVA UPNISHAD
PUBLICATION

2nd Floor, Ankur Shopping Center,
Near Gujarat Gas Circle,
Adajan, Surat. Mo: 99094 49289


**Follow us on :**

/ Yuva Upnishad Foundation

| ADAJAN | UDHNA | NAVSARI | VALSAD | VYARA | GODHRA | JUNAGADH |
|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 90994 42310 | 99094 39971 | 74348 39380 | 74054 97591 | 88662 51051 |

### Fourth Judges Case

ફોર્થ જજીસ કેસ રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ (NJAC- National Judicial Appointments Commission) ની રચના સાથે સંકળાયેલ છે.

**રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ (NJAC) વિશે**

- **99મો બંધારણીય સુધારા અધિનિયમ-2014** દ્વારા સર્વોચ્ચ અને વડી અદાલતના ન્યાયાધીશની નિમણૂક માટેની કોલેજિયમ પ્રણાલીનું સ્થાન NJAC એ લીધું હતું.
- પરંતુ વર્ષ 2015માં સર્વોચ્ચ અદાલતે 99મો બંધારણીય સુધારા અધિનિયમ (NJAC) ને **ગેરબંધારણીય** જાહેર કર્યું. તેથી જૂની કોલેજીયમ પ્રણાલી ફરી કાર્યરત થઈ.જેને ન્યાયિક સમીક્ષાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણી શકાય.
- સર્વોચ્ચ અદાલતના મંતવ્ય મુજબ ન્યાયાધીશની નિમણૂક માટેની NJAC પ્રણાલી ન્યાયતંત્રની સ્વતંત્રતાને પ્રભાવિત કરતી હતી.

**ન્યાયાધીશોની નિમણૂક**

↓

First Judges Case, 1981 — **રાષ્ટ્રપતિ ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) અને અન્ય વરીષ્ઠ ન્યાયાધીશો સાથે મંત્રણા (Consultation) કરીને ન્યાયાધીશોની નિમણૂક કરશે. રાષ્ટ્રપતિ ન્યાયાધીશો સાથે મંત્રણા કરે પરંતુ નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે.**

↓

Second Judges Case, 1993 — **રાષ્ટ્રપતિ કોલેજીયમ પદ્ધતિ દ્વારા ન્યાયાધીશોની નિમણૂક કરશે, જેમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય અને અન્ય બે વરીષ્ઠ ન્યાયાધીશો સલાહ આપશે.**

↓

Third Judges Case, 1998 — **રાષ્ટ્રપતિ નવી કોલેજીયમ પદ્ધતિ દ્વારા ન્યાયાધીશોની નિમણૂક કરશે, જેમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય અને ચાર અન્ય વરીષ્ઠ ન્યાયાધીશો સલાહ આપશે.**

↓

Fourth Judges Case, 2015 — **ન્યાયાધીશોની નિમણૂક માટે 99માં બંધારણીય સુધારા, 2014 દ્વારા NJACની જોગવાઈ કરવામાં આવી.**

↓

**સર્વોચ્ચ અદાલત દ્વારા NJACને ગેરબંધારણીય જાહેર કરવામાં આવી અને ફરી કોલેજીયમ પદ્ધતિ અમલમાં આવી.**

YUVA UPANISHAD PUBLICATION DEMO COPY

### ❒ શપથ (Oath)

**અનુચ્છેદ– 124(6)** અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નીમાયેલી દરેક વ્યક્તિને પોતે હોદ્દો સંભાળે તે પહેલાં **રાષ્ટ્રપતિ** અથવા તેમણે તે અર્થે નીમેલી વ્યક્તિ સમક્ષ **ત્રીજી અનુસૂચિમાં** આપેલા નમૂના અનુસાર શપથ અથવા પ્રતિજ્ઞા લેવડાવે છે.

### ❒ કાર્યકાળ (Duration)

**અનુચ્છેદ–124(2)**માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને તેમના રાજીનામા અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

➪ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ **65 વર્ષની ઉંમર** સુધી પદ પર રહી શકે છે.

➪ તેઓ રાષ્ટ્રપતિને સંબોધીને રાજીનામું પણ આપી શકે છે.

### ❒ ન્યાયાધીશને પદ પરથી હટાવવાની પ્રક્રિયા (Removal of Judges)

અનુચ્છેદ-124(4)માં ન્યાયાધીશને પદ પરથી હટાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

➪ **સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને માત્ર બે આધારો – (1) સાબિત દુરવ્યવહાર (Proven Misbehaviour) અથવા (2) અસમર્થતા (Incapability) ના આધાર પર રાષ્ટ્રપતિના આદેશ દ્વારા એમના પદ પરથી હટાવી શકાય છે.**

**<u>પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા</u>**

1. લોકસભાના ઓછામાં ઓછા **100** અથવા રાજયસભાના ઓછામાં ઓછા **50** સભ્યો દ્વારા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની વિરુધ્ધ રાષ્ટ્રપતિને સંબોધીને લેખિતમાં પ્રસ્તાવ લોકસભાના અધ્યક્ષ અથવા રાજયસભાના ચેરમેનને આપવામાં આવે છે.
2. અનુચ્છેદ-124(4) અંતર્ગત લોકસભાના અધ્યક્ષ અથવા રાજયસભાના સભાપતિ આ પ્રસ્તાવનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.
3. જો આ પ્રસ્તાવનો સ્વીકાર થાય તો આ પ્રસ્તાવની તપાસ **3 સભ્યોની બનેલ સમિતિ** દ્વારા કરવામાં આવે છે. જેમાં,

   (1) એક સર્વોચ્ચ અદાલતના મુખ્ય કે અન્ય ન્યાયાધીશ

   (2) કોઈપણ હાઈકોર્ટના એક મુખ્ય ન્યાયાધીશ

   (3) એક પ્રખ્યાત કાયદાશાસ્ત્રી

આ સમિતિની તપાસમાં ન્યાયાધીશ દોષી ઠરે અને આ પ્રસ્તાવ બંને ગૃહોમાં તે ગૃહોની કુલ સભ્યસંખ્યાની સાદી બહુમતીથી અને હાજર અને મત આપનારા સભ્યના **2/3 બહુમતિથી** પસાર થાય તો આ પ્રસ્તાવ રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે અને રાષ્ટ્રપતિ દ્વારા હુકમ કરવામાં આવે તો તે ન્યાયાધીશને પદ ઉપરથી હટાવી દેવામાં આવે છે. પણ આ સંમતિ સંસદના એક જ સત્રમાં પ્રસ્તાવિત અને સ્વીકૃત કરવાની રહેશે.

**રોસ્ટર પદ્ધતિ**

- જાન્યુઆરી 2018માં સુપ્રીમ કોર્ટના 4 ન્યાયાધીશો **જસ્ટિસ જે. ચેલમેશ્વર, જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ મદન ભીમરાવ લોકુર, જસ્ટિસ કુરિયન જોસેફ** દ્વારા પત્રકાર પરિષદ યોજી સુપ્રીમ કોર્ટની ચાલતી 'રોસ્ટર પદ્ધતિ' પર વિવાદ સર્જ્યો હતો અને મુખ્ય ન્યાયાધીશ પર કેસોની વહેંચણી માટે પક્ષપાતનો આરોપ મૂકયો હતો.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પોતાના વિવેકથી નક્કી કરે કે સુપ્રીમ કોર્ટમાં કયા કેસની સુનવણી કયારે અને કઈ બેન્ચ દ્વારા કરવામાં આવશે તેની માહિતી આપતી યાદી તૈયાર કરવામાં આવે છે. આ યાદીને **'રોસ્ટર'** કહેવામાં આવે છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રોસ્ટર તૈયાર કરાવે છે તેથી તેને **'માસ્ટર ઓફ રોસ્ટર'** કહેવામાં આવે છે. કોઈપણ ન્યાયાધીશની બેન્ચ કોઈપણ કેસની સુનવણી ત્યાં સુધી ન કરી શકે જ્યાં સુધી મુખ્ય ન્યાયાધીશ તેમને એ કેસ ન આપે.
- મુખ્ય ન્યાયાધીશના આદેશ અનુસાર રોસ્ટર સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર દ્વારા તૈયાર કરવામાં આવે છે.

**8. કેટલાક કેસોની તબદીલી (Transfer of Certain Cases)**

અનુચ્છેદ-139(A) અનુસાર સર્વોચ્ચ અદાલત યોગ્ય અને ઉચિત લાગે તેવા કોઈપણ કેસને એક વડી અદાલતમાંથી અન્ય કોઈપણ વડી અદાલતને સોંપી શકે છે તથા અમુક કેસો પોતાની પાસે મંગાવી શકે છે.

⇨ સર્વોચ્ચ અદાલત કોઈ એવા કેસ જે કોઈ પણ રાજયોની વડી અદાલતોમાં લંબિત હોય તથા અદાલતે પોતાની પ્રેરણાથી અથવા એટર્ની જનરલ દ્વારા અથવા પક્ષકાર દ્વારા કરાયેલી અપીલથી એવું નિશ્ચિત થઈ જાય કે તેમાં વ્યાપક પ્રમાણમાં મહત્વપૂર્ણ અર્થઘટનનો પ્રશ્ન સામેલ છે તો તેને પોતાની પાસે મંગાવીને ફેંસલો કરી શકે છે.

**9. સર્વોચ્ચ અદાલતની કેટલીક સંલગ્ન સત્તાઓ (Ancillary Powers of the Supreme)**

**અનુચ્છેદ-140** અનુસાર સંસદ કાયદા દ્વારા સર્વોચ્ચ અદાલતને કેટલીક એવી સત્તા આપી શકે છે જે યોગ્ય હોય અને બંધારણની જોગવાઈઓથી કોઈપણ રીતે અયોગ્ય ન હોય.

⇨ **અનુચ્છેદ-141** અનુસાર સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલ કાયદો ભારતના રાજયક્ષેત્રમાં તમામ અદાલતો પર લાગુ પડશે.

⇨ સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ભારતની તમામ અદાલતો માટે બંધનકર્તા છે. પરંતુ સર્વોચ્ચ અદાલત માટે પોતાનો નિર્ણય પોતાના માટે બંધનકર્તા નથી. પરંતુ સર્વોચ્ચ અદાલત પાસે પોતાના ચુકાદાઓની સમીક્ષા (Review) કરવાની સત્તા છે. જ્યારે સર્વોચ્ચ અદાલતને એમ લાગે કે પોતાનો અગાઉનો નિર્ણય ભૂલભરેલો છે, તો તેમ જાહેર કરવાની તેની ફરજ છે.

⇨ **અનુચ્છેદ-142** અનુસાર સર્વોચ્ચ અદાલતના હુકમનામા અને આદેશોનું અમલીકરણ તથા જાહેર કરવા બાબતોમાં આદેશ -

(1) સર્વોચ્ચ અદાલત કોઈપણ કેસમાં અથવા લંબિત રહેલા વાદવિવાદમાં સંપૂર્ણ ન્યાય માટે જરૂરી પોતાની હકૂમતનો ઉપયોગ કરીને હૂકમ અથવા આદેશ આપી શકે છે.

(2) સંસદે આ બાબતે બનાવેલા કાયદાને આધીન સર્વોચ્ચ અદાલતને કોઈપણ વ્યકિતને હાજર કરાવવા , કોઈ દસ્તાવેજ રજૂ કરાવવા, પોતાની કોઈ ઉપેક્ષાની તપાસ કરવા અથવા દંડ આપવાની બાબતે આદેશ આપવાની સત્તા રહેશે.

⇨ અનુચ્છેદ-143 અનુસાર રાષ્ટ્રપતિ જરૂર મુજબ સર્વોચ્ચ અદાલતની સલાહ લેવાની સત્તા ધરાવે છે અને આ સલાહ માનવા રાષ્ટ્રપતિ બાધ્ય નથી. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ સલાહ માંગશે ત્યારે જ સર્વોચ્ચ અદાલત રાષ્ટ્રપતિને સલાહ આપશે પરંતુ સર્વોચ્ચ અદાલત પણ રાષ્ટ્રપતિને સલાહ આપવા બાધ્ય નથી.

⇨ અનુચ્છેદ -144 અનુસાર ભારતના રાજયક્ષેત્રના તમામ મુલકી અને કાયદાકીય અધિકારીઓ સર્વોચ્ચ અદાલતની મદદ કરશે.

**10. અનુચ્છેદ-145 અનુસાર સર્વોચ્ચ અદાલતના નિયમો (Rules of the Supreme Court)**

અનુચ્છેદ -145 અનુસાર સર્વોચ્ચ અદાલત બંધારણની જોગવાઈઓ અનુસાર રાષ્ટ્રપતિની પૂર્વ મંજુરીથી અદાલતના સંચાલનની પધ્ધતિ માટે નિયમો બનાવી શકે છે.

⇨ કોઈ પણ કેસની સુનાવણી કરતી વખતે કેટલા ન્યાયાધીશો રહેશે તે બાબત નકકી કરવાનું કામ સર્વોચ્ચ અદાલત કરશે.

⇨ અનુચ્છેદ-145(3) ની જોગવાઈઓ અનુસાર કાયદાકીય રીતે મહત્વપૂર્ણ બાબતની સુનાવણીમાં ઓછામાં ઓછા 5 ન્યાયાધીશો રહેશે. જેમાં,

- એવા કેસો જેમાં બંધારણની વ્યાખ્યા સંબંધિત મહત્વપૂર્ણ પ્રશ્ન સામેલ હોય.
- એવા કેસો જેને અનુચ્છેદ -143 અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ અદાલતને સલાહ માટે નિર્દેશ કર્યા હોય.

⇨ કોઈ પણ કેસનો નિર્ણય હાજર ન્યાયાધીશો બહુમતીથી કરશે.એમનો અભિપ્રાય અદાલતમાં જાહેર રીતે આપવામાં આવશે, કોઈ પણ ન્યાયાધીશ પોતાનો જુદો મત આપી શકે છે.

⇨ **અનુચ્છેદ-146માં સર્વોચ્ચ અદાલતના ખર્ચ અને આવક અંગેની જોગવાઈ છે.**

⇨ **અનુચ્છેદ-147માં સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવતા અર્થઘટનની જોગવાઈ છે.**

**ન્યાયપાલિકા અને RTI**

- 13 નવેમ્બર 2019 ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટ ચીફ જસ્ટિસ રંજન ગોગાઈની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બંધારણીય બેન્ચે ચુકાદો આપતા જણાવ્યું છે કે, ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું કાર્યાલય RTI (રાઈટ ટુ ઈન્ફોર્મેશન) એકટ અંતર્ગત આવે છે.
- આ ચુકાદામાં મુખ્ય ન્યાયાધીશના કાર્યાલયને 'જાહેર સંસ્થા' (Public Authority) તરીકે માનવામાં આવે છે તેથી ભારતના મુખ્ય ન્યાયાધીશની ઓફિસમાંથી RTI હેઠળ માહિતી માંગી શકાશે. પરંતુ આ દરમિયાન ઓફિસની ગુપ્તતા પણ જળવાઈ રહેવી જોઈએ.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસમાં 2010ના દિલ્હી હાઈકોર્ટે આપેલા ચુકાદાને માન્ય રાખ્યો છે.
- ન્યાયીક વ્યવસ્થાના બે વિભાગ હોય છે.
  1. ન્યાયપાલિકા
  2. ન્યાયપાલિકાની ઓફિસ
- સર્વોચ્ચ અદાલતે આ ચૂકાદામાં સ્પષ્ટ કર્યુ કે ન્યાયપાલિકા RTI અંતર્ગત આવશે નહીં. પરંતુ ન્યાયપાલિકાની ઓફિસ RTI અંતર્ગત આવશે.

DEMO COPY

### ❐ ન્યાયિક સક્રિયતાનો અર્થ (Meaning of Judicial Activism)

ન્યાયિક સક્રિયતાનો હેતુ નાગરિકોના અધિકારોનું સંરક્ષણ કરવું તથા સમાજમાં ન્યાયને પ્રોત્સાહન આપવા માટે ભૂમિકા ભજવવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો ન્યાયપાલિકાનું કાર્ય સરકારના અન્ય બે અંગો વિધાનસભા અને કાર્યપાલિકાને પોતાની જવાબદારીનું પાલન કરવા બંધાયેલ રાખવાનું છે.

➪ ન્યાયિક સક્રિયતાને **'ન્યાયિક ગતિશીલતા'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

➪ જાહેર હિતની અરજી (PIL) એ ન્યાયિક સક્રિયતાનો જ એક ભાગ છે.

### ❐ ન્યાયિક સક્રિયતાનો ઉદ્ભવ (Origin of Judicial Activism)

➪ સરકારના ત્રણ અંગો છે : (1) ધારાસભા (2) કારોબારી (3) ન્યાયતંત્ર

➪ જ્યારે કાર્યપાલિકા અને ધારાસભા પોતાની ફરજ બજાવવામાં અથવા નાગરિકોના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય ત્યારે ન્યાયિક સક્રિયતાનો ઉદ્ભવ થાય છે.

➪ સૌપ્રથમ વખત સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા એસ. પી. ગુપ્તા વિરૂદ્ધ ભારત સંઘ 1972ના કેસના ચુકાદા અંતર્ગત ન્યાયિક સક્રિયતાને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો હતો.

➪ કાર્યપાલિકા અનુચ્છેદ 14, 19, 21, 32 અને 39 અંતર્ગત આપવામાં આવેલ મૂળભૂત અધિકારોનું અને બંધારણીય જોગવાઈનું ઉલ્લંઘન કરે તો ન્યાયપાલિકાને તેનું રક્ષણ કરવાનો અધિકાર હોવાથી તે કાર્યપાલિકાને યોગ્ય સલાહ–સૂચનો આપશે.

### ❐ ન્યાયિક સક્રિયતાની અપીલ કોણ કરી શકે ?

1. નાગરિક અધિકાર કાર્યકર્તા
2. જન અધિકાર કાર્યકર્તા
3. ગ્રાહક અધિકાર સમૂહ
4. મજૂર સંઘ કાર્યકર્તા
5. બાળ અધિકાર સમૂહ
6. મહિલા અધિકાર સમૂહ
7. ગરીબી અધિકાર સમૂહ
8. મીડિયા અધિકાર સમૂહ

## ન્યાયિક અતિક્રમણ (Judicial Overreach)

ન્યાયિક સક્રિયતા અને ન્યાયિક અતિક્રમણ વચ્ચે ખૂબ જ સૂક્ષ્મ તફાવત છે. જો સરળ શબ્દોમાં કહીએ તો જ્યારે ન્યાયિક સક્રિયતા તેની મર્યાદાને પાર કરે છે અને ન્યાયિક પ્રક્રિયા સાહસિક બને છે ત્યારે તેને ન્યાયિક અતિક્રમણ તરીકે ઓળખવામાં આવે છે.

➪ જ્યારે ન્યાયતંત્ર તેને અપાયેલી સત્તાઓથી આગળ નીકળીને સરકારના મંત્રીઓ તથા સંસદ સભ્યોની કામગીરીમાં દખલ કરે છે એટલે કે ન્યાયતંત્ર પોતાનું કાર્યક્ષેત્ર ઓળંગીને વહીવટી અને કાયદાકીય કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરે છે.

➪ બંધારણમાં ક્યાંય પણ તેનો ઉલ્લેખ કરેલ નથી તથા લોકશાહીમાં તેને અનિચ્છનીય માનવામાં આવે છે.

➪ ન્યાયિક અતિક્રમણથી સત્તાના વિભાજન (Separation of Powers) ની મૂળ ભાવનાનો નાશ થાય છે.

### ❐ ન્યાયિક અતિક્રમણના ઉદાહરણો

➪ કોઈપણ ક્રિયાત્મક પ્રવૃત્તિઓ અથવા તેનો વધુ પડતો ઉપયોગ તે વ્યક્તિઓના દ્રષ્ટિકોણ પર આધારિત છે.

➪ અલાહાબાદ હાઈકોર્ટ દ્વારા કહેવાયું હતું કે નોકરશાહોના બાળકોને સરકારી સ્કુલોમાં મોકલવા જોઈએ, અલગ અલગ કોર્ટ દ્વારા કોર્ટની અવમાનના અંતર્ગત ઘણી વખત ખોટી રીતે દંડ આપવો વગેરે બાબતો અતિક્રમણના ઉદાહરણો છે.

Tabel : 56.1

| | ન્યાયિક સમીક્ષા (Judicial Review) | ન્યાયિક સક્રિયતા (Judicial Activism) | ન્યાયિક અતિક્રમણ (Judicial Overreach) |
|---|---|---|---|
| શું શક્તિ બંધારણમાંથી મેળવેલ છે કે નહિ? (Whether the Power is derived from the Indian Constitution?) | હા | ના | ના |
| ઈચ્છનીય છે?(Desirable?) | હા | હા | ના |

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

6. **ન્યાયિક સમીક્ષાનો અધિકાર** (Power of Judicial Review)

સર્વોચ્ચ અદાલશ્તની જેમ વડી અદાલતને પણ ન્યાયીક પુનઃઅવલોકનનો અધિકાર આપવામાં આવ્યો છે.

➪ વડી અદાલત સંસદ તથા રાજય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલ એવા કાયદાને ગેરબંધારણીય જાહેર કરી શકે છે જે બંધારણના કોઈ અનુચ્છેદની વિરુદ્ધ હોય, પરંતુ વડી અદાલતના આ નિર્ણય વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં અપીલ થઈ શકે છે.

➪ 42 મો બંધારણીય સુધારો 1976 માં વડી અદાલતની ન્યાયીક સમીક્ષા શકિતને ઘટાડી દેવામાં આવી હતી. કોઈપણ કેન્દ્રીય કાયદાના બંધારણીય જોગવાઈ ઉપર વડી અદાલત દ્વારા તેની સમીક્ષા કરવાની મનાઈ જાહેર કરી દેવામાં આવી હતી. પરંતુ, 43 મો બંધારણીય સુધારો-1977 દ્વારા સુધારો કરી મૂળ સ્થિતિનું અમલીકરણ કરી દેવામાં આવ્યું.

❒ **તાબા હેઠળની અદાલતો પર નિયંત્રણ** (Control on Subordinate Courts)

જિલ્લા ન્યાયલયોમાં ન્યાયાધીશોની નિયુકિત, પ્રમોશન, બદલી વગેરે બાબતોમાં રાજયપાલને ભલામણ કરવાની શકિત આપવામાં આવેલ છે.

➪ જો વડી અદાલતને એવું લાગે કે તાબા હેઠળના અદાલતમાં વિચારાધીન કેસ (બાબત) કાયદાના કોઈ ગંભીર પ્રશ્ન સંબંધિત છે તો તે તેને પોતાની પાસે હસ્તાંતરિત કરી તેનો સંપૂર્ણ નિકાલ પોતે જ લાવી શકે છે અથવા કાયદાથી સંબંધિત પ્રશ્નનો ઉકેલ લાવીને તેને તાબા હેઠળના અદાલતને નિર્ણય માટે પાછો મોકલાવી દે છે.

➪ જેવી રીતે સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવેલ કોઈ ઘોષણાને ભારતના બધાજ અદાલતોએ માન્ય રાખવી જ પડે છે તેવી જ રીતે વડી અદાલતના આદેશો/કાયદાઓને માનવા માટે તેના તાબા હેઠળના દરેક અદાલતો બંધાયેલા છે.

➪ **અનુ.-228**માં અમૂક કેસો વડી અદાલતને સોંપવા બાબતનો ઉલ્લેખ છે.

➪ **અનુ.-229**માં વડી અદાલતોના અધિકારીઓ, કર્મચારીઓ અને ખર્ચ અંગેનો ઉલ્લેખ છે.

➪ **અનુ.-230**માં વડી અદાલતની કેન્દ્ર શાસિત પ્રદેશો પરની સત્તાનો ઉલ્લેખ છે.

➪ **અનુ.-231**માં બે કે બેથી વધુ રાજ્યો માટે એક જ વડી અદાલત સ્થાપવા માટેની જોગવાઈ છે.

Table : 57.1

| વડી અદાલત સંબંધિત વિશેષ માહિતી | |
|---|---|
| ભારતની સૌથી મોટી વડી અદાલત (ન્યાયાધીશોની સંખ્યાના આધારે) | અલાહાબાદ(ઉત્તરપ્રદેશ) |
| ભારતની સૌથી નાની વડી અદાલત (ન્યાયાધીશોની સંખ્યાના આધારે) | ગંગટોક(સિક્કિમ) |
| સ્વતંત્રતા પછી સૌપ્રથમ વડી અદાલતની સ્થાપના કરનાર રાજ્ય | ઓડિશા (1948) |
| વડી અદાલતમાં મુખ્ય ન્યાયાધીશ પદ પર નિમણૂક પામનાર સૌ પ્રથમ મહિલા | લીલા શેઠ |
| વડી અદાલતમાં ન્યાયાધીશ પદ પર નિમણૂક પામનાર સૌ પ્રથમ મહિલા | અન્ના ચાન્ડી |
| ગુજરાતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ | સુંદરલાલ ત્રિકમભાઈ દેસાઈ |

DEMO COPY

Table : 57.2

**સર્વોચ્ચ અને વડી અદાલતની સરખામણી**

| સંદર્ભ | **સર્વોચ્ચ અદાલત** (Supreme Court) | **વડી / ઉચ્ચ અદાલત** (High Court) |
|---|---|---|
| કાર્યક્ષેત્ર | સમગ્ર ભારતમાં | સમગ્ર રાજ્યમાં |
| બંધારણમાં સ્થાન | ભાગ–5<br>અનુચ્છેદ : 124 થી 147 | ભાગ–6<br>અનુચ્છેદ : 214 થી 231 |
| લાયકાત | વડી અદાલતમાં 5 વર્ષ સુધી ન્યાયાધીશ<br>અથવા 10 વર્ષ સુધી વકીલ<br>અથવા રાષ્ટ્રપતિના મતાનુસાર પ્રતિષ્ઠિત કાયદાશાસ્ત્રી | **ઓછામાં ઓછા 10 વર્ષ સુધી ન્યાયીક પદ પર કે વડી અદાલતમાં વકીલાતનો** અનુભવ |
| મુખ્ય ન્યાયાધીશની નિમણૂક | રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ અદાલતના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશની જ મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવશે | રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તથા સંબંધિત રાજયના રાજયપાલની સલાહથી |
| અન્ય ન્યાયાધીશની નિમણૂક | રાષ્ટ્રપતિ કોલેજિયમ પદ્ધતિ દ્વારા (સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ચાર વરિષ્ઠ ન્યાયાધીશની સલાહથી) | રાષ્ટ્રપતિ કોલેજિયમ પદ્ધતિ દ્વારા (સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ અન્ય બે વરિષ્ઠ ન્યાયાધીશની સલાહથી) |
| પગાર–ભથ્થા | ભારતની સંચિતનિધિમાંથી | રાજ્યની સંચિતનિધિમાંથી |
| પેન્શન | ભારતની સંચિતનિધિમાંથી | ભારતની સંચિતનિધિમાંથી |
| નિવૃત્તિ વયમર્યાદા | 65 વર્ષ | 62 વર્ષ |
| રીટની સત્તા | અનુચ્છેદ–32 | અનુચ્છેદ–226 |

### અનુચ્છેદ 352







## ❐ કટોકટીની અસર (Effect of Emergency)

**1. કેન્દ્ર-રાજ્યના સંબંધો ઉપર (Effect on Center-State Relations)**

કટોકટીની કેન્દ્ર રાજ્યના સંબંધો પર ત્રણ પ્રકારની અસરો થાય છે.

I. કારોબારી સંબંધો પર અસર

II. ધારાકીય સંબંધો પર અસર

III. નાણાકીય સંબંધો પર અસર

**I. કારોબારી સંબંધો પર અસર :**

- કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને કોઈ પણ બાબત ઉપર આદેશ તથા સૂચનો આપી શકાય છે.
- દેશના બધા જ રાજ્યોની રાજ્ય સરકારને સમાપ્ત (Terminate) કરવામાં આવતી નથી પરંતુ તેનું સંપૂર્ણ નિયંત્રણ-સંચાલન કેન્દ્ર સરકાર હેઠળ આવી જાય છે.

**II. ધારાકીય સંબંધો પર અસર :**

- સંસદને રાજ્યયાદીમાંના વિષયો ઉપર કાયદા બનાવવાની સત્તા પ્રાપ્ત થાય છે.
- રાજ્યોના વિધાન મંડળને સમાપ્ત (Terminate) કરવામાં આવતી નથી પરંતુ તેમની ધારાકીય સત્તાઓ (Legislative Power) કેન્દ્ર સરકારને પ્રાપ્ત થાય છે.
- સંસદ દ્વારા રાજ્ય યાદીમાંના વિષયો ઉપર બનાવાયેલા કાયદાઓ કટોકટીના અંત બાદ 6 મહિના સુધી અમલમાં રહેશે.
- જો કટોકટીના સમયગાળા દરમ્યાન સંસદનું સત્ર ચાલુ ન હોય તો રાષ્ટ્રપતિ રાજ્યયાદીમાંના વિષયો ઉપર પણ વટહુકમ જાહેર કરી શકે છે.

**III. નાણાકીય સંબંધો પર અસર :**

- રાષ્ટ્રપતિ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની કરની વહેંચણીમાં સુધારો કરી શકે છે એટલે કે કેન્દ્ર દ્વારા રાજ્યોને અપાતી નાણાકીય સહાય ઘટાડી કે સમાપ્ત કરી શકે છે.
- આ સુધારા જે વર્ષમાં કટોકટી પૂર્ણ થાય તે નાણાકીય વર્ષના અંત સુધી અમલમાં રહેશે.
- રાષ્ટ્રપતિના આવા આદેશને સંસદના બંને ગૃહો સમક્ષ મૂકવા જરૂરી છે.

**2. મૂળભૂત અધિકારો ઉપર અસર**

**(Effect on Fundamental Rights)**

રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત (જ્યારે યુદ્ધ અથવા બાહ્ય આક્રમણના કારણસર) થાય ત્યારે અનુચ્છેદ-358 અનુસાર **અનુચ્છેદ-19માં** આપેલા અધિકાર મોકૂફ થઈ જાય છે. પરંતુ 44મા બંધારણીય સુધારા, 1978 અંતર્ગત સશસ્ત્ર બળવાની સ્થિતિમાં અનુચ્છેદ-19 મોકૂફ થતો નથી.

➪ અનુચ્છેદ-358 અનુસાર, જ્યારે યુદ્ધ અથવા બાહ્ય આક્રમણના કારણસર કટોકટીનું જાહેરનામું અમલમાં હોય ત્યારે અનુચ્છેદ-19 સાથે અસંગત હોય તેવો કોઈ કાયદો ઘડવામાં આવ્યો હોય અથવા કારોબારી કાર્ય કરવામાં આવેલ હોય તો તેની કાયદેસરતા સામે વાંધો લઈ શકાતો નથી.

➪ કટોકટીના જાહેરનામા હેઠળના પ્રદેશની બહારના વિસ્તારોમાં આવા કાયદાનો અમલ થતો નથી સિવાય કે તે વિસ્તારોમાં થતી પ્રવૃતિઓથી ભારત અથવા તેના કોઈ ભાગની સલામતી જોખમમાં હોય, કટોકટી જાહેરનામાનો અમલ જેવો પૂર્ણ થાય કે તરત જ આવા કાયદાઓ અને વહીવટી કાર્યો અનુચ્છેદ-19 હેઠળના અધિકારો સાથે જેટલા પ્રમાણમાં સંઘર્ષમાં હોય એટલા પ્રમાણમાં બિનઅમલી બની જાય છે.

➪ **અનુચ્છેદ-359** મુજબ રાષ્ટ્રપતિ જે અધિકારો અંગે જાહેરનામામાં સ્પષ્ટતા કરે તે જ મૂળભૂત અધિકારો રખાય છે, બધા નહીં. આ માત્ર મૂળભૂત અધિકારો માટે ન્યાયાલયમાં જવાના અધિકારને રોકે છે પરંતુ મૂળભૂત અધિકારો પર પ્રતિબંધ મૂકાતો નથી.

DEMO COPY

## રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (National Commission for Backward Classes)

**ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ અદાલતના નિર્દેશ પર** 1993 ના રાષ્ટ્રીય પછાતવર્ગ આયોગ અધિનિયમ અંતર્ગત રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગનું ગઠન કરવામાં આવ્યું હતું પરંતુ **વર્ષ 2018**માં આ અધિનિયમને સમાપ્ત કરી રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (NCBC) ને બંધારણીય દરજ્જો આપતા 123મો બંધારણીય સુધારા ખરડો– 2018 ને મંજૂરી આપવામાં આવી.

- આ અંતર્ગત બંધારણમાં 102મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને NCBC ને બંધારણીય દરજ્જો આપતો **અનુચ્છેદ 338B** બંધારણના ભાગ 16માં ઉમેરવામાં આવ્યો.
- **અનુચ્છેદ 338B : પછાત વર્ગો માટે રાષ્ટ્રીય આયોગ**
- **અનુચ્છેદ 338B(1) અનુસાર સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગની રચના કરવામાં આવશે.**

### ❒ નિમણૂક (Appointment)

- આયોગમાં 1 **અધ્યક્ષ**, 1 **ઉપાધ્યક્ષ** અને 3 **અન્ય** સભ્યો હોય છે.
- **રાષ્ટ્રપતિ દ્વારા અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવે છે.**

### ❒ કાર્યકાળ (Duration)

રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે બંધારણમાં તેનો કોઈ નિશ્ચિત કાર્યકાળનો ઉલ્લેખ નથી.પરંતુ, વર્તમાનમાં રાષ્ટ્રપતિ દ્વારા તેમનો કાર્યકાળ 3 વર્ષ નક્કી કરવામાં આવ્યો છે.

### ❒ કાર્યો અને શકિતઓ (Powers and Function)

બંધારણ અથવા કાયદો અથવા સરકારી આદેશો હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના રક્ષણ સંબંધિત કાર્યનું અન્વેષણ કરવું, દેખરેખ રાખવી અને મૂલ્યાંકન કરવું.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અધિકારો અને રક્ષણથી વંચિત ફરિયાદોની તપાસ કરવી.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સામાજિક તેમજ આર્થિક વિકાસની યોજનામાં ભાગ લેવો, સલાહ આપવી તથા તેમની પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

### ❒ અહેવાલ (Report)

રક્ષણ સંબંધિત બાબતોના અહેવાલ વાર્ષિક અથવા આયોગને યોગ્ય લાગે ત્યારે **રાષ્ટ્રપતિને આપવો.** રાષ્ટ્રપતિ આ રિપોર્ટ સંસદને સોંપશે તેમજ રાજ્ય સંબંધિત રિપોર્ટ **રાજ્યપાલને** સોંપવામાં આવશે અને રાજ્યપાલ આ રિપોર્ટ રાજ્યના વિધાનમંડળને સોંપશે.

- આ અહેવાલમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સામાજિક–આર્થિક વિકાસ, રક્ષણ, કલ્યાણ તેમજ અન્ય બાબતોમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર યોગ્ય પગલા લે છે કે નહી તેનું ધ્યાન રાખવું.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સંરક્ષણ, કલ્યાણ, વિકાસ તેમજ ઉન્નતિના કાર્યો માટે રાષ્ટ્રપતિ સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓને આધિન રહેશે.
- પછાત વર્ગ સંબંધિત કોઈ ફરીયાદની તપાસ કરવામાટે આયોગ પાસે **દીવાની ન્યાયાલયને** સમાન તમામ શકિતઓ હશે.

Table : 61.8

**રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ**

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 1 | જસ્ટીસ આર.એન. પ્રસાદ | 1993-1996 |
| 2 | જસ્ટીસ શ્યામ સુંદર | 1997-2000 |
| 3 | જસ્ટીસ બી. એલ. યાદવ | 2000-2002 |
| 4 | જસ્ટીસ રામ સુરત સિંહા | 2002-2005 |
| 5 | જસ્ટીસ એસ. રત્નાવેલ પાંડીયન | 2006-2009 |
| 6 | જસ્ટીસ એમ. એન. રાવ | 2010-2013 |
| 7 | જસ્ટીસ વી. ઈશ્વરાઈહ | 2013-2019 |
| 8 | ભગવાનલાલ સાહની | 2019 થી આજ દિન સુધી |

- 102મા બંધારણીય સુધારા, 2018 દ્વારા અનુચ્છેદ-342(A) અને અનુચ્છેદ 366માં કલમ (26-c) પણ જોડવામાં આવી.
- **અનુચ્છેદ-342(A)** : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ
- જે અંતર્ગત રાષ્ટ્રપતિ કોઈ રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશમાં જાહેર સૂચના દ્વારા સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ જાહેર કરી શકે છે.પરંતુ, રાજ્યમાં સંબંધિત રાજ્યના રાજ્યપાલ સાથે પરામર્શ કર્યા બાદ જ આવી જાહેરાત કરશે.
- આ ઉપરાંત આ અનુચ્છેદ અંતર્ગત સંસદ કાયદા દ્વારા કોઈ વર્ગને સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં જોડી શકે છે અથવા બહાર પણ કરી શકે છે.

## ભાષાકીય લઘુમતી માટે વિશેષ અધિકારી (Special Officer For Linguistic Minority)

મૂળ બંધારણમાં ભાષાકીય લઘુમતી માટે વિશેષ અધિકારોની કોઈ જોગવાઈ રાખવામાં આવી ન હતી. રાજ્ય પુનર્ગઠન આયોગ (1953-55) ની ભલામણથી **7 મો બંધારણીય સુધારો**, **1956** દ્વારા બંધારણનાં **ભાગ–17 અનુચ્છેદ 350–ખ** [350B] ઉમેરવામાં આવ્યું હતું.

- **અનુચ્છેદ 350 –ખ** અનુસાર 1957 માં ભાષાકીય લઘુમતી માટે વિશેષ અધિકારીના પદની રચના કરવામાં આવી હતી. જેની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા કરવામાં આવશે. આ અધિકારી **કમિશનર** તરીકે ઓળખાય છે.
- **આ કમિશનરનું પદ કેન્દ્રના લઘુમતી બાબત મંત્રાલય અંતર્ગત આવે છે.**
- બંધારણમાં કમિશનરની લાયકાત, કાર્યકાળ, પગારભથ્થા કે હટાવવાની પ્રક્રિયાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.
- તેનું મુખ્યાલય શરૂઆતમાં દિલ્હી હતું જે બદલીને **અલાહાબાદ (ઉત્તરપ્રદેશ)** કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનું મુખ્યાલય 2015 માં ફરીથી **નવી દિલ્હી** ખાતે ફેરવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ત્રણ સ્થાનિક કાર્યાલયો **બેલગામ (કર્ણાટક), ચેન્નઈ** અને **કોલકત્તામાં** આવેલા છે.

### ❒ કાર્યો

- કમિશનર ભાષાકીય લઘુમતીઓની સુરક્ષા માટે કાર્ય કરે છે.
- બંધારણીય તથા રાષ્ટ્રીય સ્તરે જાહેર થયેલ યોજનાઓમાં લઘુમતીઓ માટે ફરિયાદ નિવારણનું કાર્ય કરે છે.
- કમિશનર કેન્દ્રીય લઘુમતી બાબતના મંત્રી દ્વારા રાષ્ટ્રપતિને રીપોર્ટ મોકલે છે. રાષ્ટ્રપતિ દ્વારા આ રીપોર્ટ સંસદમાં રજુ કરાવવામાં આવે છે તેમજ સંલગ્ન રાજ્યોને મોકલવામાં આવે છે.
- તેમના દ્વારા ભાષાકીય લઘુમતીઓને પ્રદાન કરવામાં આવેલા અધિકારોની સલામતીનું કાર્ય કરવામાં આવે છે.

DEMO COPY
YUVA UPANISHAD PUBLICATION

- આ આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા વડાપ્રધાનના નેતૃત્વવાળી 6 સભ્યોની સમિતિની ભલામણોનાં આધારે કરવામાં આવે છે. આ સમિતિનાં સભ્યોમાં વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ, રાજ્યસભાના ઉપસભાપતિ, સંસદના બંને ગૃહોના વિપક્ષના નેતા, ગૃહમંત્રી હોય છે.
- આ આયોગમાં હોદ્દાની રૂએ 7 સભ્યો હોય છે.
  1. અધ્યક્ષ, રાષ્ટ્રીય લઘુમતી આયોગ
  2. અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જન જાતિ આયોગ
  3. અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ
  4. અધ્યક્ષ, રાષ્ટ્રીય મહિલા આયોગ
  5. અધ્યક્ષ, રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ
  6. અધ્યક્ષ, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ
  7. દિવ્યાંગજનો માટેના મુખ્ય કમિશનર

### ❑ કાર્યકાળ

- અધ્યક્ષ અને સભ્યોની મુદત 3 **વર્ષ** અથવા 70 **વર્ષ** બે માંથી જે પહેલા પૂરુ થાય ત્યાં સુધી.
- **મુદત પુરી થયા પછી તેઓ કોઈ પણ સરકારી પદ પર નિમણૂક પામી શકશે નહીં. પરંતુ આયોગામાં પુનઃ નિમણૂક થઈ શકે છે.**
- **રાષ્ટ્રપતિ** અધ્યક્ષ અને સભ્યોને પદ પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.

### ❑ કાર્યો અને શક્તિઓ (Powers and Functions)

- માનવાધિકારની સંબંધિત વિભિન્ન આંતરાષ્ટ્રીય સમજૂતીઓના અમલીકરણ માટે ભલામણ કરે છે.
- NGO ને 'માનવ અધિકાર' વિશેની માહિતી લોકોમાં ફેલાવવા બાબત પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.
- જેલમાં તથા કારાવાસમાં જઈ ત્યાંની સ્થિતિ તેનો અભ્યાસ કરી તે અંગે ભલામણો કરે છે.
- આ આયોગ ન્યાયાલયમાં માનવાધિકાર સંબંધિત કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરી શકે છે.

### ❑ માનવાધિકાર સંરક્ષણ (સંશોધન) અધિનિયમ, 2019

- રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની સંરચનામાં પરિવર્તન કરવામાં આવ્યું જેમાં અગાઉ અન્ય બે સભ્યો હતા પરંતુ હાલ આ અધિનિયમ અંતર્ગત અન્ય સભ્યોની સંખ્યા **બે થી વધારી ત્રણ** કરવામાં આવી.
- આ અયોગમાં હોદ્દાની રૂએ નિયુક્ત સભ્યો 4 **થી વધારી** 7 કરવામાં આવ્યા જેમાં વધારાના 3 સભ્યોમાં રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગના અધ્યક્ષ, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ તથા દિવ્યાંગ વ્યક્તિઓના મુખ્ય કમિશનરને સામેલ કરવામાં આવ્યા.
- રાષ્ટ્રીય તેમજ રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષની લાયકાતમાં પરિવર્તન કરવામાં આવ્યું જેમાં સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશને પણ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરી શકાશે. તે જ રીતે રાજ્ય માનવાધિકારના અધ્યક્ષ તરીકે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશને પણ નિયુક્ત કરી શકાશે.
- **રાષ્ટ્રીય તેમજ રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તેમજ સભ્યોનો કાર્યકાળ 5 વર્ષથી ઘટાડી 3 વર્ષ કરવામાં આવ્યો.**
- રાષ્ટ્રીય આયોગમાં સેક્રેટરી જનરલ તેમજ રાજ્ય આયોગમાં સેક્રેટરી હોય છે તેઓને આયોગના અધ્યક્ષના નિયંત્રણમાં રહીને વહીવટી તેમજ નાણાકિય સત્તાઓ હશે.
- સંઘ–રાજ્ય ક્ષેત્રના માનવ અધિકારોનો કાર્યભાર કેન્દ્ર સરકાર કોઈ પણ રાજ્યના માનવ અધિકાર આયોગને સોંપી શકશે.
- દિલ્હીના માનવ અધિકારોના પ્રશ્નો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધિકાર ક્ષેત્રમાં રહેશે.

Table : 62.1

| રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ | | |
|---|---|---|
| **ક્રમ** | **નામ** | **સમયગાળો** |
| 1 | જસ્ટીસ રંગાનાથ મિશ્રા | 1993-1996 |
| 10 | જસ્ટીસ એચ. એલ. દત્તુ | 2016 થી આજ દિન સુધી |

## રાજ્ય માનવ અધિકાર આયોગ

## (State Human Rights Commission)

રાજ્ય માનવ અધિકાર આયોગની સ્થાપના **રાજ્ય માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ** 1993 અંતર્ગત 12 જુલાઈ, 2006 ના રોજ કરવામાં આવી હતી.

- **આ આયોગ એક વૈધાનિક સંસ્થા છે.**
- સંસદીય કાયદા દ્વારા આ આયોગની રચના કરવામાં આવી છે.
- ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનું મુખ્યાલય **ગાંધીનગર** ખાતે આવેલ છે.

### ❑ રચના (Composition)




- **1 અધ્યક્ષ** અને **2 સભ્યો** હોય છે.
- **અધ્યક્ષ : ઉચ્ચ ન્યાયાલયના નિવૃત મુખ્ય ન્યાયાધીશ અથવા અન્ય ન્યાયાધીશ હોય છે.**
- સભ્યો :

  એક સભ્ય ઉચ્ચ ન્યાયાલયમાં કાર્યરત અથવા નિવૃત ન્યાયાધીશ અથવા 7 વર્ષ સુધી જિલ્લા ન્યાયાધીશ રહ્યા હોય. જ્યારે બીજો સભ્ય માનવ અધિકારનું જ્ઞાન તથા અનુભવ ધરાવતો હોય.
- **આયોગના અધ્યક્ષ અને તેના સભ્યોને માત્ર રાષ્ટ્રપતિ દ્વારા જ દૂર કરી શકાય છે.**
- આયોગના અધ્યક્ષ અને સભ્યોના પગાર ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.
- આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક **રાજ્યપાલ** દ્વારા રાજ્યનાં મુખ્યમંત્રીની નેતૃત્વવાળી 4 **સભ્યોની સમિતિની** ભલામણ મુજબ થાય છે.
- (અ) **મુખ્યમંત્રી** :- સમિતિના અધ્યક્ષ

DEMO COPY

# ભારતની ભૂગોળ




Pg : 665

## પુસ્તકની વિશેષતાઓ

- 140 થી વધુ રંગીન નકશા તથા ચાર્ટ
- 200 થી વધુ ટેબલ
- ભૂગોળને લગતા વર્તમાન પ્રવાહનો સમાવેશ
- GPSC ની પ્રાથમિક તથા મુખ્ય પરીક્ષાના સંપૂર્ણ અભ્યાસક્રમનો સમાવેશ
- વર્ગ–3 / પ્રાથમિક પરીક્ષાને ધ્યાનમાં રાખી Factual માહિતીનો સમાવેશ
- મુખ્ય પરીક્ષાને ધ્યાનમાં રાખીને વિસ્તૃત વર્ણન
- મુખ્ય પરીક્ષામાં અવાર નવાર પૂછાતા સમસામાયિક મુદ્દાઓનું અલગથી પ્રકરણ
- પ્રકરણના અંતે અગાઉની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો તથા મહાવરા માટેના પ્રશ્નોનો સમાવેશ
- NCERT, GCERT, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, વિવિધ મંત્રાલયોના વાર્ષિક રીપોર્ટ અને અન્ય સંદર્ભ ગ્રંથો આધારિત પુસ્તક

**YUVA UPNISHAD**
**PUBLICATION**

2nd Floor, Ankur Shopping Center, Near Gujarat Gas Circle, Adajan, Surat. Mo: 99094 49289

**Follow us on :** / Yuva Upnishad Foundation

| ADAJAN | UDHNA | NAVSARI | VALSAD | VYARA | GODHRA | JUNAGADH |
|---|---|---|---|---|---|---|
| 99094 39795 | 99046 34498 | 90994 42310 | 99094 39971 | 74348 39380 | 74054 97591 | 88662 51051 |

# 64 ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

## (Rural Local Self Government)

**73માં બંધારણીય સુધારા,** 1992 દ્વારા બંધારણના **ભાગ-9**માં અનુચ્છેદ 243 **થી** 243O સુધી પંચાયતની જોગવાઈ કરવામાં આવી. જેમાં જિલ્લા, તાલુકા અને ગ્રામપંચાયતનો સમાવેશ કરવામાં આવે છે.

- ⇨ **73માં બંધારણીય સુધારા** દ્વારા બંધારણમાં **અનુસૂચિ** 11 ઉમેરવામાં આવી, જેમાં પંચાયતને લગતી જોગવાઈ આપેલ છે તથા તેમાં 29 વિષયોનો સમાવેશ થાય છે.
- ⇨ આ બંધારણીય સુધારા દ્વારા બંધારણના **અનુચ્છેદ** 40નું પણ વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું.

  **અનુચ્છેદ 40 :** ગ્રામ પંચાયતોની રચના કરવા રાજ્ય પગલા લેશે અને સ્વરાજના એકમો તરીકે કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે.

> ✍ **નોંધ**
>
> ડૉ. આંબેડકરને પંચાયતી રાજની જોગવાઈને બંધારણમાં ઉમેરવાનો વિરોધ કર્યો હતો. પરંતુ કે. સંથાનમ દ્વારા બંધારણ સભામાં રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ પ્રમાણે પંચાયતીરાજમાં ગાંધી દર્શન હોવાના કારણે તેનો રાજ્યનાં નીતિ–નિર્દેશક તત્વો અંતર્ગત અનુચ્છેદ–40 માં સમાવેશ કરવામાં આવ્યો.

### 73 મો બંધારણીય સુધારો, 1992ની મુખ્ય જોગવાઈઓ

- ⇨ **20 લાખથી વધુ** વસ્તીવાળા રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજની સ્થાપના કરવી જોઈએ.
- ⇨ મહિલાઓ માટે 1/3 **બેઠકો** અનામત રાખવી જોઈએ.
- ⇨ ગ્રામ્ય સ્તરે ફરજિયાત ગ્રામસભાની સ્થાપના.
- ⇨ પંચાયતની તમામ બેઠકોની ચૂંટણી પ્રત્યક્ષ રીતે કરવી જોઈએ.
- ⇨ તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના પ્રમુખોની ચૂંટણી પરોક્ષ રીતે થવી જોઈએ.
- ⇨ **દર 5 વર્ષે રાજ્યપાલ દ્વારા** પંચાયતોની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે નાણાંપંચની નિમણૂક કરવી જોઈએ.
- ⇨ SC **અને** ST માટે તેમની **વસ્તીના પ્રમાણમાં** બેઠકની ફાળવણી કરવી જોઈએ.
- ⇨ રાજ્યની વિધાનસભા ઠરાવ કરે તો **સામાજિક અને શૈક્ષણિક** રીતે પછાત વર્ગ માટે બેઠક અનામત રાખવી.
- ⇨ પંચાયતનો **કાર્યકાળ 5 વર્ષ**નો રાખવો અને ચાલુ પંચાયતનો કાર્યકાળ પૂર્ણ થાય તેના પહેલાં નવી પંચાયતની ચૂંટણી કરવી જોઈએ.
- ⇨ બરખાસ્ત (Supersede) કરેલી તમામ પંચાયતની નવેસરથી **છ મહિનાની** અંદર ચૂંટણી કરવી તથા નવી પંચાયતનો કાર્યકાળ વિસર્જિત પંચાયતની બાકી રહેતી મુદત પૂરતો જ રહેશે.
- ⇨ આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓ ઘડવી અને તે યોજનાઓનું પંચાયત સ્તરે અમલીકરણ કરવાની જવાબદારી પંચાયતોને આપવી જોઈએ.
- ⇨ તમામ સ્તરોની પંચાયતોનું ચૂંટણીનું આયોજન અને નિયંત્રણ **રાજ્ય ચૂંટણીપંચ** દ્વારા થવું જોઈએ.
- ⇨ રાજ્ય વિધાનસભાના ઠરાવથી પંચાયતોના હિસાબ અને તેનાં મૂલ્યાંકનની પદ્ધતિ નક્કી કરવામાં આવશે.
- ⇨ ભારતના બંધારણના **ભાગ–9** મુજબના **અનુચ્છેદ–243(M)**માં જણાવ્યા મુજબ આ અધિનિયમ અમૂક રાજ્યોમાં લાગુ પડશે નહિ.




DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

# 65 નગરપાલિકાઓ
## (Municipalities)

નગરપાલિકાઓની જોગવાઈ બંધારણનાં **ભાગ–9(A)** or **(ક)** માં અનુચ્છેદ 243(P) or **(ધ) થી** 243(ZG) or **(વજ)** માં કરવામાં આવી છે. આ જોગવાઈ 74 માં બંધારણીય સુધારા, 1992 દ્વારા કરવામાં આવી છે.

- ⇨ આ અધિનિયમ રાષ્ટ્રપતિ દ્વારા 1992માં મંજૂરી મળતા 1 જૂન, 1993ના રોજ અમલમાં આવ્યો.

## 74 મો બંધારણીય સુધારો, 1992

**પી.વી. નરસિમ્હારાવ** ની સરકારે **74માં બંધારણીય સુધારા, 1992** દ્વારા **1 જૂન, 1993** થી ભારતમાં શહેરી સ્વરાજની સંસ્થાઓનો બંધારણીય અમલ શરૂ થયો. જેથી બંધારણમાં **ભાગ-9(A)** ઉમેરવામાં આવ્યું, જેનું નામ **'નગરપાલિકાઓ'** (The Municipalities) આપવામાં આવ્યું.

- ⇨ બંધારણમાં એક નવી **અનુસૂચિ** - 12 પણ ઉમેરવામાં આવી. જેમાં નગરપાલિકાના 18 **વિષયો**ની યાદી આપેલી છે. જે અનુચ્છેદ 243-W સાથે સંલગ્ન છે.
- ⇨ આ કાયદા દ્વારા નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો અને નગરપાલિકાઓ બંધારણના અધિકાર ક્ષેત્રમાં આવી, એટલે કે આ કાયદાની જોગવાઈ અનુસાર દરેક રાજ્યે નગરપાલિકા પદ્ધતિ અપનાવવી ફરજિયાત થઈ ગઈ.
- ⇨ આ કાયદાનો ઉદ્દેશ નગરીય શાસનને સુદઢ બનાવવાનો હતો. તેથી સ્થાનિક સ્વરાજ્યની એક સંસ્થા તરીકે પોતાનું કાર્ય કરી શકે.
- ⇨ આ ચૂંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોને પક્ષના પ્રતિનિધિ તરીકે પક્ષીય ધોરણે ચૂંટણી લડાવી શકે છે.

## નગરપાલિકા સંબંધિત અનુચ્છેદો

- ⇨ **અનુચ્છેદ-243(P) : વ્યાખ્યાઓ**
- ⇨ **અનુચ્છેદ-243 (P) (c) : મેટ્રોપોલિટન વિસ્તાર (Metropolitan Area) :**
  એક કે વધુ જિલ્લાનો બનેલો અને બે કે વધુ નગરપાલિકાઓ અથવા પંચાયતો વાળો દસ લાખ કે તેથી વધુ વસ્તીવાળો વિસ્તાર અથવા, રાજ્યપાલે જાહેરનામા દ્વારા આ ભાગના હેતુઓ માટે મેટ્રોપોલિટન વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલ અન્ય સંલગ્ન વિસ્તારો.
- ⇨ **અનુચ્છેદ-243 (P) (d) : નગરપાલિકા ક્ષેત્ર (Municipal Area) :**
  રાજ્યપાલે જાહેર કર્યા પ્રમાણે નગરપાલિકાનો પ્રાદેશિક વિસ્તાર.
- ⇨ **અનુચ્છેદ-243P (e) : નગરપાલિકા (Municipality) :**
  અનુચ્છેદ 243 (Q) હેઠળ રચાયેલ સ્વરાજ્ય સંસ્થા.

### ❑ અનુચ્છેદ-243(Q) : નગરપાલિકાઓની રચના :

- ⇨ અનુચ્છેદ 243(Q) નીચે મુજબના ત્રણ પ્રકારોમાં નગરપાલિકાઓની દરેક રાજ્યમાં રચના કરવાનું સૂચવે છે.

Table : 65.1

| નગરપાલિકાઓ (Municipalities) | | |
|---|---|---|
| **નગરપંચાયત** (Nagar Panchayat) | **નગરપાલિકા પરિષદ** (Municipal Council) | **મહાનગરપાલિકા** (Municipal Corporation) |
| ગામ માંથી શહેરમાં પરિવર્તિત થઈ રહેલા નગરમાં નગરપંચાયતો હોય છે. | નાના શહેરો અથવા લઘુ નગરીય ક્ષેત્રોમાં નગરપાલિકા પરિષદની જોગવાઈ કરવામાં આવી છે. | સામાન્ય રીતે મોટા શહેરોમાં મહાનગરપાલિકા હોય છે. |

- ⇨ નગરપાલિકાઓ રાજ્યસૂચિનો વિષય છે. તેથી રાજ્યોના રાજ્યપાલને એ સત્તા આપવામાં આવી છે કે વસ્તીના આધાર પર અથવા આર્થિક મહત્વને જોતા નગરોમાં નગરપાલિકાની સ્થાપના કરવા માટે નિર્દિષ્ટ કરી શકે છે.

### ❑ અનુચ્છેદ-243(R) : નગરપાલિકાઓની સંરચના

- ⇨ નગરપાલિકાઓના મતવિસ્તારોને વોર્ડમાં વહેંચવામાં આવશે અને દરેક વોર્ડ દીઠ સભ્યોની પ્રત્યક્ષ રીતે ચૂંટણી કરવામાં આવશે.
- ⇨ નગરપાલિકાના અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા જે-તે રાજ્યનું વિધાનમંડળ નક્કી કરશે.

### ❑ અનુચ્છેદ-243(S) : વોર્ડ સમિતિઓ વગેરેની રચના અને સંરચના

- ⇨ **3 લાખ કે તેથી વધુ** વસ્તી ધરાવતી નગરપાલિકાના પ્રાદેશિક વિસ્તારમાં શહેરોમાં એક અથવા એકથી વધુ વોર્ડોની બનેલી વોર્ડ સમિતિઓ રચવામાં આવશે.
- ⇨ વોર્ડ સમિતિની રચના, ક્ષેત્ર, તેના સભ્યોની ચૂંટણી વગેરે બાબતોનો નિર્ણય કાયદાથી રાજ્ય વિધાનમંડળ દ્વારા કરવામાં આવશે.

### ❑ અનુચ્છેદ-243(T) : બેઠકો અનામત રાખવા બાબત

- ⇨ નગરપાલિકાના વિસ્તારમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેની કુલ વસ્તીના પ્રમાણમાં અનામત રાખવાની જોગવાઈ છે.
- ⇨ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે અનામત રાખવા માટે રાજ્ય વિધાનમંડળ નિર્ણય લેશે.

DEMO COPY

➪ સત્તાની લાલસા તથા ભૌતિક વસ્તુની લાલસાને કારણે રાજકારણીઓ પોતાનો પક્ષ છોડીને બીજા પક્ષમાં સામેલ થઈ જાય છે અથવા પોતાનો નવો પક્ષ બનાવી લે છે.

➪ ચોથી સામાન્ય ચૂંટણી (1967) પછી પક્ષ પરિવર્તનમાં ખૂબ જ વધારો થયો, આ ઘટના એ કેન્દ્ર અને રાજ્ય બંનેમાં રાજનૈતિક અસ્થિરતાને જન્મ આપ્યો તથા પક્ષોમાં વિઘટનને સમર્થન મળ્યું. આથી વર્તમાન સમયમાં બે જનતા દળ, બે તેલુગુ દેશમ પાર્ટી, બે ડીએમકે, બે સામ્યવાદી પક્ષ, ત્રણ અકાલી દળ, ત્રણ મુસ્લિમ લીગ અસ્તિત્વ ધરાવે છે.

## ❒ પ્રભાવશાળી વિપક્ષનો અભાવ (Lack of Effective Opposition) :

ભારતમાં પ્રચલિત સંસદીય લોકતંત્રની સફળતા માટે પ્રભાવશાળી વિપક્ષ અત્યંત જરૂરી છે, વિપક્ષ સત્તાધારી પાર્ટીના નિરંકુશ શાસનની પ્રવૃત્તિ અટકાવે છે અને વૈકલ્પિક સરકાર આપે છે પરંતુ પાછળના 50 વર્ષોમાં કેટલાક અવસરોને છોડીને જોવા જઈએ તો જાણી શકાય કે દેશમાં સશક્ત, પ્રભાવશાળી અને જાગૃત વિપક્ષનો અભાવ જ રહ્યો છે.

➪ વિપક્ષમાં બેસતા પક્ષમાં એકતાનો અભાવ છે અને મોટાભાગે તેઓ સત્તાધારી પાર્ટીઓના સંદર્ભમાં આંતરિક વિવાદમાં જ ફસાયેલા હોય છે. તેઓ રાષ્ટ્રનિર્માણ તથા રાજનૈતિક ક્રિયાઓમાં સર્જનાત્મક ભૂમિકા નિભાવવામાં અસફળ રહ્યા છે.

## ❒ રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોની માન્યતા (Recognition of National and State Parties)

**ચૂંટણીપંચ** ચૂંટણીઓ માટે રાજનૈતિક પક્ષોની નોંધણી કરે છે અને તેમની ચૂંટણીઓના પરિણામના આધાર પર તેમને રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક પક્ષ તરીકે માન્યતા આપે છે. જ્યારે બીજા પક્ષોને ફક્ત રજીસ્ટર અમાન્ય પક્ષ તરીકે જાહેર કરવામાં આવે છે.

➪ ચૂંટણીપંચ દ્વારા આપવામાં આવેલી માન્યતા પક્ષો માટે કેટલાક વિશેષાધિકારોનું નિર્ધારણ કરે છે, જેમ કે ચૂંટણી ચિન્હનો અધિકાર, સરકાર દ્વારા સંચાલિત ટેલીવિઝન અને રેડિયો સ્ટેશનોમાં રાજનૈતિક પ્રસારણ માટેનો અધિકાર અને મતદાર યાદીઓ મેળવવાનો અધિકાર.

➪ દરેક રાષ્ટ્રીય પક્ષને એક ચૂંટણી ચિન્હ આપવામાં આવે છે જે સંપૂર્ણ દેશમાં મોટાભાગે જે તે પક્ષ માટે જ અનામત હોય છે. આ પ્રકારે દરેક પ્રાદેશિક પક્ષોને પણ એક ચૂંટણી ચિન્હ આપવામાં આવે છે, આ ચૂંટણી ચિન્હ જે તે રાજ્યો અથવા જે રાજ્યોમાં જે તે પક્ષને માન્યતા પ્રાપ્ત છે તેમના માટે મોટા ભાગે અનામત હોય છે.

➪ બીજી બાજુ, કોઈપણ રજીસ્ટર અમાન્યતા પ્રાપ્ત પક્ષો બાકીના ચૂંટણી ચિન્હોની સૂચિઓમાંથી ચિન્હો પસંદ કરી શકે છે, બીજા શબ્દોમાં ચૂંટણીપંચ કેટલાક ચિન્હોને અનામત ચિન્હોના રૂપમાં નિર્ધારિત કરે છે જે માન્યતા પ્રાપ્ત પક્ષોના ઉમેદવારો માટે હોય છે અને અન્ય બાકીના ચિન્હો બીજા ઉમેદવારો માટે હોય છે.

## ❒ રાષ્ટ્રીય પક્ષોની માન્યતા માટેની શરતો (Conditions for Recognition as a National Parties)

ચૂંટણીપંચ દ્વારા વર્ષ 2013 માં, કોઈપણ પક્ષને રાષ્ટ્રીય પક્ષના રૂપમાં માન્યતા ત્યારે જ આપવામાં આવે જયારે તે નીચે મુજબની કોઈપણ એક યોગ્યતા પૂરી કરતો હોય ;

1. ત્રણ અલગ-અલગ રાજ્યોમાંથી લોકસભાની કુલ સીટ(543)માંથી 2% સીટ (11) જીતવી જરૂરી છે.
2. લોકસભા અથવા વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કુલ માન્ય મતના 6% મત તેમજ લોકસભાની 4 સીટ જીતવી જરૂરી છે.
3. 4 કે તેથી વધુ રાજ્યોમાં પ્રાદેશિક પક્ષ તરીકે જાણીતો પક્ષ હોવો જોઈએ.

➪ **હાલની સ્થિતિએ નીચેના 8 પક્ષો રાષ્ટ્રીય પક્ષ તરીકેની માન્યતા ધરાવે છે.**

Table : 66.1

**રાષ્ટ્રીય પક્ષો**

| ક્રમ | પૂરુંનામ | સ્થાપના વર્ષ | ચિહ્ન |
|---|---|---|---|
| 1. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) | 1885 | પંજો (હથેળી) |
| 2. | ભારતીય સામ્યવાદી પક્ષ (CPI) | 1925 | મક્કાઈ અને દાતરડું |
| 3. | ભારતીય સામ્યવાદી પક્ષ (માર્કસવાદી) (CPI-M) | 1964 | હથોડી, દાતરડું અને તારા |
| 4. | ભારતીય જનતા પાર્ટી (BJP) | 1980 | કમળ |
| 5. | બહુજન સમાજ પાર્ટી (BSP) | 1984 | હાથી |
| 6. | ભારતીય તૃણમુલ કોંગ્રેસ (AITC) | 1998 | ફુલ અને ઘાસ |
| 7. | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) | 1999 | ઘડિયાળ |
| 8. | રાષ્ટ્રીય પીપલ્સ પાર્ટી (NPP) | 2013 | પુસ્તક (બુક) |

**✍ નોંધ**

- રાષ્ટ્રીય પીપલ્સ પાર્ટી (National People's Party)ને ભારતીય ચૂંટણી આયોગ દ્વારા **2019** માં **દેશની 8મી** રાષ્ટ્રીય પાર્ટી તરીકે જાહેર કરવામાં આવી છે જે **ઉત્તર–પૂર્વના રાજ્યોની પ્રથમ** રાષ્ટ્રીય પાર્ટી છે.
- સ્થાપના 2013માં મેઘાલયના મુખ્યમંત્રી **પી. એ. સંગમા** દ્વારા કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય પીપલ્સ પાર્ટી (NPP)નું ચૂંટણી ચિહ્ન પુસ્તક (Book) છે.

## ❒ પ્રાદેશિક પક્ષોની માન્યતા માટેની શરતો (Conditions for Recognition as a Regional Parties)

ચૂંટણીપંચ દ્વારા વર્ષ 2013 માં, કોઈપણ પક્ષને પ્રાદેશિક પક્ષના રૂપમાં માન્યતા ત્યારે જ આપવામાં આવે જયારે તે નીચે મુજબની કોઈપણ એક યોગ્યતા પૂરી કરતો હોય ;

1. જો કોઈપણ પક્ષ જે તે રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં તે રાજ્યમાં કુલ માન્ય મતોના **6 % મત** પ્રાપ્ત કરે અને તેની સાથે તે પક્ષ તે જ રાજ્યમાં વિધાનસભાની **2 સીટો** મેળવે.
2. જો કોઈપણ પક્ષ જે તે રાજ્યમાં થયેલી લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં તે રાજ્યના કુલ માન્ય મતોના **6 % મત** મેળવે તથા તેના સિવાય તે જ રાજ્યમાં લોકસભાની ઓછામાં ઓછી એક સીટ મેળવે.

DEMO COPY

# 71 વિશ્વની કેટલીક મહત્વની સંસ્થાઓ

## (Some Important Institutions of World)

### કેટલીક મહત્વની સંસ્થાઓ

### (Other Important Institutions)

**1. વિશ્વ બેંક (World Bank)**

THE WORLD BANK
IBRD • IDA | WORLD BANK GROUP

**1944માં USAમાં બ્રેટનવુડ્સ ખાતે એક આંતરરાષ્ટ્રીય** સંમેલનમાં બે સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.

1. વિશ્વ બેન્ક, 2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ

- ➩ વિશ્વ બેંકની સ્થાપના **બ્રેટનવુડ્સ કરાર પછી જુલાઈ, 1944**માં કરવામાં આવી હતી.
- ➩ વિશ્વ બેંકનું વડુમથક **વોશિંગ્ટન ડી.સી., અમેરિકા**માં આવેલું છે.
- ➩ હાલમાં વિશ્વ બેંકમાં 189 સભ્ય દેશો સામેલ છે.
- ➩ વિશ્વ બેંકનું **મુખ્ય કાર્ય** ગરીબી ઘટાડવા તેમજ વિકાસ માટે જે–તે દેશને લોન (ઋણ) આપવાનું છે.
- ➩ તેનો મુખ્ય **Motto : Working for a World Free of Poverty**

❑ **વિશ્વ બેંક સમૂહ અને તેની સંસ્થાઓ**

- ➩ આંતરરાષ્ટ્રીય પુનઃનિર્માણ અને વિકાસ બેંક (IBRD) અને આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘ (IDA) મળીને વિશ્વ બેંકનું ગઠન કરે છે. તેઓ વિકાસશીલ દેશોને નાણાકીય, નીતિગત સલાહ અને તકનીકી સહાય પૂરી પાડે છે.
- ➩ વર્લ્ડ બેંક દ્વારા ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેકટસ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, વર્લ્ડ ડેવલેપમેન્ટ રિપોર્ટ જેવા રિપોર્ટ બહાર પાડવામાં આવે છે.
- ➩ વિશ્વ બેંક સમૂહ 5 સંસ્થાઓથી બનેલ છે.
- ➩ 1. આંતરરાષ્ટ્રીય પુનઃનિર્માણ અને વિકાસ બેંક **(IBRD)**
  2. આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘ **(IDA)**
  3. આંતરરાષ્ટ્રીય નાણાકીય નિગમ **(IFC)**
  4. બહુપક્ષીય રોકાણ ગેરંટી એજન્સી **(MIGA)**
  5. આંતરરાષ્ટ્રીય રોકાણ અને વિવાદ નિવારણ કેન્દ્ર **(ICSID)**




**2. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ**
**(Internatioal Monetary Fund)**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના બ્રેટન વુડસ કરાર પછી જુલાઈ, **1944**માં કરવામાં આવી હતી.

- ➩ IMFની સ્થાપના સમયે 37 સભ્યદેશો હતા. હાલમાં IMFના 189 સભ્યદેશો છે.
- ➩ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું સંચાલન બોર્ડ ઓફ ગવર્નન્સ કરે છે.
- ➩ બોર્ડ ઓફ ગવર્નન્સમાં પ્રત્યેક સભ્ય દેશ **2** પ્રતિનિધિ મોકલે છે. જે પૈકી પ્રથમ પ્રતિનિધિ ગવર્નર અને બીજો પ્રતિનિધિ વૈકલ્પિક ગવર્નર તરીકે ઓળખાય છે.
- ➩ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા **વર્લ્ડ ઈકોનોમિક આઉટ લુક, ગ્લોબલ ફાઈનાન્સ સ્ટેબીલીટી પોલીસી, ફિસ્કલ મોનીટર** જેવા રીપોર્ટ બહાર પાડવામાં આવે છે.

**3. વિશ્વ વેપાર સંગઠન**
**(World Trade Organization)**

WORLD TRADE ORGANIZATION

દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી વિશ્વ વેપારને ઉત્તેજન આપવા માટે કેટલાક દેશો એકત્રિત થયા. જેને પરિણામે વર્ષ **1947**માં **23** દેશોએ ગેટની રચના કરી. ગેટ **(GATT)** નું પૂરુંનામ " **જનરલ એગ્રીમેન્ટ ઓન ટ્રેડ એન્ડ ટેરીફ**" છે. ગેટના ડાયરેક્ટર જનરલ આર્થર ડંકેલ એક ખરડો (ડંકેલ ડ્રાફ્ટ) તૈયાર કર્યો હતો. આ

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

પરિશિષ્ટ III

# ભારતના પ્રથમ હોદ્દેદારો

## (India's First Office Bearers)

Table : III.I

| વિગત | નામ |
|---|---|
| ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ |
| ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ | પ્રતિભા પાટીલ |
| ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ જેમને મતદાનમાં ભાગ લીધો | કે.આર.નારાયણન્ |
| ભારતના પ્રથમ અનુ.જાતિના  રાષ્ટ્રપતિ | કે.આર.નારાયણન્ |
| ભારતના પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ | ડૉ.ઝાકીર હુસેન |
| ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ | ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણ |
| ભારતના પ્રથમ પ્રધાનમંત્રી | પંડિત જવાહરલાલ નેહરુ |
| લોકસભામાં હાજર ન રહેનાર પ્રથમ પ્રધાનમંત્રી | ચૌધરી ચરણસિંહ |
| કાર્યકાળ પૂર્ણ થયા પહેલા રાજીનામુ આપનાર પ્રથમ પ્રધાનમંત્રી | મોરારજી દેસાઈ |
| ભારતના પ્રથમ ઉપપ્રધાનમંત્રી | સરદાર વલ્લભભાઈ પટેલ |
| ભારતના પ્રથમ લોકસભાના અધ્યક્ષ | ગણેશ વાસુદેવ માવળંકર |
| લોકસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ | મીરાંકુમાર |
| ભારતના પ્રથમ લોકસભાના ઉપાધ્યક્ષ | અનંત શયનમ આયંગર |
| વર્ષ 1977 પહેલા ભારતના લોકસભાના પ્રથમ વિપક્ષના નેતા | રામ સુભગ સિંહ |
| વર્ષ 1977 પછી ભારતના લોકસભાના પ્રથમ વિપક્ષના નેતા | યશવંતરાવ બળવંતરાવ ચવાણ |
| વર્ષ 1977 પહેલા ભારતના રાજ્યસભાના પ્રથમ વિપક્ષના નેતા | શ્યામ નંદન મિશ્રા |
| વર્ષ 1977 પછી ભારતના રાજ્યસભાના પ્રથમ વિપક્ષના નેતા | કમલાપતિ ત્રિપાઠી |
| ભારતીય લોકસભામાં સૌથી ઓછા દિવસના વિપક્ષી નેતા | પી.વી.નરસિંહરાવ |
| ભારતીય રાજયસભાના પ્રથમ મહિલા ઉપસભાપતિ | વાયલેટ અલ્વા |
| ભારતીય વિધાનસભામાં પ્રથમ મહિલા અધ્યક્ષ | શ્રીમતી શન્નૌ દેવી |
| ભારતના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ | હરીલાલ જે.કણિયા |
| પ્રથમ મહિલા વકીલ જે સીધા સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ તરીકે નિમણૂક પામ્યા | ઈન્દુ મલ્હોત્રા |
| પદ પરથી દૂર કરવાની પ્રક્રિયાનો સામનો કરવાવાળા પ્રથમ ભારતીય ન્યાયાધીશ | ન્યાયાધીશ વી.રામસ્વામી |
| આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ન્યાયાધીશ બનવાવાળા પ્રથમ ભારતીય | ડૉ. નગેંદ્ર સિંહ |
| ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર | સુકુમાર સેન |
| ભારતના પ્રથમ નાણામંત્રી | જ્હોન મથાઈ |
| સ્વતંત્ર ભારતના પ્રથમ નાણામંત્રી | ષણમુખમ શેટ્ટી |
| ભારતના પ્રથમ મહિલા નાણામંત્રી | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| ભારતનાં પ્રથમ પૂર્ણકાલીન મહિલા નાણામંત્રી | શ્રીમતી નિર્મલા સિતારામન |
| ભારતના પ્રથમ ગૃહમંત્રી | સરદાર વલ્લભભાઈ પટેલ |
| ભારતના પ્રથમ કાયદામંત્રી | ડૉ.બાબા સાહેબ આંબેડકર |
| પ્રથમ શિક્ષણમંત્રી | અબુલ કલામ આઝાદ |
| પ્રથમ મહિલા વિદેશમંત્રી | લક્ષ્મી એન. મેનન્ |
| ભારતના પ્રથમ મહિલા સંરક્ષણ મંત્રી | નિર્મલા સિતારામન |
| વડાપ્રધાનના પદ સાથે સંરક્ષણ મંત્રીનુ પદ સંભાળનાર મહિલા વડાપ્રધાન | શ્રીમતી ઈન્દિરા ગાંધી |
| કેન્દ્રીય મંત્રીમંડળમાં પ્રથમ મહિલા મંત્રી | રાજકુમારી અમૃત કૌર(સ્વાસ્થ્ય મંત્રી) |

DEMO COPY

પરિશિષ્ટ IV

# અગત્યની શબ્દાવલી

## (Important Terminology)

❒ **દ્વિસ્તરીય શાસનપદ્ધતિ (Diarchy)**

એકતંત્રી શાસનમાં ફક્ત કેન્દ્રીય સરકારનું આધિપત્ય સમગ્ર રાજ્ય કે દેશ પર હોય છે. કેટલીકવાર આ કેન્દ્રીયસત્તા, અન્ય સ્થાનિક સંસ્થાઓને કેટલીક વહીવટી સત્તાઓ આપે છે. પરંતુ એકતંત્રી શાસનમાં કેન્દ્રીય સત્તાનું પ્રભુત્વ હોવાથી તે આવી જોગવાઈ પાછી પણ ખેંચી શકે. સમવાયતંત્રમાં આમ હોતુ નથી. આ પદ્ધતિમાં સંઘનો દરેક એકમ જોડાઈને સંઘની રચના તો કરે છે પરંતુ તે એકમ પોતાના અધિકારક્ષેત્રમાં વહીવટ લગભગ સ્વતંત્ર પણે જ ચલાવે છે. આમ છતાં, તેના પર કેટલાક કેન્દ્રીય અંકુશો હોવા જરૂરી છે જેથી સંઘની એકતા જોખમાય નહીં. આમ સમવાયતંત્રમાં દ્વિસ્તરીય શાસન પદ્ધતિ- કેન્દ્રમાં કેન્દ્રીય સરકાર અને રાજ્યમાં રાજ્ય સરકાર હોય છે.

જો કે રાજ્યોને સંઘમાંથી છૂટા થવાનો અધિકાર નથી. આ બાબત સમવાયતંત્રની અગત્યની લાક્ષણિકતા છે.

❒ **સાર્વભૌમિકતા (Sovereignty)**

સાર્વભૌમ શબ્દોનો અર્થ એ થાય છે કે ભારત ન તો કોઈ દેશ પર નિર્ભર છે કે ન તો કોઈ અન્ય દેશનું સંસ્થાન (Dominion) છે. આના ઉપર કોઈની શકિત નથી અને તે પોતાના આંતરિક અને બાહ્ય કાર્ય માટે સ્વતંત્ર છે.

⇨ એક સાર્વભૌમ રાજ્ય હોવાથી ભારત કોઈ વિદેશી સીમાનું અધિગ્રહણ અથવા કોઈ અન્ય દેશના પક્ષમાં પોતાની સીમાના કોઈ ભાગ પરથી પોતાનો દાવો છોડી શકે છે.

❒ **પંગુ સત્ર (Lame-Duck Session)**

નવી લોકસભાની ચૂંટણી પછી અને રચના પહેલા વર્તમાન લોકસભાનું અંતિમસત્ર હોય, જેમાં ગત્ લોકસભાના સભ્યો જે નવી લોકસભામાં ચૂંટાયા હોતા નથી. તે પણ ભાગ લે છે. આવા સભ્યોને પંગુ કહેવાય આથી આ સત્રને પંગુસત્ર (Lame-Duck Session) કહેવાય છે.

⇨ ભારતમાં 1957 પછી હજૂ સુધી આવી પરિસ્થિતિ ઉદ્ભવી નથી.જયારે સામાન્ય રીતે પંગુસત્ર અમેરિકામાં સામાન્ય બાબત છે.

❒ **સ્થગન/સત્ર મોકૂફી (Adjournment)**

ગૃહના એક સત્રમાં ઘણી બેઠકો (Seatings) હોય છે, ગૃહના અધ્યક્ષ દ્વારા સંસદના ચાલુ સત્ર દરમિયાન જાહેર કરવામાં આવતા સંક્ષિપ્ત અવકાશને સ્થગન કહેવામાં આવે છે.

⇨ સ્થગન મિનિટ, કલાક, દિવસ કે અઠવાડિયાનું હોય શકે છે.

⇨ સામાન્ય રીતે ગૃહોની દિવસમાં બે-બે બેઠકો (Seatings) થતી હોય છે.(જેનો સમય મોટા ભાગે સવારે 11 થી 1 અને 2 થી 6)

⇨ સ્થગનથી ગૃહનું અધિવેશન (સત્ર) સમાપ્ત થઈ જતું નથી, પરંતુ ગૃહની કાર્યવાહી સૂચિત સમય સુધી સ્થગિત થઈ જાય છે.

⇨ સ્થગનની અસર પૂરી થયા પછી ગૃહનું અગાઉનું બાકી રહેલું કામ કે ચર્ચા આગળ ચાલે છે.

⇨ તેનાથી ખરડા પસાર કરવાની પ્રક્રિયા પર કોઈ અસર થતી નથી.

❒ **અનિશ્ચિતકાળ માટે સ્થગન (Adjournment Sine Die)**

જયારે અનિશ્ચિતકાળ માટે ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવે તો તેને અનિશ્ચિત કાળ માટે સ્થગન કહેવામાં આવે છે.

⇨ અંગ્રેજીમાં સાઈને ડાઈ નો અર્થ થાય છે કે 'આગામી બેઠકનો દિવસ નક્કી કર્યા વગર'

⇨ સામાન્ય રીતે ગૃહના અંતિમ દિવસે ગૃહને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવે છે.

❒ **સત્રાવસાન/સત્રસમાપ્તિ (Prorogation)**

⇨ બંધારણના અનુચ્છેદ - 85 (2) અનુસાર રાષ્ટ્રપતિ વખતોવખત -
(ક) ગૃહોની અથવા બે માંથી કોઈપણ ગૃહની સત્રાવસાન/સત્રસમાપ્તિ કરી શકશે;

⇨ સત્રાવસાન એટલે સત્રની સમાપ્તિ.

⇨ સંસદના ગૃહોનું સત્રાવસાન રાષ્ટ્રપતિ દ્વારા મંત્રી પરિષદની સલાહથી કરવામાં આવે છે.

⇨ ગૃહમાં સત્રાવસાનની પ્રક્રિયામાં અગાઉના ગૃહના કાર્યો અથવા ખરડાઓ સમાપ્ત થતા નથી.

❒ **વિસર્જન/વિઘટન (Dissolution)**

વિસર્જન સત્ર સમાપ્તિથી અલગ હોય છે, સત્ર સમાપ્તિ (Prorogation) ગૃહના એક સત્ર (Session) ને સમાપ્ત કરે છે જ્યારે વિર્સજન (Dissolution) ગૃહને જ સમાપ્ત કરી દે છે.

⇨ લોકસભાને વિર્સજન કરવાની શકિત ભારતમાં રાષ્ટ્રપતિને આપવામાં આવી છે. બંધારણના અનુચ્છેદ-85 (2) અનુસાર (ખ)લોકસભાનું વિસર્જન કરી શકશે;

⇨ નોંધનીય છે કે સામાન્ય પરિસ્થિતિઓમાં રાષ્ટ્રપતિ મંત્રી પરિષદની સલાહથી જ લોકસભાનું વિર્સજન કરી શકે છે, કેટલીક અપવાદરૂપ બાબતોમાં રાષ્ટ્રપતિ જે તે મંત્રીપરિષદની સલાહને અસ્વીકાર કરી શકે છે.

⇨ દા.ત. જો મંત્રીપરિષદ લોકસભામાં વિશ્વાસનો મત હારી ગઈ હોય અને તે પછી રાષ્ટ્રપતિને લોકસભા વિસર્જિત કરવાની સલાહ આપે તો રાષ્ટ્રપતિ આ સલાહને માનવાની ના પાડી શકે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## સંસદમાં થતી કાર્યવાહી (Proceedings of Parliament)

| સમય | કાર્યવાહી | વિગત |
|---|---|---|
| 11 a.m. – 12 p.m. | પ્રશ્નકાળ<br>1 કલાક સુધી | ત્રણ પ્રકારના પ્રશ્નો પુછવામાં આવે છે.<br>(1) તારાંકિત પ્રશ્નો (2) અતારાંકિત પ્રશ્નો (3) અલ્પસૂચન પ્રશ્નો |
| 12 p.m. – 01 p.m. | શૂન્યકાળ<br>1 કલાક સુધી | કોઈ પણ પ્રકારની સૂચના આપ્યા વગર, મૌલિક તથા તત્કાલીન પ્રશ્નો પુછવામાં આવે છે. |
| 01 p.m. – 02 p.m. | ભોજન વિરામ | |
| 02 p.m. – 06 p.m. (03 p.m., 04 p.m., 05 p.m.) | ધારાકીય કાર્યવાહી<br>Legislative Business<br>સરકારી કાર્યવાહી<br>Govt. Business | આ સમયમાં કાયદો અથવા બજેટ ઘડવાનુ કાર્ય થાય |

- રાજ્યસભાનો સમય : સાંજે 5 વાગ્યા સુધી
- લોકસભાનો સમય : સાંજે 6 વાગ્યા સુધી

### ❒ પ્રશ્નકાળ (Question Hour)

સંસદના બંને ગૃહોની પ્રતિદિનની કાર્યવાહીના પ્રથમ કલાકનો સમય પ્રશ્નકાળ કહેવામાં આવે છે. તેમાં ગૃહના સદસ્યો દ્વારા મંત્રીઓને પ્રશ્ન પુછવામાં આવે છે. આ પ્રશ્નો ત્રણ પ્રકારના હોય છે.

⇨ પ્રશ્નકાળની શરૂઆત સૌપ્રથમ 1721માં ઈંગ્લેન્ડમાં થઈ હતી. ભારતમાં પ્રશ્નકાળની શરૂઆત સૌપ્રથમ 1892 ના અધિનિયમથી થઈ.

Table : IV.I

| | | |
|---|---|---|
| 1 | તારાંકિત પ્રશ્નો (Starred Questions) | – આવા પ્રશ્નોના જવાબ મૌખિકમાં આપવાના હોય છે.<br>– કોઈપણ દિવસે લોકસભામાં વધુમાં વધુ 20 તારાંકિત પ્રશ્નો પૂછી શકાય છે.<br>– આ પ્રકારના પ્રશ્નો ફુન્દડી માર્કથી ઓળખી શકાય છે.<br>– આ પ્રશ્નોની યાદી લીલા રંગની હોય છે. |
| 2 | અતારાંકિત પ્રશ્નો (Unstarred Questions) | – આવા પ્રશ્નોના જવાબ લેખિતમાં આપવાના હોય છે.<br>– આ પ્રકારના પ્રશ્નોનો જવાબ પૂરક પ્રશ્નોને અનુસરતો નથી.<br>– આ પ્રકારના પ્રશ્નોને કોઈ ફુન્દડી માર્ક હોતા નથી.<br>– આ પ્રશ્નોની યાદી સફેદ રંગની હોય છે. |
| 3 | અલ્પ સૂચના પ્રશ્નો (Short Notice Questions) | – જે પ્રશ્ન અવિલંબનીય લોક મહત્વના હોય તેવા પ્રશ્નોને 10 દિવસ કરતા ઓછા સમયની નોટીસ આપીને પૂછી શકાય છે.<br>– આ પ્રશ્નોના જવાબ મૌખિક મળે છે.<br>– આ પ્રશ્નોની યાદી ગુલાબી રંગની હોય છે. |

### ❒ અર્ધાકલાકની ચર્ચા (Half Hours Discussion) o

જે વિષયે તાજેતરમાં કોઈ પ્રશ્નનો મૌખિક કે લેખિત જવાબ અપાયો તેમાં વધુ સ્પષ્ટતા જરૂરી હોય તો, સદનના કોઈપણ સભ્યને ત્રણ દિવસની પૂર્વ લેખિત સૂચના આપીને એવા વિષયે લોકસભામાં અર્ધાકલાકની ચર્ચા ઉઠાવી શકાય છે.

### ❒ શૂન્યકાળ (Zero Hours)

⇨ વિશ્વની સંસદીય પ્રક્રિયામાં શૂન્યકાળ એ ભારતની દેન છે.

⇨ જેની શરૂઆત 1962ના ચોમાસુ સત્રથી થઈ હતી.

⇨ પ્રશ્નકાળ પછી તે તરત જ શરૂ થાય છે.

⇨ શૂન્યકાળની શરૂઆત બપોરે 12 કલાકની આસપાસ શરૂ થાય છે.

⇨ પ્રશ્નકાળ અને સંસદીય કાર્યક્રમ વચ્ચેના સમયને શૂન્યકાળ કહેવામાં આવે છે.

⇨ સંસદમાં કોઈપણ સભ્ય કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વગર કોઈપણ બાબત અંગે ચર્ચા કરી શકે છે.

### ❒ ઔચિત્ય પ્રશ્ન-વ્યવસ્થાનો પ્રશ્ન (Point of Order)

જ્યારે ગૃહની કાર્યવાહીના સંચાલન માટે બંધારણીય નિયમોનું પાલન થતું ન હોય ત્યારે કોઈપણ સભ્ય ઔચિત્ય પ્રશ્નના માધ્યમથી ગૃહનુ ધ્યાન આ તરફ દોરે છે.

⇨ ઔચિત્ય પ્રશ્ન પર કોઈ પણ પ્રકારની ચર્ચા કરવામાં આવતી નથી પરંતુ જો ઔચિત્ય પ્રશ્ન યોગ્ય રીતે ઉઠાવવામાં આવે તો તેનાથી ગૃહની કાર્યવાહી સમાપ્ત થઈ જાય છે.

⇨ સામાન્ય રીતે ઔચિત્ય પ્રશ્નનો ઉપયોગ વિરોધ પક્ષના સભ્યો દ્વારા સરકારને દબાણમાં લાવવા માટે કરવામા આવે છે.

### ❒ ગૃહના નેતા (Leader in House)

⇨ લોકસભામાં ગૃહના નેતા એટલે પ્રધાનમંત્રી અથવા પ્રધાનમંત્રી દ્વારા નિમવામાં આવેલ લોકસભાનો સભ્ય.

⇨ રાજ્યસભા ગૃહના નેતા એટલે કે પ્રધાનમંત્રી અથવા પ્રધાનમંત્રી દ્વારા નિમવામાં આવેલ રાજ્ય સભાનો સભ્ય.

### ❒ વિપક્ષના નેતા (Leader of Opposition)

⇨ સંસદના બંને ગૃહોમાં એક-એક વિપક્ષના નેતા હોય છે.

⇨ સામાન્ય રીતે વિપક્ષ તરીકે એવા રાજકીય પક્ષના નેતાની નિમણૂક થાય છે કે જે સત્તાધારી પક્ષ સિવાયના પક્ષના હોય અને સદનમાં જેમના સભ્યોની સંખ્યા કુલ સંખ્યાના $\frac{1}{10}$ છે.

⇨ વિપક્ષના નેતાનું મુખ્ય કાર્ય સરકારના કાર્યોની યોગ્ય આલોચના કરવી તથા એક વૈકલ્પિક સરકારની વ્યવસ્થા કરવાનું હોય અને તેથી જ લોકસભા તથા રાજ્યસભા વિપક્ષના નેતાને વર્ષ 1977 થી મહત્વ આપવામાં આવ્યું.

⇨ તેમના પગારભથ્થા અને સુવિધાઓ કેબિનેટ કક્ષાના મંત્રીને સમકક્ષ હોય છે.

### ❒ કોરમ/કાર્યસાધક સંખ્યા (Quorom)

અનુચ્છેદ 100 અનુસાર દરેક ગૃહમાં કાર્યવાહી માટે ઓછામાં ઓછા સભ્યની હાજરી અથવા કુલ સભ્યના 1/10 સભ્યોને કોરમ કહે છે.

DEMO COPY

પરિશિષ્ટ V

# પદાનુક્રમ

## (Precedence)

TABLE : V.I

1. રાષ્ટ્રપતિ (President of India)
2. ઉપ–રાષ્ટ્રપતિ (Vice President of India)
3. વડાપ્રધાન (Prime Minister of India)
4. પોતપોતાના રાજ્યોમાં રાજ્યપાલ
5. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ

5.A નાયબ–વડાપ્રધાન

6. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અને લોકસભા અધ્યક્ષ
7. • સંઘના કેબિનેટ મંત્રી તથા પોતપોતાના રાજ્યોમાં રાજ્યોના મુખ્યમંત્રી
   • ઉપાધ્યક્ષ, નીતિ આયોગ
   • ભૂતપૂર્વ વડાપ્રધાન
   • રાજ્યસભા અને લોકસભામાં વિપક્ષના નેતા

7.A ભારતરત્નથી સન્માનિત વ્યક્તિ

8. • ભારતમાં રહેતા તથા યાત્રાએ આવતા અસામાન્ય અને પૂર્ણાધિકારી વિદેશી રાજદૂતો અને રાષ્ટ્રમંડળ દેશોના ઉચ્ચાયુક્ત (હાઈકમિશનર)
   • પોતાના રાજ્ય બહારના મુખ્યમંત્રી
   • પોતાના રાજ્ય બહારના રાજ્યપાલ
9. સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ

9.A • અધ્યક્ષ, સંઘ લોક સેવા આયોગ
   • મુખ્ય ચૂંટણી કમિશનર
   • નિયંત્રક અને મહાલેખા પરીક્ષક

10. • રાજ્યસભાના ઉપસભાપતિ
    • રાજ્યોના ઉપ–મુખ્યમંત્રી
    • લોકસભાના ઉપાધ્યક્ષ
    • નીતિઆયોગના સભ્યો
    • સંઘના રાજ્યમંત્રી તથા રક્ષા મંત્રાલયમાં રક્ષા બાબતોથી સંબંધિત કોઈ અન્ય મંત્રી
11. • ભારતના મહાન્યાયવાદી
    • મંત્રીમંડળના સચિવ
    • પોતપોતાના કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉપરાજ્યપાલ
12. • પૂર્ણતઃ જનરલ રેન્ક તથા તેમના સમકક્ષ રેન્કવાળા સેનાધ્યક્ષ
    • Chief of the Defence Staff (4 Star Rank)
    • Chief of the Army Staff (General)
    • Chief of the Air Staff (Air Chief Marshal)
    • Chief of the Naval Staff (Admiral)
13. • ભારતમાં પ્રત્યાયિત વિદેશના અસાધારણ દૂત તથા પૂર્ણાધિકારી મંત્રી
14. • પોતપોતાના રાજ્યોમાં રાજ્ય વિધાનમંડળોના સભાપતિ અને અધ્યક્ષ
    • પોતપોતાના ક્ષેત્રાધિકારમાં ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયાધીશ
15. • પોતપોતાના રાજ્યોમાં રાજ્યોના કેબિનેટ મંત્રી
    • પોતપોતાના કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્યાંના મુખ્યમંત્રી તથા દિલ્હીના મુખ્ય કાર્યકારી પાર્ષદ
    • પોતપોતાના ક્ષેત્રાધિકારમા સંઘના ઉપમંત્રી
16. લેફટનન્ટ જનરલ અથવા સમકક્ષ રેન્કવાળા સ્થાનાપન્ન સેનાધ્યક્ષ
17. • અધ્યક્ષ, કેન્દ્રીય વહીવટી પંચ
    • અધ્યક્ષ, અલ્પસંખ્યક આયોગ
    • અધ્યક્ષ, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિઆયોગ
    • પોતપોતાના અધિકાર ક્ષેત્ર બહાર ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયાધીશ તથા પોતપોતાના અધિકારક્ષેત્રમાં ઉચ્ચ ન્યાયાલયોના ઉતરતા ક્રમ મુજબના ન્યાયાધીશ
18. • પોતપોતાના રાજ્યોથી બહારના રાજ્યોના કેબિનેટ મંત્રી
    • પોતપોતાના રાજ્યોથી બહાર રાજ્ય વિધાનમંડળના સભાપતિ અને અધ્યક્ષ તથા એકાધિકાર અને પ્રતિબંધિત વેપાર આયોગના અધ્યક્ષ
    • પોતપોતાના રાજ્યોથી બહાર રાજ્ય વિધાનમંડળના ઉપસભાપતિ અને ઉપાધ્યક્ષ
    • પોતપોતાના રાજ્યોમાં રાજ્યોના રાજ્ય મંત્રી પોતપોતાના કેન્દ્રશાસિત પ્રદેશોમાં ત્યાંના મંત્રી તથા દિલ્હીના કાર્યકારી પાર્ષદ
    • પોતપોતાની કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના અધ્યક્ષ તથા દિલ્હી મહાનગર પરિષદના અધ્યક્ષ

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

પરિશિષ્ટ VI

# મૂળ બંધારણના ભાગો પર કરેલ ચિત્રણ

(Illustration on Parts of Original Constitution)

Table : VI.I

| મૂળ બંધારણના ભાગો પર કરેલ ચિત્રો | | | |
|---|---|---|---|
| ભાગ | વિષય | ચિત્ર | સમયગાળો |
| 1. | સંઘ અને તેનું રાજ્યક્ષેત્ર | મોહેં–જો– દડો કાળની મુદ્રા | મોહેં–જો– દડો કાળ |
| 2. | નાગરિકતા | વૈદિક આશ્રમ (ગુરુકુલ)નું દ્રશ્ય | વૈદિક કાળ |
| 3. | મૂળભૂત અધિકારો | રામાયણનું દ્રશ્ય (રામનો લંકા પર વિજય અને સીતાનો ઉદ્ધાર) | મહાકાવ્ય કાળ |
| 4. | રાજ્યનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો | શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે ભગવદ્ગીતા કથન (મહાભારતનું દ્રશ્ય) | |
| 5. | સંઘ સરકાર | બુદ્ધના જીવનનું એક દ્રશ્ય | મહાજનપદ અને નંદ કાળ |
| 6. | પ્રથમ સૂચિમાં આવેલા ભાગ–A ના રાજ્યો | મહાવીરના જીવનનું એક દ્રશ્ય | |
| 7. | પ્રથમ સૂચિમાં આવેલા ભાગ–B ના રાજ્યો | સમ્રાટ અશોક દ્વારા ભારત અને વિદેશોમાં બૌદ્ધ ધર્મના પ્રચારને દર્શાવતું દ્રશ્ય | મૌર્ય કાળ |
| 8. | પ્રથમ સૂચિમાં આવેલા ભાગ–C ના રાજ્યો | ગુપ્ત કાળની કળાનું વિવિધ ચરણોમાં વિકાસ | ગુપ્ત કાળ |
| 9. | પ્રથમ સૂચિમાં આવેલા ભાગ–D ના રાજ્યો અને અન્ય પ્રદેશો જેનો સૂચિમાં ઉલ્લેખ નથી | વિક્રમાદિત્યના રાજદરબારનું દ્રશ્ય | |
| 10. | અનુસૂચિત અને આદિજાતિ વિસ્તારો | પ્રાચીન વિશ્વવિદ્યાલય (નાલંદા) નું દ્રશ્ય | |
| 11. | સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો | ઉડીશા (ઓડિશા) ની શિલ્પ કળાનું દ્રશ્ય | મધ્ય યુગ |
| 12. | નાણાં, મિલકત, કરાર અને દાવાઓ સંબંધી બાબતો | નટરાજ | |
| 13. | ભારતનાં રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજ્ય અને આંતર–વ્યવહાર | મહાબલિપુરમ શિલ્પ કળાનું દ્રશ્ય (ભાગીરથનું તપ અને ગંગા નું અવતરણ) | |
| 14. | સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓ | અકબરનું ચિત્ર અને પૃષ્ઠભૂમિમાં મુઘલ વાસ્તુકળા | મુઘલ કાળ |
| 15. | ચૂંટણીઓ | શિવાજી અને ગુરુ ગોવિંદસિંહનું ચિત્ર | |
| 16. | કેટલાક વર્ગો સંબંધી વિશેષ જોગવાઈઓ | ટીપુ સુલ્તાન અને લક્ષ્મીબાઈનું ચિત્ર (બ્રિટીશ રાજ્ય વિરુદ્ધ વિદ્રોહ) | બ્રિટીશ કાળ |
| 17. | વહીવટી ભાષા | રાષ્ટ્રપિતા ગાંધીજીનું દાંડીકૂચનું દ્રશ્ય | ભારતીય સ્વતંત્રતા સંગ્રામ |
| 18. | કટોકટીની જોગવાઈઓ | ગાંધીજીનું રમખાણગ્રસ્ત વિસ્તાર નોઆખલી ની યાત્રા | |
| 19. | પ્રકીર્ણ | ભારતની બહાર રહીને નેતાજી સુભાષચંદ્ર બોઝ અને અન્ય દેશભક્તોનો ભારતમાતાને સ્વતંત્ર | આઝાદી માટે ક્રાંતિકારી આંદોલન |

DEMO COPY

# અગાઉની સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો

**(1) GPSC – ચીફ ઓફિસર (વર્ગ–2/3), વર્ષ – 1999**

1. હોદ્દાની રૂએ નીચેના પૈકી એક પ્લાનિંગ કમિશનના ચેરમેન બને છે. **(તાપી જિલ્લા પંચાયત - 2012)**
   (A) ભારતના પ્રમુખ (B) વડાપ્રધાન
   (C) કેન્દ્રના નાણાંપ્રધાન (D) લોકસભાના સ્પીકર
2. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની નિમણૂક નીચેના પૈકી એક કરે છે.
   (A) રાજ્યની હાઈકોર્ટોના ચીફ જસ્ટિસો દ્વારા
   (B) વડાપ્રધાન
   (C) ભારતના રાષ્ટ્રપ્રમુખ
   (D) કેન્દ્રના કાયદાપ્રધાન

**(2) GPSC – ગુજરાત વહીવટી સેવા (વર્ગ–1 તથા મુલકી સેવા વર્ગ 1/2 ઓફિસર્સ), પરીક્ષા તા. 26/08/2001**

3. આમા હોદ્દાની રૂ એ કયુ છે ?
   (A) P.A. (B) ex-officio
   (C) in Charge (D) આમાનું કશું નહીં
4. ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે કઈ બાબત સાચી નથી?
   (A) ભારતના નાગરિક હોવા જોઈએ
   (B) સરકારી કર્મચારી હોવા જોઈએ
   (C) 35 વર્ષથી વધુ ઉંમર હોય
   (D) સંસદ સભ્ય ન હોય

**(3) GPSC – નોંધણી નિરીક્ષક પ્રશ્નપત્ર – 1 (વર્ગ–2) વર્ષ – 2002**

5. નાણાપંચ દર ........... વર્ષે નિમાય છે ?
   (A) 2 (B) 5 (C) 7 (D) 10
6. ભારતમાં કયા રાજ્યને અલગ બંધારણ છે ?
   (A) ગુજરાત (B) આંધ્રપ્રદેશ
   (C) મહારાષ્ટ્ર (D) જમ્મુ–કાશ્મીર
7. રાજ્યપાલને સોગંદ કોણ લેવડાવે છે ? **(બિન સચિવાલય કલાર્ક - 2014)**
   (A) મુખ્યમંત્રી (B) રાષ્ટ્રપતિ
   (C) સ્પીકર (D) રાજ્યના મુખ્ય ન્યાયમૂર્તિ
8. જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ છે ?
   (A) કલેક્ટર (B) જિલ્લા પ્રમુખ
   (C) જિલ્લા વિકાસ અધિકારી (D) તાલુકા પ્રમુખ
9. રાજ્ય સરકારને બંધારણની કઈ કલમ પ્રમાણે ગામડામાં પંચાયત સ્થાપવાની સત્તા આપવામાં આવે છે ?
   (A) કલમ 50 (B) કલમ 57
   (C) કલમ 40 (D) કલમ 58
10. 'સ્થાનિક સ્વરાજ્યના પિતા' તરીકે કોણ જાણીતું હતું? **(નાયબ ચિટનીસ - 2014, નાયબ ચિટનીસ - 2015)**
    (A) લોર્ડ રીપન (B) લોર્ડ મેયો
    (C) લોર્ડ કોર્નવોલિસ (D) લોર્ડ કર્ઝન
11. મંડલ પંચનો અહેવાલ ....... ને લગતો છે.
    (A) પછાત વર્ગ (B) લઘુમતિ
    (C) અનુસૂચિત જાતિ (D) અનુસૂચિતજનજાતિ
12. ભારતના રાષ્ટ્રધ્વજમાં લીલો રંગ એ શેનું પ્રતિક છે ?
    (A) સમૃદ્ધિ (B) શાંતિ
    (C) પ્રગતિ (D) પ્રેમ
13. ભારતની પ્રથમ સ્ત્રી રાજદૂત કોણ હતી ?
    (A) સરોજિની નાયડુ (B) કમલા નહેરૂ
    (C) ઈન્દિરા ગાંધી (D) વિજયાલક્ષ્મી પંડિત
14. ભારતમાં પ્રથમ અદાલત કોણે સ્થાપી હતી ?
    (A) લોર્ડ ડેલહાઉસી (B) લોર્ડ રીપન
    (C) લોર્ડ કોર્નવોલિસ (D) લોર્ડ કર્ઝન
15. ભારતમાં પ્રથમ સામાન્ય ચૂંટણીઓ કયારે થઈ હતી? **(નોંધણી નિરીક્ષક પ્રશ્નપત્ર - 2002–GPSC Account Officer & Commercial Tax Officer Class 2- 2017)**
    (A) 1952 (B) 1954 (C) 1951 (D) 1950
    **(નોંધ: – ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી ઓક્ટોબર 1951 થી માર્ચ વચ્ચે 1952 આયોજીત થઈ હતી. તેથી વિકલ્પ (A) અને (C) બન્ને સાચા છે.)**
16. કયુ રાજ્ય લોકસભાની વધુ બેઠકોનું પ્રતિનિધિત્વ કરે છે?
    (A) મધ્યપ્રદેશ (B) બિહાર
    (C) ઉત્તર પ્રદેશ (D) મહારાષ્ટ્ર

**(4) GPSC– નોંધણી નિરીક્ષક પ્રશ્નપત્ર – 2 (વર્ગ– 2) વર્ષ – 2002**

17. ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક નીચેના પૈકી એક દ્વારા કરવામાં આવે છે ?
    (A) વડાપ્રધાન (B) પાર્લામેન્ટ
    (C) રાષ્ટ્રપતિ (D) કેન્દ્રના ગૃહપ્રધાન

**(5) GPSC – જૂનિયર સહાયક વિદ્યુત નિરક્ષક (વર્ગ–2) ઓગસ્ટ – 2005**

18. ભારતમાં યુનીયન પબ્લીક સર્વિસ કમિશનની નિમણૂક કોણ કરે છે?
    (A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન
    (C) ઉપરાષ્ટ્રપતિ (D) લોકસભા સદસ્યો
19. ભારતના બંધારણનું આમુખ કોણે તૈયાર કર્યુ છે? **(નાયબ ચિટનીસ - 2014)**
    (A) મહાત્મા ગાંધી (B) કનૈયાલાલ મુન્શી
    (C) ડૉ.બાબાસાહેબ આંબેડકર (D) જવાહરલાલ નહેરૂ

**(6) GPSC – નગરપાલિકા મુખ્ય અધિકારી (વર્ગ–2/3), પરીક્ષા તા. 03/12/2006**

20. કાયદા સમક્ષ સમાનતાના મૂળભૂત અધિકારની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવેલી છે? **(ગુજરાત વહીવટી સેવા વર્ગ 1/2- 2002 - બિન સચિવાલય કલાર્ક - 2002)**
    (A) 21 (B) 15 (C) 14 (D) 226

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | B | 2) | C | 3) | B | 4) | B | 5) | B | 6) | D | 7) | D | 8) | B | 9) | C | 10) | A |
| 11) | A | 12) | A | 13) | D | 14) | C | 15) | * | 16) | C | 17) | C | 18) | A | 19) | D | 20) | C |

YUVA UPNISHAD PUBLICATION DEMO COPY

1766. 1. સંઘ અને રાજ્ય વચ્ચે વિભાજીત કરી શકાય તેવા ચોખ્ખી કરની આવક અને રાજ્યોના હિસ્સાની વહેંચણી કરવી અને અન્ય વિભાજન પાત્ર સાધનોની વહેંચણીની દરખાસ્ત નાણા પંચ કરે છે.
2. એક અધ્યક્ષ અને 4 સભ્યો ધરાવતું નાણા પંચની નિમણૂક મા. રાષ્ટ્રપતિ કરે છે.
3. નાણા પંચની નિમણૂક છ (6) વર્ષ માટે કરવામાં આવે છે.

ઉપરોક્ત વાકયો ચકાસો :

(A) 1 અને 2 વાકયો યોગ્ય છે.
(B) 2 અને 3 વાકયો યોગ્ય છે.
(C) 1 અને 3 વાકયો યોગ્ય છે.
(D) 1, 2 અને 3 વાકયો યોગ્ય છે.

1767. 1. લોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક મા. રાષ્ટ્રપતિ કરે છે. રાજ્ય સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક મા. ગવર્નર કરે છે.
2. લોક સેવા આયોગમાં સભ્યની મહત્તમ ઉંમર 65 વર્ષ અને રાજ્ય સેવા આયોગના સભ્યની મહત્તમ ઉંમર 62 વર્ષ નક્કી કરવામાં આવેલ છે.
3. ભરતી બઢતી જેવી બાબતો માટે આયોગની સલાહ ફરજીયાત છે.

(A) 1, 2 અને 3 વાકયો યોગ્ય છે.
(B) 1 અને 2 વાકયો યોગ્ય છે.
(C) 1 અને 3 વાકયો યોગ્ય છે.
(D) 2 અને 3 વાકયો યોગ્ય છે.

1768. સંસદની દરેક રાજ્યની વિધાન મંડળની ચૂંટણીઓ ઉપર દેખરેખ દોરવાની અને નિયંત્રણની જવાબદારી ચૂંટણી આયોગમાં નિહિત થાય છે.

(A) 321 (B) 322
(C) 324 (D) 326

1769. 1. ધી લોકપાલ અને લોકાયુકટ એકટ 2013 તા. 1 જાન્યુઆરી 2014 થી અમલમાં આવેલ છે.
2. લોકપાલ સામાન્ય રીતે રાષ્ટ્રીય અને લોકાયુકત સામાન્ય રીતે સબંધીત રાજ્યની લાંચ રૂશ્વત અંગેની ફરીયાદો ધ્યાને લે છે.
3. લોકપાલ સંસ્થામા ચેરમેન ઉપરાંત મહત્તમ 8 સભ્યો હોય છે.

ઉપરોક્ત વાકયો ચકાસો :

(A) 1 અને 2 વાકયો યોગ્ય છે.
(B) 2 અને 3 વાકયો યોગ્ય છે.
(C) 1 અને 3 વાકયો યોગ્ય છે.
(D) 1, 2 અને 3 વાકયો યોગ્ય છે.

**(128) GSSSB Assistant Pharmacist DT- 16-03-2020**

1770. ભારતના મુખ્ય કાયદા અધિકારી (એટર્ની જનરલ) ની નિમણૂક કોણ કરે છે?

(A) રાષ્ટ્રપતિ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ
(C) વડાપ્રધાન (D) ઉપરાષ્ટ્રપતિ

**(129) GSSSB Assistant Binder DT-17-03-2020**

1771. ભારતના બંધારણ મુજબ, હાલમાં નીચેના પૈકી કયો હક્ક, 'મૂળભૂત હક્ક' રહેતો નથી?

(A) બંધારણીય ઈલાજોનો (B) સમાનતાનો
(C) શોષણ સામેનો (D) મિલકતનો અધિકાર

YUVA UPNISHAD PUBLICATION
DEMO COPY

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1766) | A | 1767) | A | 1768) | C | 1769) | D | 1770) | A | 1771) | D |

## લેખક વિશે

શ્રી અજય પટેલ (B.Sc.) UPSC / GPSC દ્વારા લેવાતી રાજય અને કેન્દ્ર સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓની સઘન તૈયારીઓનો બહોળો અનુભવ ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્ર સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. સુરત શહેરમાં વર્ષ 2011થી સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને માર્ગદર્શન અને દિશા–નિર્દેશન માટે તેમણે યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશનની શરૂઆત કરી અને હાલ તેઓ આ સંસ્થાના ડિરેકટર છે અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયાર કરાવતી જાણીતી સંસ્થા (SPIPA)માં પણ માર્ગદર્શન આપે છે.



અજય પટેલ

શ્રી સંજય ચતુરભાઈ પાઘડાળ B.A, M.A, B.C.J.P (પત્રકારત્વ) ની પદવી હાંસલ કરી છે. દક્ષિણ ગુજરાતમાં વર્ષ 2005થી 'ઉપનિષદ્ એકેડમી' ની શરૂઆત કરી. સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રમાં કાર્યરત જુદી જુદી અનેક સંસ્થાઓ સાથે તેઓ એક દાયકાથી વધુ સમયનો શિક્ષણ–પ્રશિક્ષણનો અનુભવ ધરાવે છે. તેમના માર્ગદર્શન હેઠળ અનેક વિદ્યાર્થીઓ સરકારના વિવિધ વિભાગની સેવામાં કાર્યરત છે. હાલ તેઓ સુરત સ્થિત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જાણીતી 'યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશન' સંસ્થાના ડિરેકટર છે અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયાર કરાવતી જાણીતી સંસ્થા (SPIPA)માં પણ માર્ગદર્શન આપે છે.



સંજય પાઘડાળ

## મુખ્ય વિશેષતાઓ :

- જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019
- નાગરિકતા (સુધારા) અધિનિયમ, 2019
- National Register of Citizens (NRC), National Population Register (NPR)
- કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણ અને દાદરાનગર હવેલીનું વિલિનિકરણ
- 104મો બંધારણીય સુધારો, 2019
- NIA, NDMA, SDMA, DDMA જેવી સંસ્થાઓનો સમાવેશ
- વર્ષ 2001 થી 2020 સુધીમાં વર્ગ-3ની પરીક્ષાઓમાં પૂછાયેલા પ્રશ્નોનું પ્રકરણવાર વિશ્લેષણ
- ઘણા પ્રકરણોનું પુનઃલેખન
- NCERT, GCERT અને અન્ય સંદર્ભ ગ્રંથો આધારિત પુસ્તક
- કુલ 77 પ્રકરણો અને સંબંધિત પરિશિષ્ટો સાથે ભારતની રાજવ્યવસ્થાનો સંપૂર્ણ પરિચય
- વર્ગ-3ની અગાઉની પરીક્ષાઓમાં પૂછાયેલા 1700+ પ્રશ્નોનો સમાવેશ


YUVA UPNISHAD PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Nr. Gujarat Gas Circle,
Adajan, Surat. Mo. 99094 49289